॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

# પુષ્ટિ પરિચાયીકા

## (પુષ્ટિમાર્ગ વિશે પ્રાથમિક પરિચય)

- પુષ્ટિમાર્ગનું તાત્પર્ય
- મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી
- શ્રી ગુસાંઈજી-શ્રી વિઠ્ઠલનાથજી
- શ્રી વલ્લભકુળ પરંપરા
- પુષ્ટિમાર્ગના પ્રમાણ ગ્રંથો
- વૈષ્ણવ ધર્મ
- ભક્તિમાર્ગ
- પુષ્ટિમાર્ગ
- પુષ્ટિમાર્ગીય દીક્ષા
- સમર્પણ
- શરણાગતિ
- અનન્યાશ્રય-અન્યાશ્રય
- પુષ્ટિ-આચાર
- પરમતત્વ શ્રીકૃષ્ણ
- પુષ્ટિ-સેવ્ય-સ્વરૂપો
- પુષ્ટિ-સેવા
- પુષ્ટિ-સત્સંગ
- શિક્ષાપત્ર-સાર
- શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ
- પુષ્ટિમાર્ગ અને જીવન વ્યવહાર
- પુષ્ટિમાર્ગના પાયાનું ઘડતર



લેખક :- જયેન્દ્રભાઈ સોની મુંબઈ

-: પ્રકાશક :-

શ્રીવલ્લભ પ્રકાશન

(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)

॥ શ્રી હરિ ॥

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥



**ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ**

(શુ.તૃ. ગૃહાધિપતિ કાંકરોલી)

શ્રી બેઠક મંદિર, દ્વારકેશબાગ, વડોદરા.

**શ્રી જયેન્દ્રભાઇ સોની**

મુંબઇ

# શુભાશીર્વાદ

તમારા ચિન્તનથી વિકસેલ વિચારોને સાકાર સ્વરૂપ આપી તમોએ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવજનને પુષ્ટિમાર્ગનો સંપૂર્ણ પરિચય સરળ રીતે થઇ શકે તે ઉદ્દેશ્યથી પુસ્તિકા **પુષ્ટિ પરિચાયીકા** ને સંપ્રદાય રૂપી સમુદ્રમાં નૌકાની જેમ તરતી મુકી છે. તેનું અવલોકન કરતાં અત્યંત પ્રસન્નતા થાય છે.

વાસ્તવમાં તમારો આ પ્રયાસ સાગરને ગાગરમાં સમાવવાનો અને સ્તુત્ય છે.

સદર પુસ્તિકાનું વાંચન-મનન કરી વૈષ્ણવજન તેમના જીવનને શ્રી... પ્રભુ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજીના શ્રી ચરણોમાં સમર્પિત કરે એજ મંગલ કામના.

ભવદીય

ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ

(કાંકરોલી)

# ❋ પુષ્ટિ પુષ્પ ગુચ્છ ❋


| પુષ્પ નંબર | પુષ્ટિ પરિચાયિકા | પાના નં. |
|---|---|---|
| ૧ | પુષ્ટિમાર્ગ નું તાત્પર્ય | ૧ |
| ૨ | મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી | ૮ |
| ૩ | શ્રીગુસાંઇજી – શ્રીવિઠ્ઠલનાથજી | ૧૫ |
| ૪ | શ્રીવલ્લભકુળ પરંપરા | ૨૧ |
| ૫ | પુષ્ટિમાર્ગના પ્રમાણ ગ્રંથો | ૨૬ |
| ૬ | વૈષ્ણવ ધર્મ | ૩૫ |
| ૭ | ભક્તિમાર્ગ | ૪૩ |
| ૮ | પુષ્ટિમાર્ગ | ૫૧ |
| ૯ | પુષ્ટિમાર્ગીય દિક્ષા | ૫૭ |
| ૧૦ | સમર્પણ | ૬૫ |
| ૧૧ | શરણાગતિ | ૭૦ |
| ૧૨ | અનન્યાશ્રય – અન્યાશ્રય | ૭૫ |
| ૧૩ | પુષ્ટિ–આચાર | ૮૦ |
| ૧૪ | પરમ તત્વ શ્રીકૃષ્ણ | ૮૫ |
| ૧૫ | પુષ્ટિ–સેવ્ય–સ્વરૂપો | ૯૪ |
| ૧૬ | પુષ્ટિ–સેવા | ૧૦૧ |
| ૧૭ | પુષ્ટિ–સત્સંગ | ૧૧૦ |
| ૧૮ | શિક્ષાપત્ર–સાર | ૧૧૭ |
| ૧૯ | શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ | ૧૨૬ |
| ૨૦ | પુષ્ટિમાર્ગ અને જીવન વ્યવહાર | ૧૩૫ |
| ૨૧ | પુષ્ટિમાર્ગના પાયાનું ઘડતર | ૧૪૩ |



## આપના બાળકોને પુષ્ટિમાર્ગીય સંસ્કાર આપો

બાળકોને નાનપણથીજ પુષ્ટિમાર્ગ વિશે પાયાની સમજણ આપવી આવશ્યક છે. તે માટે શ્રી વાક્પતિ ફાઉન્ડેશને **શ્રી શુધ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા** ઉપક્રમ શરૂ કર્યો છે. આપના ગામમાં આવી પાઠશાળા આપ સ્થાપી શકો છો. વધુ વિગત માટે માર્ગદર્શિકા મંગાવો. **પુષ્ટિ બાલપોથી ભાગ ૧ થી ૪** પણ પ્રાપ્ત કરી આપ ઘેર બેઠાં આપના બાળકોને સંપ્રદાયીક જ્ઞાન આપી શકો છો.

પુષ્પ - ૧

# ※ પુષ્ટિમાર્ગ નું તાત્પર્ય ※

ભગવાને આ સૃષ્ટિની રચના કરી છે. આપણી આસપાસ જડ-ચેતન જે પણ પદાર્થો દેખાય છે, પક્ષીઓ, પ્રાણીઓ, જીવ, જંતુ, વૃક્ષો, પહાડો, નદીઓ અને માણસો પણ, આ સર્વ કાંઇ ભગવાને બનાવ્યું છે.

ભગવાન સર્વ શક્તિમાન છે. તે ધારે તે બધુંજ કરી શકે છે. ન હોય તેને પેદા કરી શકે છે. હોય તેને મીટાવી શકે છે. તે સર્વ પદાર્થો-પ્રાણીમાત્રમાં છુપાયેલ છે. સર્વમાં તેનો વાસ છે.

આપણે સૌ ભગવાનમાંથી છુટા પડયા છીએ. આ વાતને હજારો વર્ષ વિતી ગયા છે. આપણે જન્મ લઇએ. પછી મૃત્યુ પામીએ. ફરી પાછો આપણો બીજા જન્મ થાય. આમ આપણા અનેક જન્મો થયા છે. આપણા અનેક પ્રકારના જન્મ થયા છે. ક્યારેક કયા રૂપે. ક્યારેક કોઇ બીજા રૂપે. આપણે આ જન્મમાં જેવા કાર્ય કરીએ તે પ્રમાણે આપણો બીજો જન્મ થાય. આપણા કાર્યો આપણી સાથે બંધાયેલ રહે છે. તે કાર્યોનું ફળ આપણને પ્રાપ્ત થાય છે. તે ફળરૂપે આપણો નવો જન્મ થાય છે. નવો જન્મ થતાં આપણે આગલા જન્મની વાત ભુલી જઇએ છીએ. પરંતુ કોઇકને તે યાદ પણ રહે છે. પુરાણોમાં તેના અનેક પ્રમાણો છે.

આ સમયે આપણો જન્મ મનુષ્ય રૂપે થયો છે. કહેવાય છે કે ચોરાશી લાખ યોની એટલે કે અનેક પ્રકારના જીવ, જંતુ,

પ્રાણી વગેરેમાં જન્મ લીધા પછી આ મનુષ્યનું શરીર આપણને પ્રાપ્ત થાય છે.

એ આપણું સદ્ભાગ્ય છે કે આ જન્મે આપણને મનુષ્ય દેહ મળ્યો છે. સદ્ભાગ્ય એટલા માટે કે અનેક બીજા બધા પ્રકાર કરતાં મનુષ્ય દેહ ઉત્તમ છે. અન્ય પ્રાણીઓ, જીવજંતુ કરતાં મનુષ્ય ભાગ્ય શાળી છે. ભગવાને તેને પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને એક મન આપ્યું છે. આ બધી ઇન્દ્રિયોથી તે વિવિધ પ્રકારના કાર્યો કરી શકે છે. ભગવાને તેને બુધ્ધિ પણ આપી છે. તે સારૂં ખોટું વિચારી શકે છે. આવી સર્વ શક્તિઓ બીજા પ્રાણી કે જીવજંતુંમાં હોતી નથી. માટે મનુષ્યની કક્ષા શ્રેષ્ઠ છે.

આપણે વારંવાર જન્મ અને મૃત્યુના ફેરામાં હજારો વર્ષોથી અટવાયા છીએ. આમાં આપણે ઘણા કષ્ટ ભોગવવા પડે છે. અનેક વર્ષોથી આપણે અનેક પ્રકારની તકલીફો ભોગવતા આવ્યા છીએ. બીજી યોનીયોમાં જન્મ થતાં આપણે આપણા હિતની વાત વિચારી શકતા નથી. પરંતું મનુષ્ય દેહ પ્રાપ્ત થતાં આપણે ઘણું બધું જાણી શકીએ છીએ, વિચારી શકીએ છીએ અને તે મુજબ આચરણ કરી શકીએ છીએ. આમ મનુષ્ય જન્મ એ ઉત્તમ પ્રકારનો જન્મ છે.

મનુષ્ય જન્મ ઉત્તમ હોવા છતાં આપણે સારાં ખોટાં અનેક અનુભવો કરીએ છીએ. મનુષ્ય અનેક પ્રકારના દુર્ગણો વાળો બને છે. તેનામાં ઇર્ષા, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ વગેરે ઘણા દુષણો પ્રવેશ કરે છે. આના કારણે તે અનેક પ્રકારના દુષ્કૃત્યો કરે છે. તેના કારણે તેને તેવા કાર્યોના ફળ ભોગવવા ફરી જન્મ લેવા પડે છે અને જન્મ-મરણના ચક્કરમાં તે ફરી ફસાય છે. આવી પરિસ્થિતિમાંથી બહાર નિકળવાનો વિચાર તે આ મનુષ્ય જન્મમાં કરી શકે છે. આ જન્મમરણના ફેરામાં ફરી ન

અટવાવું પડે તે વિશે તે આ મનુષ્ય જન્મમાં વિચારી શકે છે, અને તેનો ઉપાય કરી શકે છે.

ભગવાનમાં એક તત્વ આનંદ છે. આપણે ભગવાન થી છુટા પડયા એટલે આ આનંદ તત્વ આપણાંમાં રહ્યું નથી. માટે આપણે દુઃખી છીએ. આપણે અશાંતિ અનુભવીએ છીએ. સર્વ કોઇ ખુશ રહેવા ઇચ્છે છે. સર્વ કોઇ આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે છે.

ઘણીવાર આપણને મનગમતી વાતમાંથી આનંદ મળે છે. આપણને ધારેલી વસ્તુઓ મળે તો આપણને આનંદ થાય છે. પરંતુ આવો આનંદ કાયમ ટકતો નથી. કોઇ પદાર્થ આપણને બહુ ભાવતો હોય તો તે ખાઇએ ત્યાં સુધી તેનો આનંદ રહે. તે કાયમ ટકે નહીં. રમતમાં આનંદ આવતો હોય તો રમત રમીએ ત્યાં સુધી તેનો આનંદ રહે. કોઇકની સાથે રમતમાં વાંધો પડયો એટલે તે આનંદ સમાપ્ત થઇ જાય. આમ આ પ્રકારનો આનંદ કાયમ માટેનો નથી, શાશ્વત નથી.

શાશ્વત આનંદ કોણ આપી શકે ? સ્વાભાવિક છે કે તેવો કાયમી આનંદ તેજ આપી શકે જેની પાસે તે અખુટ હોય, જે કેટલો પણ આપતાં તેની પાસે ખુટે નહીં.

આવો આનંદ એક માત્ર ભગવાન જ આપી શકે. કારણ તે પોતેજ આનંદરૂપ છે આનંદનો તેની પાસે ભંડાર ભરેલો છે. ભગવાનને શ્રૃતિઓએ 'પુર્ણાનંદ' કહ્યા છે. વળી કહ્યું છે પુર્ણમાંથી પુર્ણ લઇ લો તો પણ પૂર્ણજ રહે. ગણિતનો પણ આજ સિધ્ધાંત છે. અનંતમાંથી અનંત કાઢીલો તો પણ અનંત જ રહે.

આમ મનુષ્યને કાયમી આનંદની પ્રાપ્તિ ત્યારેજ થાય જ્યારે તે ભગવાનને મેળવે. પોતે જે અનેક પ્રકારના દુઃખો ભોગવે છે અને અનેક યોનીમાં ભટકે છે, તે ત્યારેજ સમાપ્ત થઇ શકે જ્યારે તે ભગવાનને પ્રાપ્ત કરે, જ્યારે ફરીથી તે ભગવાન સાથે જોડાઇ જાય.

ભગવાન સાથે જોડાવું તેને 'મોક્ષ' કહેવાય છે. જન્મ-મરણના ફેરામાંથી બહાર નીકળી જવું એટલે મોક્ષ પ્રાપ્ત થયો તેમ કહેવાય. મોક્ષ એટલે મુક્તિ. આ જન્મ-મરણની વારંવારની ઘટનામાંથી મુક્ત થઇ જવું તે મોક્ષ. બીજા શબ્દોમાં કહીએતો ભગવાનને પ્રાપ્ત કરી લેવા, ભગવાનમાં લીન થઇ જવું તે મોક્ષ.

દુનિયાના ઘણા સંત મહાત્માઓ, આપણા પ્રાચીન ઋષિમુનીઓએ તે વિષે ચિંતન કર્યું છે. પોતપોતાના અનુભવોના આધારે અલગ અલગ ચિન્તકોએ અલગ અલગ ઉપાય બતાવ્યા છે. આપણા શાસ્ત્રોએ પણ મોક્ષ પ્રાપ્તિના ઘણા રસ્તા બતાવ્યા છે.

સૌનું લક્ષ એકજ છે - મોક્ષ પ્રાપ્તિ. પરંતુ રસ્તા જુદા જુદા વિદ્વાનોએ, શાસ્ત્રોએ જુદા જુદા બતાવ્યા છે. આ વાત સ્વાભાવિક પણ છે. એકજ સ્થળે પહોંચવાના અનેક રસ્તાઓ હોઇ શકે. અલગ અલગ રસ્તા પકડીને પણ સહુ પહોંચે છે- પોતાના અંતિમ લક્ષ ઉપર. જોકે એ વાત જુદી છે કે કોઇ રસ્તો સરળ હોય, કોઇ મુશ્કેલી વાળો, કોઇ ટુંકો હોય. કોઇ લાંબો હોય, તેજ પ્રમાણે ભગવાન તરફ જવાના, મોક્ષ પામવાના પણ ઘણા રસ્તા બતાવવામાં આવ્યા છે.

ભગવાનને ઇશ્વરના નામે પણ સંબોધન કરાય છે. દુનિયાના વિવિધ ધર્મોએ ઇશ્વરને પોતે પોતાની રીતે ઓળખવાની કોશિષ કરી છે. પરંતુ એક વાત ચોક્કસ છે કે દુનિયાનો લગભગ પ્રત્યેક મનુષ્ય ઇશ્વરીય શક્તિનો સ્વિકાર કરે છે.

આપણા ભારતમાં હિન્દુધર્મનું પ્રાધાન્ય રહેલું છે. હિન્દુધર્મ ઘણો પ્રાચીન છે. તે પ્રમાણે ભગવાનની પ્રાપ્તિના મુખ્ય ત્રણ માર્ગ બતાવવામાં આવ્યા. તે છે (૧) કર્મ માર્ગ (૨) જ્ઞાન માર્ગ (૩) ભક્તિ માર્ગ.

કર્મ માર્ગ મનુષ્ય દ્વારા કરાતા વિવિધ કર્મો એટલે કે

કાર્યો પર આધારિત છે. તેમાં શાસ્ત્રો દ્વારા બતાવેલ જુદા જુદા પ્રકારના યજ્ઞ, પૂજા, વ્રત, જપ વગેરે કરવાની આવશ્યક્તા હોય છે. આ કાર્યો મનુષ્ય કોઇ વિશેષ ઉદેશ્યથી કરે છે તેને 'સકર્મ' કહેવાય છે અને કોઇ ખાસ હેતુ વગર જે કરે છે તેને 'નિષ્કામ કર્મ' કહેવાય છે. આમ વિવિધ પ્રકારની ઉપાસના દ્વારા મનુષ્ય ભગવાનને મેળવવાની કોશિષ કરે છે તેને 'કર્મ માર્ગ' કહેવાય છે, આ માટે મનુષ્યએ ઘણો કષ્ટ કરવો પડે છે અને લાંબા સમય સુધી પુજા-ઉપાસના વગેરે કરવી પડે છે.,

બીજો **જ્ઞાન માર્ગ** છે. આ માર્ગ પકડનાર મનુષ્યે ધર્મશાસ્ત્રના ઉંડા અભ્યાસ દ્વારા ઇશ્વરને સમજવા કોશિષ કરવી પડે છે. જેમ જેમ તે ઇશ્વર વિશેના જ્ઞાનમાં ઉંડો ઉતરતો જાય તેમ તે બધીજ વસ્તુઓને ઇશ્વર સ્વરૂપે જુએ છે અને અંતે મોક્ષ પ્રાપ્ત કરે છે.

ત્રીજો **ભક્તિ માર્ગ**. તે ઇશ્વરની આરાધનાનો માર્ગ છે. ભક્તિ એટલે ભગવાનની પ્રેમપૂર્વકની સેવા. આમાં મનુષ્ય ભગવાનને આધિન થઇને રહે છે. ભગવાનને સુખ થાય એમ હંમેશાં વિચારે છે. ભગવાનની કથા સાંભળવી, ભગવાનના ભજન-કિર્તન કરવાં, ભગવાનને યાદ કરવા, ભગવાનને વંદન કરવા, પોતે ભગવાનનો દાસ છે તેમ માનીને રહેવું તે ભક્તિમાર્ગના મુખ્ય અંગ છે. આમ વિવિધ પ્રકારની ભક્તિ દ્વારા તે ભગવાનની કૃપા પ્રાપ્ત કરી મોક્ષ પામી શકે છે.

આમ ભક્તિમાર્ગ આ ત્રણેય પ્રકારમાં ભગવાનને પ્રાપ્ત કરવાનો સૌથી સરળ માર્ગ છે.

પરંતું આ ભક્તિના પણ બે પ્રકાર છે. (૧) મર્યાદા ભક્તિ અને (૨) પુષ્ટિ ભક્તિ. મર્યાદા ભક્તિ મનુષ્યના સાધન ઉપર આધાર રાખે છે. જ્યારે પુષ્ટિ ભક્તિ ભગવાનની પોતાની

કૃપા ઉપર આધાર રાખે છે. માટે પુષ્ટિ ભક્તિનો પ્રકાર સર્વોત્તમ માનવામાં આવ્યો છે. આ પુષ્ટિભક્તિના પ્રકારને બીજા શબ્દોમાં પુષ્ટિમાર્ગના નામથી ઓળખવામાં આવે છે. આ માર્ગ બતાવનાર આચાર્ય શ્રીવલ્લભાચાર્યજી છે. તેમણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી, તે સર્વના સાર રૂપ ભગવાનને પ્રાપ્ત કરવાનો સહેલામાં સહેલો માર્ગ પુષ્ટિમાર્ગ બતાવ્યો છે. તે માર્ગ સરળ એટલા માટે છે કે તે મનુષ્યના કોઇ સાધન જપ-તપ-યજ્ઞ વગેરે ઉપર આધાર રાખતો નથી, પરંતું ભગવાન જેના ઉપર કૃપા કરવા ઇચ્છે તેને તે મળી શકે છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ સમજાવ્યું છે કે મનુષ્ય ભગવાનમાંથી છુટો પડેલો જીવ છે માટે તે તેમનો દાસ છે. દાસ તરીકે તેનું મુખ્ય કાર્ય ભગવાનમાં પ્રેમ રાખી તેમની સેવા કરવાનું છે. તેનું સર્વસ્વ ભગવાનજ છે. જેને તે પોતાનું માને છે તે સર્વ ભગવાનનું છે અને તેનો ઉપયોગ તેમને માટેજ કરવાનો છે. તેનું પોતાનું કાંઇ સામર્થ્ય નથી તેમ સમજી તેને ભગવાનને આશ્રિત થવાનું છે. આમ સમર્પણ પૂર્વક ભગવાનની શરણાગતી સ્વિકારી સહજ ભાવે, પોતાની ફરજ સમજી નિત્ય સ્નેહપૂર્વક ભગવાનની સેવા કરનાર મનુષ્ય જ્યારે ભગવાનમાં એક ચિત્ત બની જાય છે, ત્યારે ભગવાન અવશ્ય તેના ઉપર અનુગ્રહ કરી પોતાનો અનુભવ કરાવે છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાન પ્રત્યેનો સાહજીક સ્નેહ આવશ્યક છે. ભગવાન પ્રત્યે જો પ્રેમ જાગેતો મનુષ્યને સતત તેમના જ વિચારો આવે. હંમેશા તેમને સુખ થાય તેવું આચરણ કરે. પોતાના જીવનના પ્રત્યેક વ્યવહારમાં પોતાના ભગવાન જ કેન્દ્રમાં હોય. તેની દરેક ક્રિયા પોતાના પ્રભુના સુખ માટેજ હોય. એક ક્ષણ પણ તેને તેમના વગર ચાલે નહીં, ગમે નહીં. જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે ભગવાન

પણ તેની સાથે ઓતપ્રોત થઇ જાય.

આ પ્રમાણે પુષ્ટિમાર્ગ એ કોઇ અલગ પ્રકારની સાધનાનો માર્ગ નથી. પરંતુ તે મનુષ્યની એક પ્રકારની જીવન શૈલી છે જેમાં માણસ પોતાના ઘરમાં રહી પોતાના કુટુંબ સાથે સામાન્ય જીવન જીવતાં જીવતાં પોતાના પ્રભુની પ્રેમપૂર્વક, ભાવપૂર્વક સમર્પિત થઇ સેવા કરતાં કરતાં ભગવાનની કૃપા મેળવવા ભાગ્યશાળી બની શકે છે. અને આવી કૃપા થતાં તેને ભગવદ્ પ્રાપ્તિ થઇ શકે છે.

આ માર્ગની બીજી એક વિશેષતા એ છે કે તેના દ્વારા કેવળ ભગવાનમાં લીન થઇ મોક્ષ પ્રાપ્તિનું ફળજ નથી મળતું. પરંતું સાક્ષાત પરબ્રહ્મ પરમાત્માની પ્રત્યક્ષ સેવાનો આનંદ પ્રાપ્ત થાય છે. સ્વયં ભગવાનના સાનિધ્યનો આવો ઉચ્ચતમ આનંદ અન્ય કોઇ પણ માર્ગ દ્વારા સંભવ નથી.

આમ પુષ્ટિમાર્ગ, કેવળ કોઇ ક્રિયા માત્ર નથી, કોઇ દેખાવ કે આડંબર નથી, કોઇ કલ્પિત વિચાર નથી. કોઇના પર પણ કૃપા કરવાના ભગવાન શ્રીકૃષ્ણની સર્વ સમર્થતા ઉપર આ માર્ગ આધારિત છે, કારણ કે શ્રીકૃષ્ણ પોતે પુર્ણ પુરૂષોત્તમ પરમાત્માનું એક માત્ર સ્વરૂપ હોઇ તેની સ્નેહપુર્વક દ્રઢ ભાવથી ભક્તિ કરવાની આજ્ઞા આ માર્ગના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કરેલી છે. આપશ્રીની આજ્ઞાનુસાર તેમનામાં વિશ્વાસ રાખી જો અનન્યભાવે ભગવાન શ્રીકૃષ્ણને સેવામાં આવે તો મનુષ્ય જે શાસ્વત આનંદનો અનુભવ કરવા ઇચ્છે છે તે અવશ્ય પ્રાપ્ત થઇ શકે છે. **આજ છે-પુષ્ટિમાર્ગનું તાત્પર્ય**. એટલે તે વિશે વધુ જાણવું આવશ્યક ગણાય.

*

(પુષ્પ - ૨)

# ✻ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી ✻

ભારતવર્ષે આદિકાળથી ઘણા સંત, મહાત્મા, વિચારકો અને આચાર્યોને જન્મ આપ્યો છે. સમય સમય પર આ મહાપુરૂષોએ મનુષ્યના જીવનના ઉત્કર્ષ માટે વેદ, શાસ્ત્રો, ઉપનિષદોનું દોહન કરી તત્વ ચિંતન કર્યું છે. પાંચ સૈકા પહેલાંનું ભારત મુસ્લીમ આક્રમકોથી ત્રસ્ત થયેલું હતું. તે પહેલાં ભારતમાં બૌધ્ધ ધર્મ વિશેષ પ્રમાણમાં ફેલાયેલો હતો, જેના વિચારોનું હિન્દુ ધર્મ ઉપર ભારે આક્રમણ હતું. આઠમી સદીમાં આદિ શંકરાચાર્યજીએ બૌધ્ધ ધર્મના શુન્યવાદને રોકવા ઘણો પુરૂષાર્થ કર્યો હતો પરંતુ તેમની માયાવાદની વિચાર ધારા, જે બ્રહ્મને તો સત્ય માનતી પરંતુ જગત ને મિથ્યા અથવા ભ્રમ માત્ર પ્રતિપાદિત કરતી, તેના કારણે મનુષ્ય પોતાના જીવનમાં તે સિધ્ધાંત આચરવામાં મુશ્કેલી અનુભવવા લાગ્યો. જ્ઞાન અને કર્મ એ સામાન્ય વ્યક્તિ માટે મુશ્કેલ બાબત હતી ત્યારે કેટલાક આચાર્યોએ જ્ઞાનને બદલે ભક્તિમાર્ગનો ઉપદેશ કરેલો જેમાં અગીયાર મી સદીમાં થયેલ શ્રીરામાનુજાચાર્ય, બારમી સદીમાં થયેલ નિમ્બાર્કાચાર્ય, તેરમી સદીમાં થયેલા શ્રીમધ્વાચાર્ય અને પંદરમી સદીમાં થયેલ શ્રીવલ્લભાચાર્યજી અલગ અલગ પ્રકારે ભક્તિમાર્ગના પ્રવર્તક બન્યા.

આવા સંક્રાતિકાળમાં શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટય વિશિષ્ટ પ્રકારનું અને વિશિષ્ટ હેતુયુક્ત હતું. તેમના પૂર્વજો આંધ્ર પ્રદેશના

કાંકરવાડ ગામના નિવાસી હતા. તેઓ જ્ઞાતિએ તૈલંગ બ્રાહ્મણ હતા. તેમના પૂર્વપુરૂષ શ્રીગોવિંદાચાર્ય વિષ્ણુસ્વામિ સંપ્રદાયના અનુયાયી હતા. શ્રીવલ્લભાચાર્યજીની પૂર્વમાં પાંચમી પેઢીએ યજ્ઞનારાયણ ભટ્ટે સૌ પ્રથમ સોમયજ્ઞ કર્યો જેની ફલશ્રૃતિ રૂપે યજ્ઞની વેદીમાંથી સાક્ષાત ચતુર્ભુજ ભગવાને પ્રકટ થઇ ભટ્ટજીને વરદાન આપ્યું કે 'તમારા કુળમાં સો સોમયજ્ઞ પૂરા થયે હું પોતે પુત્ર સ્વરૂપે તમારા વંશમાં અવતાર ધારણ કરીશ'. આ ભગવદ્ આજ્ઞાને પરિણામે શ્રીવલ્લભના પિતા લક્ષ્મણ ભટ્ટજીએ છેલ્લા પાંચ સોમયજ્ઞ પૂરા કરી સોનો આંકડો પૂરો કર્યો એટલે સંવત ૧૫૩૫ ના ચૈત્ર વદ અગીયારસને દિવસે મધ્યપ્રદેશમાં ચંપારણ્ય નામના વનપ્રદેશમાં માતા ઇલ્લામાગારૂજીની કૂખે શ્રીવલ્લભનું પ્રાકટ્ય થયું. લક્ષ્મણ ભટ્ટજી ત્યારે પરિવાર સાથે મુસલમાન બાદશાહના આક્રમણને કારણ ભયભીત થઇ કાશીથી વતન જવા નિકળેલા. રસ્તામાં રાત્રિના અંધકારમાં પત્નિને અધુરા માસે પ્રસવ થતાં નિશ્ચેતન માની ગર્ભને વસ્ત્રમાં લપેટી એક વૃક્ષની બખોલમાં મુકી આગળ વધ્યા. રાત્રે જ્યાં મુકામ કરેલો ત્યાં નિંદ્રામાં સ્વપ્નદ્વારા લક્ષ્મણ ભટ્ટજીને ભગવાનનો સંદેશ મળ્યો- 'હું તમારે ત્યાં પુત્ર રૂપે પ્રકટ થયો છું.' સવારે પાછા આવી જોયું તો વૃક્ષની પાસે અગ્નિના કુંડાળા વચ્ચે દિવ્ય નવજાત શિશુ રમતું હતું. માતા બાલકને લેવા ગયાં તો અગ્નિએ માર્ગ કરી દીધો. આમ આ દિવ્ય આત્માનો પરિચય પ્રકટ થતાંજ લોકોને થઇ ગયો.

સંસ્કૃતમાં વલ્લભનો અર્થ વહાલું થાય. નામ પ્રમાણેજ તેમના ગુણ હતા. ખુબજ નાની વયમાંજ તેમણે વેદ, વેદાંત, દર્શન પુરાણ ઇત્યાદિ અનેક શાસ્ત્રોમાં નિપુણતા મેળવી લીધેલી હતી. તેમણે જૈન, બૌધ્ધ, શૈવ, શાક્ત વગેરે અન્ય ગ્રંથોનો પણ ઉંડો અભ્યાસ કર્યો હતો. બાલ્યાવસ્થામાંજ આવી કુશાગ્ર બુધ્ધિ અને

વિદ્વતા જોઇ પંડિતો તેમને ખુબજ આદરથી 'વાક્પતિ' કહીને સંબોધતા. અગીયાર વર્ષની વયે તેમણે કાશી અને જગન્નાથ પુરીના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી તેમના ઉપર વિજય પ્રાપ્ત કરી તેઓ પરમ વિદ્વાન તરીકે પ્રસિધ્ધિ પામ્યા હતા. પોતાના પ્રેમલક્ષણા ભક્તિ અને સાકાર બ્રહ્મવાદના સિધ્ધાંતના વ્યાપક પ્રચારાર્થે તેઓએ તેર વર્ષની વયે પ્રથમ ભારત યાત્રા કરી સમગ્ર ભારતમાં ઉત્તરમાં બદ્રિકેદાર થી દક્ષિણમાં રામેશ્વર અને પુર્વમાં ગંગાસાગરથી પશ્ચિમમાં દ્વારકા સુધીના અનેક સ્થળોએ ભ્રમણ કરી કૃષ્ણભક્તિનો સંદેશ ભારતના ખુણે ખુણે પહોંચાડયો હતો. આ સમગ્ર યાત્રા તેઓએ ખુલ્લા ચરણે ચાલીને કરેલી. ગામ બહાર કોઇ જળાશયના કિનારે વૃક્ષની છાયામાં તેઓ મુકામ કરતા અને જાતે રસોઇ સિધ્ધ કરી પોતના ઠાકોરજીને ભોગધરી ભોજન કરતા. પોતાના સેવક સિવાય અન્ય કોઇનું કાંઇ ગ્રહણ ન કરતાં, વિવિધ સ્થળોએ શ્રીભાગવતજીનું પારાયણ કરતા અને જે તે સ્થળોએ અન્ય મતાનુયાયીઓ સાથે શાસ્ત્ર-ચર્ચા કરી પોતાના મત- 'શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કરતા. દૈવીજીવોને શરણે લઇ ભગવત્ સેવાનું માહાત્મ્ય સમજાવતા. પ્રથમ યાત્રા પછી ફરી બે વખત ભારત ભ્રમણ કર્યું હતું. જેમાં કુલ ૨૧ વર્ષ પોતે વિતાવ્યા હતાં. જે જે સ્થળોએ પોતે શ્રીભાગવતજીના પારાયણ કર્યા તે તે સ્થળો આજે પણ આપની બેઠકજીઓના નામે ઓળખાય છે, જે કુલ ૮૪ છે. વૈષ્ણવ શ્રધ્ધાળુઓ આજે પણ આ બેઠકજીમાં શ્રીવલ્લભાચાર્યજી ભાવાત્મક રૂપે બિરાજે છે તેમ માની તેમના દર્શનાર્થે જાય છે.

શ્રીવલ્લભાચાર્યજીએ અનેક સ્થળોએ વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરેલો જેમાં જગન્નાથપુરી, ઓડછા, ઉજ્જૈન, વિજયનગર અને પાટણમાં થયેલ શાસ્ત્રાર્થો ખુબજ જાણીતા છે. જગન્નાથપુરીમાં ત્યાંના રાજાની સભામાં ચર્ચાયેલ ચાર પ્રશ્નોના જવાબ ભગવાન

શ્રીજગન્નાથજી દ્વારા મેળવી આપ્યા હતા. પ્રશ્ન હતા– મુખ્ય શાસ્ત્ર કયું ? મુખ્ય દેવ કોણ ? મુખ્ય મંત્ર કયો ? મુખ્ય કર્તવ્ય શું ? શ્રીજગન્નાથજી પાસે કોરો કાગળ કલમ મુકી દ્વાર બંધ કરી દેવામાં આવ્યા ત્યારે ઉત્તર રૂપે શ્લોક લખાયેલ મળ્યો. 'એકં શાસ્ત્રં દેવકી પુત્ર ગીતમ્, એકો દેવો દેવકી પુત્ર એવ, મંત્રોપ્યેકંસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા' અર્થાત 'શ્રીકૃષ્ણએ ગાયેલી ગીતા તે મુખ્ય શાસ્ત્ર, દેવકીપુત્ર શ્રીકૃષ્ણ એ મુખ્ય દેવ, તેના નામનું રટણ તે મુખ્ય મંત્ર અને તેની સેવા તે મુખ્ય કર્તવ્ય.' -

મધ્ય પ્રદેશમાં ઓડછામાં ઘટ સરસ્વતિ નામના તાંત્રિક વિદ્વાનને હરાવી તેમને કનકાભિષેકનું સન્માન પ્રાપ્ત કર્યું હતું. ઉજ્જૈનમાં સેંકડો માયાવાદીઓએ એક સાથે પ્રશ્નોની ઝડી વરસાવતાં જેટલા બ્રાહ્મણો હતા તેટલાં મુખ ધારણ કરી સૌને એક સાથે ઉત્તર આપી નિરૂત્તર કર્યા હતા. વિજયનગરની રાજયસભામાં માયાવાદી ઓ સાથે અઠ્ઠાવીસ દિવસ લાગલગાટ શાસ્ત્રાર્થ કરી 'બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કર્યું હતું, જેથી ત્યાંના રાજા કૃષ્ણદેવે તેમનો કનિકાભિષેક કરી પોતે વૈષ્ણવ ધર્મ સ્વિકાર કર્યો હતો. કાશીમાં શ્રીકાશીવિશ્વનાથ મહાદેવજીના મંદિરના દ્વારે તેમને 'પત્રાવલંબન' નામના ગ્રંથની રચના કરી લગાડયો હતો, જેમાં તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા ઇચ્છનાર વિદ્વાનોના મનનું સમાધાન થઇ જતું. પાટણમાં પણ જૈન મુનિઓ સાથેના શાસ્ત્રાર્થની ઐતિહાસિક નોંધ છે.

બીજી ભારત યાત્રા દરમ્યાન પઢંરપુરમાં શ્રીવિઠોબા ભગવાનની આજ્ઞાથી પોતે લગ્ન કરી ગૃહસ્થાશ્રમ સ્વિકાર્યો હતો. તેનાથી તેમને બે પુત્ર રત્ન પ્રાપ્ત થયેલા જેમાં મોટા પુત્રનું નામ શ્રીગોપીનાથજી હતું, જેમનો એક પુત્ર પછી વંશ આગળ ન ચાલ્યો જયારે નાના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીને સાત પુત્રો હતા

અને તેઓનો વંશ આજે 'શ્રીવલ્લભકુળ' ના નામથી પ્રસિધ્ધ છે અને શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગની પરંપરાને નિભાવી રહ્યો છે.

એજ સમય દરમ્યાન વ્રજમાં ગિરિરાજજી ઉપર શ્રીનાથજીના પ્રાકટયના સમાચાર પ્રાપ્ત થતાં પોતે વ્રજમાં પધાર્યા અને ત્યાંના વ્રજવાસીઓ પાસેથી હકિકત જાણી ગિરિકંદરામાંથી શ્રીનાથજીના સ્વરૂપને મંદિરમાં પધરાવી તેમનો સેવા પ્રકાર શરૂ કર્યો. શ્રીનાથજીને સાક્ષાત શ્રીકૃષ્ણનું બાળસ્વરૂપ માનવામાં આવે છે. જે હાલ ઉદેપુર પાસે નાથદ્વારમાં બિરાજે છે. શ્રીનાથજી વૈષ્ણવોના મુખ્ય આરાધ્ય દેવ છે.

વિજયનગરની ચર્ચા સભામાં બ્રહ્મ, જગત, જીવ, સંસાર, માયા ઇત્યાદીના મુળભુત પ્રશ્નોની છણાવટ થયેલી જેમાં શ્રીવલ્લભાચાર્યજીએ માયાવાદીઓના મતની વિપરીત બ્રહ્મના સત, ચિત અને આનંદ તત્વોનું નિરૂપણ અને તેમાંથી ઉત્પન્ન જડ-ચેતન જગતની સાતત્યતા અને બ્રહ્મ સાથેની તદ્રુપતા પ્રતિપાદિત કરી 'શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ'ની સ્થાપના કરેલી અને માયાવાદનું ખંડન કરેલું જેના કારણે તે સભામાં હાજર રહેલા અન્ય ધર્મોના વડાઓ અને વિદ્વાનો દ્વારા 'અખંડ ભુમંડલાચાર્ય જગદ્ ગુરૂ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી' તરીકે ઘોષિત કરાયેલા.

શ્રીવલ્લભાચાર્યજીના ભુતલ ઉપરના અવતરણનો મુખ્ય હેતુ સૃષ્ટિના દૈવી જીવોને શરણે લઇ ભગવતોન્મુખ કરવાનો હતો. પરંતુ કલીયુગના પ્રભાવથી દોષયુક્ત જીવોનો ભગવદ્-સંયોગ કેમ થઇ શકે તે વિશે ચિંતન થતાં વ્રજમાં ગોકુલમાં સંવત ૧૫૪૯ની શ્રાવણસુદ અગીયારસે મધ્યરાત્રિએ સ્વયં શ્રીગોવર્ધનનાથજીએ પ્રકટ થઇ જીવોને બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા શરણે લેવાની આજ્ઞા કરી જેના દ્વારા જીવોના દોષોની નિવૃત્તિ થઇ તે ભગવદ્ સેવાને યોગ્ય બની શકે. આજ કારણે આજે

પણ પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભાચાર્યજીના વંશજો દ્વારા બ્રહ્મસંબંધ દિક્ષા આપવાનું વિશેષ મહત્વ છે.

શ્રીવલ્લભાચાર્યજી તેમના બાવન વર્ષના જીવનકાળ દરમ્યાન લગભગ અડધો સમય પર્યટન અને પ્રચારમાં વ્યસ્ત રહેલા છતાં તેમણે અનેક નાનામોટા ગ્રંથો લખ્યા છે જે તેમના ગંભીર અભ્યાસ અને પ્રકાંડ પાંડિત્યનો પરિચય કરાવે છે. તેમણે લખેલ મુખ્ય ગ્રંથોમાં બ્રહ્મસુત્ર પર અણુભાષ્ય, ભાગવતજીની ટીકા સુબોધિની, તત્વદીપ નિબંધ, દશમસ્કંધ નામાવલી, ત્રિવિધ નામાવલી, શિક્ષાશ્લોકાઃ ઇત્યાદી છે તેમના અન્ય ગ્રંથો જે ષોડષગ્રંથ તરીકે પ્રસિધ્ધ છે. તેમાં યમુનાષ્ટક અને કૃષ્ણાશ્રય એ સ્તુતિ ગ્રંથો છે, જ્યારે અન્ય બોધગ્રંથો છે. આમ જગતને તત્વ ચિંતનનું વિપુલ સાહિત્ય આપે પીરસ્યું છે. તેમની બાવન વર્ષની ઉંમર થતાં ત્રણ જુદા જુદા સ્થળોએ તેઓને નિજધામમાં પાછા પધારવાની ભગવદ્ આજ્ઞા થયેલી એટલે છેલ્લા ૪૦ દિવસ દરમ્યાન સંન્યાસ ગ્રહણ કરી અન્નજળનો ત્યાગ કરી પ્રભુના વિપ્રયોગમાં બિરાજ્યા અને સંવત ૧૫૮૭ના અષાઢ સુદ બીજના રોજ મધ્યાન્ન સમયે કાશીમાં હનુમાન ઘાટ ઉપર ગંગાજીની મધ્ય ધારામાં જઇ પોતે સદેહે ભગવદ્ ધામમાં પધાર્યા.

પોતાને નમ્રતાપૂર્વક કૃષ્ણદાસ તરીકે ઓળખાવતા શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના મુળ દિવ્ય સ્વરૂપનો પરિચય તેમને રચેલ સુબોધિની નામક ગ્રંથની આરંભમાં આ રીતે આપેલો છે. હું 'વૈશ્વાનર અલૌકિક અગ્નિસ્વરૂપ છું.' વેદ અગ્નિને પરમાત્માનું મુખ કહે છે. તેથી અગ્નિ સ્વરૂપ શ્રીવલ્લભ ભગવદ્ મુખાર્વિંદ નો અવતાર હતા. મુખ એ વાણીનું ઉદ્ભવ સ્થાન છે, તેથી તેઓ 'વાક્પતિ' પણ કહેવાય છે.

સતત ત્રણ ત્રણ વખત પગે ચાલી ભારત ભ્રમણ કરી તત્કાલીન હિન્દુપ્રજાને તેમણે હિંમત આપી, હિન્દુધર્મનું રક્ષણ

કર્યું હતું અને સમયાનુસાર સહજ રીતે ધર્મનું પાલન ઘરમાં રહીને ઉત્સાહ અને ઉલ્લાસ પૂર્વક થઇ શકે તેવો સેવામાર્ગ બતાવી, વાસ્તવ વાદી તત્વદર્શન સમજાવ્યું હતું.

જગત નિયંતા પરબ્રહ્મ પરમાત્મા, તેના દ્વારા રચાયેલ સૃષ્ટિ, તેમાં રહેલ જડ-ચેતન સર્વે પદાર્થો જીવ તથા આત્માનું સ્વરૂપ ઇત્યાદી મનુષ્યના મનને મુંઝવતી અનેક બાબતોના ખુલાસા શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાની શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદની મૌલિક વિચારધારા દ્વારા સ્પષ્ટ રૂપે કરેલા છે. તેમણે વેદના પૂર્વકાંડ પર જૈમિની ભાષ્ય, ઉત્તરકાંડ અને બ્રહ્મસુત્રો પર અણુભાષ્ય નામક ગ્રંથો રચ્યા છે. ગીતાના અર્થને સ્પષ્ટ કરવા શાસ્ત્રાર્થ પ્રકરણ તેમજ પ્રકાશ નામક ટીકા લખી અને શ્રીમદ્ ભાગવતજીનો ગુઢ અર્થ પ્રકટ કરવા સુબોધિનીની રચના કરી છે. આમ પોતે પ્રમાણ રૂપ સ્વિકારેલા ચારેય આધાર ગ્રંથો- વેદ, બ્રહ્મસુત્રો, ગીતા અને શ્રીમદ્ ભાગવતના રહસ્યોનો પોતાના ઉપરોક્ત ગ્રંથો દ્વારા શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ રૂપે પોતાની વિશિષ્ટ વિચારધારા જગત સામે મુકી છે.

*

શ્રીમદ્ વલ્લભાચાર્યજી 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે આ કલીકાલમાં ધર્મ આચરણ માટે ના સર્વ માર્ગો નષ્ટપ્રાય થયેલા હોવાથી, ચોતરફ પાખંડ વ્યાપ્ત થવાથી, પવિત્ર તીર્થો પણ દૂષ્ટોના નિવાસથી કલંકિત અને ભ્રષ્ટ થયેલ હોવાથી અને કહેવાતા સાધુ-સંતો પણ અહંકારથી મૂઢ થઇ ગયેલ હોઇને પોતાના લાભ અને પૂજા માટે પાપાસક્ત થયેલ છે. તેમજ મંત્રોપાસના માટે આવશ્યક વિધી-વિધાનોના અજ્ઞાનને કારણે તે ફલદાયી નીવડી શકતાં નથી. આવી પરિસ્થિતિમાં કેવળ શ્રીકૃષ્ણનો બીનશરતી આશ્રયજ મનુષ્યને માટે ઉપકારક બની શકે છે. 'કૃષ્ણ એવ ગતિર્મમ'.

## પુષ્પ - ૩

# ※ શ્રીગુસાંઇજી - શ્રીવિઠ્ઠલનાથજી ※

પુષ્ટિમાર્ગના પ્રવર્તક આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ તત્કાલીન દેશકાળની પરિસ્થિતિને લક્ષ્યમાં લઇ વેદ-ગીતા-બ્રહ્મસુત્રો અને શ્રીમદ્ ભાગવતજીના તત્વોનું દોહન કરી શુષ્ક મનુષ્ય જીવનને ભગતોન્મુખ બનાવી તેને રસપ્લાવિત કરવાના ઉદેશ્યથી પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિનો બોધ આ જગતના સંસારાસકત જીવોને આપ્યો. આપે પુષ્ટિમાર્ગના મૂળભુત સિધ્ધાંતોનો પાયો નાંખ્યો જ્યારે આપના પછી સ્વયં ભગવાનની ઇચ્છાથી આપને ત્યાં પુત્ર રૂપે જન્મ લેનાર ભગવદ્ અવતાર શ્રીવિઠ્ઠલનાથજીએ આ માર્ગનો અનેક વિધ વિસ્તાર કરી મનુષ્યના જીવનના સર્વ રસોનો, સર્વ કળાઓનો, બધાજ પ્રકારના શોખો અને વૃત્તિઓનો નિગ્રહ કરી તે સર્વને ભગવદ્ કાર્યોમાં યોજી, જેથી મનુષ્ય પોતાની સહજવૃત્તિઓનો ત્યાગ કર્યા વગર ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાને અનુકુળ અને પસંદ હોય તે સર્વ રસોનો પોતાના ઇષ્ટને વિનિયોગ કરાવી શકે. તેથી મનુષ્યના ચિત્તનો નિરોધ સિધ્ધ થઇ શકે અને તે ભગવાનની સર્વોત્કૃષ્ટ ભક્તિ પ્રાપ્ત કરી શકે.

પંઢરપુરમાં ભગવાન શ્રીવિઠોબાએ શ્રીમહાપ્રભુજીને લગ્ન કરી ગૃહસ્થ બનવાની આજ્ઞા કરી હતી જેથી પોતે તેમના ત્યાં પુત્ર રૂપે અવતાર લે. તદનુસાર શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમનો સ્વિકાર કરી કેટલોક સમય પુરાણોમાં જેને આધિદૈવીક વૃંદાવન

કહેલું છે, તેવા કાશીની નજીક આવેલ ચરણાટમાં નિવાસ કર્યો હતો જ્યાં સંવત ૧૫૭૨ના માગશર વદ નવમીને દિવસે તેમને ત્યાં દ્વિતિય પુત્રનું પ્રાકટય થયું હતું. શ્રીમહાપ્રભુજીના પ્રથમ પુત્રનું નામ શ્રીગોપીનાથજી હતું. પુત્ર પ્રાકટયનો આનંદોત્સવ મનાવાઇ રહ્યો હતો ત્યાં એક બ્રાહ્મણે આવી ભગવાન શ્રીવિઠ્ઠલનાથજીનું અલૌકિક સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને આપ્યું. આવા સંયોગીક પ્રસંગને કારણે પુત્રનું નામ પણ આપે 'વિઠ્ઠલનાથ' રાખ્યું.

ખુબજ સુંદર મુખાકૃતિ પ્રાપ્ત બાળક વિઠ્ઠલનો સવા વર્ષની વયમાંજ બોલવા ચાલવાની ક્રિયા શક્તિનો પુર્ણ વિકાસ થયો. બાલ સહજ કોમલ વૃત્તિને ભગવાન પરત્વે યોજવાને માટે પિતાએ બાલકને એક શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ ખેલવા માટે આપ્યું હતું. એક સમય ભોગ ધરવા આપેલા ઠોરની આ ભગવદ્ સ્વરૂપ સાથે ખેંચાતાણી નિહાળી શ્રીવલ્લભે પુત્રના દિવ્ય સ્વરૂપને ઓળખી લીધું.

આઠ વર્ષની ઉંમર થતાં યજ્ઞોપવિત સંસ્કાર પામી શ્રીવિઠ્ઠલનો વિદ્યાભ્યાસ શરૂ થયો. અલ્પ સમયમાંજ કાશીના વિદ્વાન પંડિત માધવ સરસ્વતી પાસેથી આપે સર્વ શાસ્ત્રોનું ઉંડાણપૂર્વક અધ્યયન કરી પ્રવિણતા પ્રાપ્ત કરી લીધી. પિતા પાસેથી સંપુર્ણ સાંપ્રદાયીક ગ્રંથોનું અધ્યયન કરી શ્રીવિઠ્ઠલેશે શાસ્ત્રાર્થ ક્ષેત્રે તથા સેવા વિધીમાં એક અજોડ સિધ્ધી પ્રાપ્ત કરી લીધી હતી જેના ફળરૂપે આગળ જતાં તેઓ એક વિલક્ષણ સેવા પ્રવર્તક અને અજેય વિદ્વાન આચાર્ય રૂપે જગતમાં પ્રસિધ્ધ થયા.

પોતાની પંદર વર્ષની વયે પિતૃચરણ શ્રીવલ્લભાચાર્યજી નિત્યલીલામાં પધારતાં પોતે મોટાભાઇ શ્રીગોપીનાથજીની સહાયતામાં શ્રીનાથજીની સેવામાં અને સંપ્રદાયના પ્રચારમાં પ્રવૃત્ત બન્યા. તેમનો માતૃપ્રેમ, ભ્રાતૃપ્રેમ અને ભગવત્સેવા પરાયણતા

ઉત્કૃષ્ટ હતા. મોટાભાઇની આજ્ઞાનુસાર પોતે શ્રીગિરિરાજજી ઉપર શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રસ્થાપિત શ્રીનાથજીની સેવાનો સર્વ વહિવટ સુચારૂ રૂપથી કરતા. શ્રીગોપીનાથજી પણ પ્રત્યેક કાર્યમાં શ્રીવિઠ્ઠલેશનેજ આગળ રાખતા કારણ કે તેમની તીવ્ર બુધ્ધિ અને વ્યવહાર કુશળતા પ્રત્યેક કાર્યમાં ફતેહમંદ થતી. આથીજ ક્યારે પણ બન્ને ભાઇઓ વચ્ચે ગૃહ કલેશ થવા પામ્યો ન હતો. શ્રીનાથજીની સેવા માટે રાખેલ બંગાળીઓ વિશે ઉત્પન્ન થયેલ બાધાઓને પણ પોતે કુશળતા પૂર્વક દૂર કરી પોતાની વિલક્ષણ કાર્ય શૈલીનું ઉદાહરણ પુરૂ પાડયું હતું.

આપના પ્રથમ લગ્ન શ્રીરૂકમણીજીની સાથે થયા હતા, જેમનાથી આપને શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુળનાથજી, શ્રીરઘુનાથજી અને શ્રીયદુનાથજી નામક છ પુત્રો અને શોભા, કમલા, દેવકા અને યમુના નામના ચાર પુત્રીઓ થયા હતા. પત્નિના લીલા પ્રવેશ પછી પોતાની સેવક ગઢાની રાણીના અતિઆગ્રહથી અને ભગવદ્ પ્રેરણાથી પોતે પદ્માવતીજી નામક કન્યા સાથે ફરી ગૃહસ્થાશ્રમ માંડયો અને તેમનાથી શ્રીઘનશ્યામજી નામક પુત્રની પ્રાપ્તિ થઇ હતી.

આપે સ્થાયી નિવાસ અલ્હાબાદ પાસે અડેલમાં કર્યો હતો. પરંતુ ઉત્તરાવસ્થામાં પ્રાયઃ ગોકુળમાં વાસ કરેલો.

ગોકુલથી આપ નિત્ય પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજીની સેવા પહોંચી ઘોડા ઉપર ગોપાલપુરા (જતીપુરા) શ્રીનાથજીની સેવામાં પધારતા અને રાજભોગ ઇત્યાદી સેવા કરતા. અનોસરના સમયમાં ગ્રંથ અધ્યયન, લેખન કાર્ય ઇત્યાદિ કરતા. બપોર પછી સાયંકાલ પર્યતની સેવામાંથી નિવૃત થઇ પુનઃ ગોકુલ પધારતા. રાત્રે પોતાને ત્યાં આવતા સેવકો સાથે ભગવદ્ ચર્ચા-વાર્તા કરતા.

શ્રીવિઠ્ઠલનાથજીની વિદ્વતા અને અતિપ્રિય પ્રતિભાને કારણે

અનેક સેવકો આપને શરણે આવેલા. રાજા ટોડરમલ, રાણી દુર્ગાવતી, તાજબીબી, છીતસ્વામિ, ચતુર્ભુજદાસ, બિરબલ, તાનસેન, રાજા આશકરણ ઇત્યાદી અનેક વિખ્યાત વ્યક્તિઓ પણ આપના ધર્માચરણ અને દિવ્યતાને કારણે તેમના સેવક બન્યા હતા. તે સમયનો દિલ્હીનો બાદશાહ અકબર પણ આપના વ્યક્તિત્વથી પ્રભાવિત થઇ બિરબલના માધ્યમથી આપને શરણે આવેલો અને તેણે આપને ગાયોના રક્ષક તરીકે 'ગોંસાંઇ'ની ઉપાધીથી વિભુષિત કર્યા હતા, જેથી આપનું 'શ્રીગુસાંઇજી' નામ પ્રસિધ્ધિ પામ્યું હતું. અકબરે ગોકુલમાં આપના નિવાસ માટે તથા ગૌશાળા માટે જમીન આપી હતી અને તેઓ તથા તેમના અનુયાયીઓને રંજાડવામાં ન આવે તે વિશેના ફરમાન બહાર પાડયા હતા. આમ બાદશાહનો શ્રીવિઠ્ઠલેશ પ્રત્યે અપૂર્વ અનુરાગ હતો. આપે સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણેય પ્રકારની પ્રકૃત્તિવાળા સેવકોને શરણે લીધા હતા, જેમાંના મુખ્ય ૨૫૨ ભગવદીયોની વાર્તા પ્રસિધ્ધ છે. તેઓને શ્રીગુસાંઇજીની કૃપાથી ભગવત્ સાક્ષાત્કાર થયો હતો. આપનો એવો નિયમ હતો કે જ્યાં સુધી ઓછામાં ઓછો એક જીવ શરણે ન આવે ત્યાં સુધી ભોજન ન કરવું. શ્રીમહાપ્રભુજીના સેવકો ભક્ત કવિ સુરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ અને કૃષ્ણદાસ એવમ્ પોતાના સેવકો ચતુર્ભુજદાસ, નંદદાસ, ગોવિંદસ્વામિ અને છિત્તસ્વામિના સમુહને શ્રીઠાકોરજીના અષ્ટસખા રૂપ 'અષ્ટછાપ'ની આપે સ્થાપના કરી પ્રત્યેકને શ્રીનાથજીના વિવિધ સમયની કિર્તન સેવા સોંપી હતી. પોતે સંગીત કલાના ઉચ્ચસ્તરના જાણકાર હોઇ પ્રભુની સેવામાં આ કળાનો ઉત્કૃષ્ટ વિનિયોગ આપે કરાવ્યો હતો. અષ્ટસખા દ્વારા ભગવદ્લીલાની વિવિધ અનુભુતિઓને વર્ણવેલા કિર્તનો પુષ્ટિમાર્ગની આગવી ધરોહર છે, જેનું શ્રેય શ્રીવિઠ્ઠલેશ પ્રભુને છે. આજે પણ પુષ્ટિમાર્ગની સેવા પધ્ધતિમાં આ અષ્ટસખાના કિર્તનોનું વિશેષ મહત્વ છે.

કલારસિક શ્રીગુસાંઇજીએ રાગ-ભોગ અને શ્રીંગાર એ ત્રણેય કલાઓનું વિશિષ્ટ સંયોજન પુષ્ટિપ્રભુની સેવામાં કર્યું છે. તેના દ્વારા પુષ્ટિભક્ત પોતાની આ પ્રત્યેક કલામાં રૂચિ અને આવડતનો વિનિયોગ ભગવદ્ પ્રિત્યર્થે કરી શકે છે. ઋતુ ઋતુ પ્રમાણેના વિવિધ પાક, ફલ, ફૂલ, મેવા, મિઠાઇ પ્રભુને આરોગાવવાનું વિધાન પુષ્ટિમાર્ગમાં અજોડ છે. કદાચ પાકશાસ્ત્રની કલાની આટલી વિવિધતા અને તેનો વિકાસ ભાગ્યેજ અન્યત્ર જોવા મળશે. શ્રીમહાપ્રભુજીએ તો શ્રીનાથજીને ધોતી-ઉપરણા રૂપે વસ્ત્ર અને મસ્તકે પાગ ઉપર મોર ચંદ્રિકાના શ્રૃંગારની શરૂઆત કરેલી. પરંતુ શ્રીવિઠ્ઠલેશે અનેક પ્રકારના વસ્ત્રો અને શ્રૃંગારનું આયોજન કરી સેવા પ્રકારને અનેક પ્રકારે વૈવિધ્ય પુર્ણ બનાવ્યો જેથી નિત-નવીન વિવિધ વસ્ત્ર શ્રૃંગારથી શોભતા પ્રભુના અવર્ણનીય સ્વરૂપની ઝાંખી માત્ર મનુષ્ય મનનો નિગ્રહ કરવામાં સહાયભુત બને. નંદ-યશોદા દ્વારા જે પ્રકારે વૈભવ યુક્ત બાલકૃષ્ણની સ્નેહપૂર્ણ સેવાની દિનચર્યા રહેતી હશે તે પ્રમાણેના સેવા પ્રકારની અદભૂત સંયોજના આપે પુષ્ટિમાર્ગની સેવા પધ્ધતિમાં અપનાવી ભગવદ્ સેવાનો વિસ્તાર કર્યો હતો. એ પરંપરા આટલા વર્ષોથી પુષ્ટિમાર્ગીય મંદિરો એવમ્ ગૃહસેવામાં આજે પણ જળવાઇ રહી છે. બારમાસના વિવિધ ઉત્સવોનું આયોજન પણ વેદ-શાસ્ત્રોની મર્યાદાનુસાર આપે કર્યું છે, જેના દ્વારા મનુષ્ય એક અલૌકિક આનંદની પ્રાપ્તિ કરી શકે છે.

પિતૃચરણની પરંપરાને જાળવી રાખવા આપે પણ પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોનો બહોળો પ્રચાર કરવા સમગ્ર ભારતની યાત્રા કરી હતી. અનેક વખત વ્રજયાત્રા પણ વિધીવત રીતે કરી હતી તેમજ ગુજરાત અને ખાસ કરીને દ્વારકાનો પ્રવાસતો આપે સાત વખત કર્યો હતો. ભારતભરમાં આપની ૨૮ બેઠકો પ્રસિધ્ધ છે.

શ્રીગુસાંઇજીનો સાહિત્ય પ્રેમ પણ અદ્વિતિય હતો. આપે નાનામોટા પચાસેક જેટલા સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે. જેમાં વિદ્વનમંડન, નિબંધ પ્રકાશ, સુબોધિનીજી ઉપર ટિપ્પણી, ભક્તિહંસ, ગ્રાયત્રીકારીકા, ષોડષગ્રંથ ટીકા, શ્રૃંગાર રસમંડન, પુરૂષોત્તમ પ્રતિષ્ઠા પ્રકાર ઇત્યાદી ઉલ્લેખનીય છે.

પુષ્ટિ સૃષ્ટિને પ્રભુના વિપ્રયોગાત્મક આનંદના મહત્વને સમજાવવા આપે શ્રીકૃષ્ણદાસ અધિકારી દ્વારા શ્રીનાથજીની સેવા પ્રતિબંધિત કરાતાં છ માસ સુધી ચંદ્રસરોવર ઉપર વિરહાવસ્થામાં બિરાજી રોજ શ્રીનાથજીને વિજ્ઞપ્તિ લખી પોતાના હૃદયની ઉર્મિઓ તેમજ તે સંબંધી વિરહતાપઃ કલેશાનંદનો અનુભવ પ્રકટ કર્યો છે.

અંતિમ સમય પહેલાં સંવત ૧૬૪૨માં આપે રસખાન નામના પઠાણના શુધ્ધ પ્રેમને પારખીને તેના ઉપર કૃપા કરી શરણે લીધો હતો અને તેને શ્રીગોકુલની લીલાઓનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. વિશુધ્ધ ભગવદ્ પ્રેમ વર્ણ કે જાતિના ભેદથી પર છે તે બતાવતું આવું ઉત્તમ ચરિત્ર શ્રીવિઠ્ઠલેશ પ્રભુનું હતું. નિરંતર ભગવદ્ સુખનોજ વિચાર, કરૂણામય હૃદય, હિન પતિતોનો ઉધ્ધાર, પ્રાણીમાત્ર પ્રત્યેની સંવેદનશીલતા ઇત્યાદી અનેક પ્રકારના આપના ચરિત્રો પ્રગટ કરતાં આપશ્રીના જીવનના કેટલાક પ્રેરણાદાયી પ્રસંગો ઉપલબ્ધ છે.

ગોલોક પ્રયાણની તૈયારી પૂર્વે આપે પોતાના સર્વે પુત્ર પૌત્રદિકને શ્રીનાથજીની સમક્ષ બોલાવી પ્રભુને પ્રાર્થના કરી હતી કે 'આ વંશ આપનોજ છે અતઃ તેની લાજ આપજ રાખશો.' અંત સમયે પોતે પોતાના પ્રિય સેવક ગોવિંદસ્વામિને સાથે લઇ શ્રીગિરિરાજજીની કંદરામાં સદેહે પધાર્યા હતા.

પુષ્ટિમાર્ગની વિલક્ષણતા અને વૈવિધ્યપૂર્ણ ભગવદ્ સેવાનો વિસ્તાર અને વિકાસ આવા ભગવદ્ સ્વરૂપ આચાર્યના અલૌકિક જીવન ચરિત્ર દ્વારા થયો છે.

## પુષ્પ - ૪

# ✻ શ્રીવલ્લભકુળ પરંપરા ✻

પુષ્ટિમાર્ગ વેદ પ્રતિપાદિત છે. તેના સિધ્ધાંતો શાસ્વત છે, મનુષ્ય જીવન માટે કલ્યાણકારી છે. વિશેષતઃ કલીયુગના પ્રભાવને કારણે જ્યારે અન્યમાર્ગોની અસરકારકતા ક્ષીણ થઇ રહી છે, ત્યારે એક માત્ર ભગવદ્ કૃપાથીજ નિઃસાધન અને દૈન્ય બનેલો મનુષ્ય જીવનમાં સાચો પરિતોષ અને સુખાનુભુતિ કરી શકે છે.

પોતાના દ્વારા પ્રસ્થાપિત સેવામાર્ગને અવિચ્છિન્નરૂપે ચાલુ રાખવા માટે શ્રીમહાપ્રભુજીએ પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના કુળમાં સ્થાપિત કર્યું છે. જેના કારણે પાંચસો વર્ષથી વધુ સમય વિતી જવા છતાં આજે પણ પુષ્ટિમાર્ગની પરંપરા યથાવત્ છે. તેના દ્વારા શ્રીકૃષ્ણભક્તિનો વિલક્ષણ સેવા પ્રકાર મનુષ્યને અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવવા સક્ષમ છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજીને શ્રીપુરૂષોત્તમજી નામે એક પુત્ર થયેલ પરંતુ તેમનો વંશ આગળ ચાલ્યો નહીં.

દ્વિતિય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી દ્વારા વિસ્તાર પામેલ પુષ્ટિમાર્ગનું સંવર્ધન અને વિકાસ તેમના સાતપુત્રો અને તેમના વંશજો દ્વારા થયેલ છે જે 'શ્રીવલ્લભકુળ'ના નામે ઓળખાતી પરંપરામાં આજે પણ જળવાઇ રહ્યો છે.

શ્રીમહાપ્રભુજી એવમ્ ગુસાંઇજી દ્વારા જે ભગવદ્ સ્વરૂપોને પોતાના સેવકોને માથે સેવાર્થે પધરાવી આપવામાં આપ્યા હતા

તે કાળક્રમે તેમને ત્યાં પાછા પધારેલા સ્વરૂપોને શ્રીગુસાંઇજીએ પોતાના સાતે પુત્રો શ્રીગિરધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી અને શ્રીઘનશ્યામજીને માથે ક્રમશઃ શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણલાલજી તથા શ્રીમદનમોહનજીને પધરાવી આપ્યા હતા. આ સ્વરૂપો નિધી સ્વરૂપો ગણાય છે જે આજે પણ આ સાતે બાલકોના વંશજોને માથે જુદે જુદે ઠેકાણે બિરાજે છે. શ્રીમહાપ્રભુજીનું મુખ્ય સેવ્ય સ્વરૂપ શ્રીનાથજી અને શ્રીગુસાંઇજીનું સેવ્ય સ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજી ઉપર સાતે બાલકોના સહિયારા સેવાના અધિકાર રહ્યા છે, જે આજે પ્રથમ પુત્ર ગિરધરજીના વંશજના વર્તનમાન તીલકાયતશ્રીના માથે નાથદ્વારામાં બિરાજે છે.

પ્રારંભના આ સાતે બાળકોના ઘર શ્રીગોકુળમાં હોઇ આ સ્વરૂપોની સેવા ત્યાં સિધ્ધ કરાયેલ ઘરોમાં થતી પરંતુ કાળક્રમે અનેક પ્રકારના ઉપદ્રવો અને દેશકાળ પરિસ્થિતિને કારણે આ સ્વરૂપોનું સ્થળાંતર જુદે જુદે ઠેકાણે થયું હતું. હાલ શ્રીમથુરેશજી કોટામાં, શ્રીવિઠ્ઠલનાથજી નાથદ્વારામાં, શ્રીદ્વારકાધીશજી કાંકરોલીમાં, શ્રીગોકુલનાથજી ગોકુલમાં, શ્રીગોકુળચંદ્રમાજી અને શ્રીમદનમોહનજી કામવનમાં તથા શ્રીબાલકૃષ્ણલાલજી સુરતમાં બિરાજે છે.

શ્રીગુસાંઇજીના આ સાતે બાળકોના પરિવારનો ક્રમશઃ વિસ્તાર થતાં તેમના સૌથી મોટા બાળકને માથે મુખ્ય નિધિસ્વરૂપ પરંપરાગત રૂપે બિરાજ્યું અને અન્ય પરિવારજનો દ્વારા અન્ય સ્વરૂપોની સેવા થતી રહી. આમ ભારતભરમાં આજે વિવિધ ઠેકાણે શ્રીવલ્લભવંશજ આચાર્યો નિવાસ કરી પોતાના સેવ્ય સ્વરૂપોની સેવા કરી પુષ્ટિમાર્ગીય પરંપરાને જાળવી રહ્યા છે.

શ્રીવલ્લભકુળમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો અંશ વિદ્યમાન

હોઇ તેમનું સામર્થ્ય અને પ્રતાપબળ અલૌકિક રહ્યું છે. આ પરંપરામાં અનેક આચાર્યોએ પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોને યર્થાથરૂપે સમજાવવામાં અને તેનો વ્યાપ વધારવા તથા જન સમુદાયમાં પ્રસારિત કરવામાં ખુબજ મહત્વનો ફાળો આપ્યો છે.

શ્રીગુસાંઇજીના સાતે પુત્રોના વંશની પરંપરામાં અનેક આચાર્યોના ચરિત્ર, પુષ્ટિ સંપ્રદાયના વિકાસ માટેના તેમના કાર્યો, તેમની રચનાઓ, તેમની ભગવદ્ સેવા પરાયણતા, તેમના દ્વારા થયેલ સમાજને ભગવતોન્મુખ કરવાના પ્રયત્નો ઇત્યાદિ ઇતિહાસના પાના ઉપર સુવર્ણઅંકિત થયેલા છે.

વિશેષ ઉલ્લેખનીય એવા શ્રીહરિરાયજીનો જન્મ શ્રીગુસાંઇજીના દ્વિતિય પુત્ર શ્રીગોવિંદજીની ત્રીજી પેઢીએ સંવત ૧૫૯૦માં થયો હતો. આ વિરલ મહાનુભાવે ૧૨૫ વર્ષ પર્યંત ભુતલ ઉપર બિરાજી પુષ્ટિમાર્ગના હાર્દને સમજાવવા અનેક ગ્રંથોની રચના કરી છે. તેમણે સંસ્કૃત, વ્રજભાષા, ગુજરાતી, પંજાબી તેમજ મારવાડી ભાષામાં પુષ્ટિમાર્ગનું વિપુલ સાહિત્ય સમાજને આપ્યું છે. તેમણે ૧૭૫ જેટલા ગ્રંથો રચેલા હોવાનું કહેવાય છે, જેમાં શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રતિપાદિત સિધ્ધાંતોને સ્પષ્ટ રૂપે સમજાવવા ખુબજ સુંદર છણાવટ કરી છે.

પુષ્ટિમાર્ગના સંદર્ભમાં જીવનના મુલ્યોને સમજાવવા તેમના દ્વારા પત્રો રૂપે લખાયેલ શિક્ષાપત્રો પુષ્ટિસંપ્રદાયનો મહામુલો ગ્રંથ ગણાય છે. આ પત્રો તેમણે પોતાના નાનાભાઇ શ્રીગોપેશ્વરજીને તેમની પત્નિના વિયોગથી ઉત્પન્ન થયેલ વિષાદમાંથી મનસ્થિતિને સંયમિત રાખવા માટે લખ્યા હતા. જેમાંથી શ્રીગોપેશ્વરજીને ઘણું માનસીક બળ પ્રાપ્ત થયેલું. આ પત્રોમાં ભગવદ્ લીલાનું પ્રયોજન અને તેને અનુસંગીક મનુષ્યજીવનના યર્થાથ દ્રષ્ટિકોણને ખુબ સુંદર અને સંતુલીત રૂપે સમજાવવામાં આવ્યા છે.

તેજ પ્રમાણે શ્રીગુસાંઇજીના તૃતિયપુત્ર શ્રીબાલકૃષ્ણજીની ચોથી પેઢીએ જન્મલેનાર શ્રીપુરૂષોત્તમજી પણ જ્ઞાનના ભંડાર સમા હતા. તેમણે નવલાખ શ્લોકોના વિપુલ સાહિત્યની રચના કરી હોવાનું કહેવાય છે. તેમના અથાગ પાંડિત્યને કારણે પોતાના જમાનાના અનેક વિદ્વાનો-પંડિતોની સાથે શાસ્ત્રાર્થ કરી પોતે તેમના ઉપર વિજય મેળવ્યો હોઇ પોતે 'દશ દિગંત વિજયી' કહેવાતા..

સ્વયં શ્રીગુસાંઇજીના સાતે બાળકોમાં પ્રથમ પુત્ર શ્રીગિરધરજી ધર્મી સ્વરૂપ અને છએ બાળકોમાં ક્રમશઃ ભગવાનના ષડધર્મો ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યની વિપુલતા હતી અને માટે પ્રત્યેકનું પ્રતાપ્રબળ અસીમ અને અદ્વિતિય હતું. પુષ્ટિમાર્ગના વિકાસમાં આ પ્રત્યેક આચાર્યનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે.

વિશેષતઃ ચતુર્થપુત્ર શ્રીગોકુલનાથજીનું યોગદાન ઉલ્લેખનીય છે, કારણ કે તે સમયના મુસ્લીમ બાદશાહોના શાસન કાળમાં હિન્દુ પ્રજા સામેના અત્યાચારના વાતાવરણમાં શ્રીગોકુલનાથજીએ તત્કાલીન બાદશાહ જહાંગીર પાસે ન્યાય પ્રાપ્ત કરી વૈષ્ણવોના મુલ્યવાન અલંકાર માળા અને તીલકનું રક્ષણ કર્યું હતું.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સ્વયં ભગવાને કરેલ આજ્ઞા મુજબ જીવોને શરણે લઇ બ્રહ્મસંબંધ દિક્ષા દ્વારા તેમને ભગવત્ સેવા પરાયણ બતાવવાની પરંપરા આજે પણ શ્રીવલ્લભકુળ આચાર્યો દ્વારા અવિરત પણે ચાલુ છે. તેઓ પુષ્ટિમાર્ગના ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વતી ગુરૂદ્વાર તરીકે વૈષ્ણવ સૃષ્ટિને બ્રહ્મસંબંધ કરાવી તેમને પુષ્ટિપુરૂષોત્તમ શ્રીકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિનો ઉપદેશ આપી ભગવાને સ્વયં શ્રીમહાપ્રભુજીને આપેલ આદેશનું કાર્ય પરિપૂર્ણ કરી રહ્યા છે.

ભારતમાં પ્રવર્તતી અન્ય સંપ્રદાયોની ગુરૂ શિષ્ય પરંપરાથી વિલક્ષણ એવી આ શ્રીવલ્લભકુળની વંશ પરંપરા અદ્વિતિય છે. શ્રીગુસાંઇજી રચિત શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં કરેલ આજ્ઞા મુજબ 'સ્વવંશે સ્થાપિત શેષઃ' એવું શ્રીમહાપ્રભુજીનું અશેષ માહત્મ્ય આ શ્રીવલ્લભકુળના આચાર્યોમાં વિદ્યમાન હોઇ તેમના દ્વારા દીક્ષિત થઇ વૈષ્ણવો તેમની પાસે ભગવદ્ સ્વરૂપને પુષ્ટ કરાવી સર્વ સમર્પણ દ્વારા સર્વાત્મભાવથી તેમની સાધનરૂપ સેવા કરતાં ચિત્તનું સંપુર્ણપણે ભગવાનમાં પ્રવણ થતાં ઉચ્ચતમ એવી પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરી શકે છે, જે ભગવદ્ પ્રાપ્તિ રૂપ અંતિમ ફળ અપાવી શકે છે.

અર્વાચિન યુગના અનેક પુષ્ટિભક્તોના આવા પરમફળની પ્રાપ્તિના ઉદાહરણો ઇતિહાસને પાને અંકિત થયેલા છે. આજે પણ શ્રીવલ્લભકુળ પરંપરામાં સ્વયં શ્રીમહાપ્રભુજી બિરાજમાન છે અને પુષ્ટિજીવોને ભગવદ્ લીલાના સાક્ષાત્કારનું ઉત્તમોત્તમ ફળ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય ધરાવે છે તેની પ્રતિતિ થાય છે.

*

'જ્યારે જગતના બધા પદાર્થોમાંથી આપણી મમતા છૂટી જાય ત્યારે જગતમાંથી રાગ નાશ પામે. જગતમાંથી રાગ નાશ પામતાં જગત તુચ્છ લાગે. જગતમાંથી છુટેલાં રાગ શ્રીઠાકોરજીમાં લાગતાં શ્રીઠાકોરજીના ચરણાર્વિદમાં સ્નેહ જાગે. આમ જ્યારે શ્રીઠાકોરજીના ચરણાર્વિંદમાં સ્નેહ થાય ત્યારે માનવું કે શ્રીઠાકોરજીમાં આપણું મન લાગ્યું છે'.

## પુષ્પ - ૫

# ❋ પુષ્ટિમાર્ગના પ્રમાણ ગ્રંથો ❋

ત્રિકોણના ત્રણ ખુણાનો સરવાળો ૧૮૦ ડીગ્રી થાય છે. એક વર્તુળનું વિભાજન કરી-૩૬૦ ડીગ્રીમાં વહેચવામાં આવ્યું છે. પ્રત્યેક કાટખુણો ૯૦ ડીગ્રીનો થાય. ભુમિતિના આ સ્વયં સિધ્ધ વિધાન છે. આ વિધાનોનું કાંઇ પ્રમાણ હોતું નથી. પરંતુ ગણિત શાસ્ત્રની અન્ય ગણત્રીઓ માટે આ વિધાનોને આધારરૂપ ગણીને ચાલવામાં આવે છે.

કોઇ વાતને સમજવી હોયતો કેટલીક મૂળભુત બાબતોનો આધાર લેવો જરૂરી હોય છે, જે સ્વયં પ્રમાણરૂપ હોય, જેને માટે વિવાદ ન હોય, જેનો ઘણા લોકો સ્વિકાર કરતા હોય, તેમજ જે સત્યના આધારે સ્વિકૃત થયેલ હોય.

ભુમિતિના સ્વયં સિધ્ધ વિધાનોની માફક આવો આધાર સામાન્યતઃ સ્વિકૃત હોવો જોઇએ. વર્તુળના વિભાજનમાં ૩૬૦ ડીગ્રી કેમ તેનો વિવાદ ન હોય. ગણિતશાસ્ત્ર સમજવા માટે આ વિધાનજ એક પાયો છે.

તેવીજ રીતે પુષ્ટિમાર્ગને સમજવો હોય તો તે માટે કાંઇક આધાર લેવો જોઇએ. એવો આધાર જેને વિદ્વાનો સ્વિકારતા હોય, જેનો આધાર સત્યતા હોય-સચ્ચાઇ હોય.

સત્ય એ પરમાત્માનો પર્યાય છે. સત્ય એટલે જ ઇશ્વર અથવા ઇશ્વર સત્ય છે. આ સૌ કોઇ જાણે છે અને સ્વિકારે છે.

સત્ય અને ઇશ્વર બે જુદા નથી. તેમાં અદ્વૈતપણુ રહેલું છે. પરમાત્માના ત્રણ તત્વો સત્, ચિત્ત અને આનંદમાં સત્ એટલે સત્યપણું રહેલું છે.

જ્યારે પરમાત્મા અને સત્ય બે અલગ ન હોય તો પરમાત્મા કહે તે સત્યજ હોય. સત્ય સિવાય પરમાત્મા કંઇજ ન કહે. પરમાત્માની વાણી સાચીજ હોય તે નિર્વિવાદ છે. તે ક્યારેય ખોટું ન કહે માટે તેમની વાણી પ્રમાણભુત માની શકાય. તેને અન્યથા પ્રમાણિત કરવાની જરૂરત નહોય.

આથી શ્રીમદ્વલ્લભાચાર્યજી પોતાના શાસ્ત્રાર્થ પ્રકરણ ગ્રંથમાં આજ્ઞા કરે છે.

**વેદાઃ શ્રીકૃષ્ણ વાક્યાનિ, વ્યાસ સુત્રાણિચૈવહિ,**
**સમાદિભાષા વ્યાસસ્ય પ્રમાણં ચતુષ્ટયમ્ઃ**

અર્થાત પોતાના સિધ્ધાંતોના પ્રતિપાદન માટે શ્રીમહાપ્રભુજીએ વેદો, ગીતાજીમાં કહેવાયેલ શ્રીકૃષ્ણની વાણી, મહર્ષિ વ્યાસજી રચિત બ્રહ્મસુત્રો અને શ્રીમદ્ ભાગવતજીની સમાધિ ભાષા એ ચાર પ્રમાણોનો આધાર સ્વિકાર્યો છે.

આ ચારે પ્રમાણો ભગવદ્ વાણી રૂપ છે માટે તે સત્યજ હોય, વિવાદથી પર હોય એટલે તેને સ્વિકારી તેના આધારે શ્રીમહાપ્રભુજીએ પોતાના સિધ્ધાંતો સમજાવ્યા છે.

આ પ્રમાણોને 'પ્રમાણ ચતુષ્ટય' કે 'પ્રસ્થાન ચતુષ્ટય' કહેવામાં આવે છે. પ્રસ્થાનની વ્યાખ્યા કરવામાં આવી છે કે જેના બતાવેલા માર્ગે ઇશ્વર પ્રત્યે, મુક્તિ પ્રત્યે કે જ્ઞાન પ્રત્યે જઇ શકાય તેનું નામ 'પ્રસ્થાન'.

ઉપર કહ્યું તેમ આ ચારેય પ્રમાણોને સ્વયં સ્વિકૃત માનવામાં આવ્યા છે. તેની સત્યતા ઉપર વિવાદ નથી. સર્વે આચાર્યો એ પોત પોતાના મતોના કે વાદના પ્રતિપાદન માટે આ પ્રમાણો

સ્વિકાર્યા છે અને તેના આધારે જ પોતાનું તત્વજ્ઞાન રજુ કર્યુ છે. તેજ મુજબ શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગનું હાર્દ સમજાવવા, 'શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કરવા માટે આ ચાર પ્રમાણભુત શાસ્ત્રોનો આધાર લીધો છે.

**વેદ :** વેદ એ પરબ્રહ્મ પરમાત્માનું જ સ્વરૂપ છે અને તેથી વેદને પણ 'બ્રહ્મ' શબ્દથી ઓળખવામાં આવે છે. વેદ અપૌરૂષેય છે. કોઇ માનવી દ્વારા તેની રચના કરવામાં આવી નથી. સ્વયં ભગવાનની તે વાણી છે અને આદિકાળથી પરંપરાગત રીતે ઋષિમુનિઓ દ્વારા એકથી બીજાને કહેવાતી આવી છે. આમ ભગવાનના નિશ્વાસ રૂપ વેદનો અક્ષરમાત્ર પ્રમાણ છે, સ્વિકાર્ય છે.

વેદોના અર્થઘટન વિશે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે-

**અલૌકિકોહિ વેદાર્થો ન યુક્ત્યા પ્રતિપાદ્યતે,**
**તપસા વેદયુક્ત્યા તુ પ્રસાદાત્ પરમાત્મનઃ**

અર્થાત : વેદનો અર્થ અલૌકિક છે તેને લૌકિક યુક્તિઓ વડે જાણી શકાતો નથી પણ તપ, વૈદિક યુક્તિ અને પરમાત્માની કૃપાથીજ તે જાણી શકાય છે.

વેદો અને તેના સાર રૂપ રચાયેલ ઉપનિષદોમાં બ્રહ્મ, જીવ-જગત ઇત્યાદી વિષયો ને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. **ઇશાવાસ્યોપનિષદમાં** કહેવાયું છેઃ

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે,**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમેવાવશિષ્યતે.**

પરબ્રહ્મ પરમાત્માના પૂર્ણ પુરૂષોત્તમત્વનું આમ પ્રતિપાદન કરે છે.

**ઐતરયોપનિષદમાં** કહેવાયું છે- આ જગતની ઉત્પત્તિ પૂર્વે એક આત્મા (પરમાત્મા)નું જ અસ્તિત્વ હતું. અન્ય કાંઇ ન હતું. એ આત્માએ વિચાર્યું 'ચાલ હું ભિન્ન ભિન્નનું સર્જન કરૂં'

અને આ રીતે વિભિન્ન લોકોનું સર્જન થયું.

**છાંદોગ્યોપનિષદમાં** કહ્યું છે- 'જે આત્મા પાપરહિત, વૃધ્ધાવસ્થારહિત, મૃત્યુરહિત, શંકારહિત, શ્રધ્ધારહિત, તૃષારહિત અને સત્ય ભોગવાળો તથા સત્ય સંકલ્પવાળો છે તે જાણવાયોગ્ય છે.'

**મુંડકોપનિષદ** કહે છે- 'જેમ સારી રીતે સળગી ઉઠેલા અગ્નિમાંથી હજારોની સંખ્યામાં એક સરખા તણખા ઉત્પન્ન થાય છે તે પ્રમાણે અક્ષરબ્રહ્મમાંથી અનેક પ્રકારના સત્વ જન્મ પામે છે અને પાછા તેમાં સમાઇ જાય છે...'. આજ વાત **બ્રહદારણ્યક ઉપનિષદ** માં આ રીતે સમજાવી છે- 'જે પ્રમાણે કરોળિયો મોઢામાંથી લાળ કાઢે છે, જે પ્રમાણે અગ્નિમાંથી નાના નાના તણખા નીકળી આવે છે તે પ્રમાણે જ આ આત્મામાંથી બધા પ્રાણ બધી દુનિયાઓ, બધા દેવો, બધા જડ ચેતન ભુત પ્રાણીઓ નીકળી આવે છે.'

**છાંદોગ્ય ઉપનિષેદ** કહે છે- 'સર્વ ખલ્વિદં બ્રહ્મ'. આ સર્વકાંઇ છે તે બ્રહ્મજ છે અથવા બ્રહ્મનું રૂપ છે. વળી **તૈતરીય ઉપનીષદ** સમજાવે છે- 'બ્રહ્મ વિદ્ આપનોતિ પરં,' બ્રહ્મને જાણનારો પરબ્રહ્મને પામે છે.

**તૈતરીય ઉપનિષદ** સ્પષ્ટતા કરે છે- 'પૂર્વે આ અવ્યક્ત હતું, એમાંથી વ્યક્તનો વિકાસ થયો. એ સત તત્વે પોતે પોતાનો વિકાસ કર્યો.' **છાંદોગ્ય ઉપનિષદ** આ વાતની પુષ્ટિ કરતાં કહે છે- 'પૂર્વે એક માત્ર અદ્વિતિય હતું. તેને ઇચ્છા કરી હું બહુ થાઉં વિકાસ કરૂં.' **બૃહદારણ્યક ઉપનિષદ** પણ આજ વાત કરે છે- 'એ કદી રમ્યો ન હતો, આમ એકલો રમતો નથી, એણે બીજાની ઇચ્છા કરી, એ આવડો (જેમાં જડ જગત અને ચેતનજીવો) થયો.'

**ગોપાલતાપનીયોપનિષદ** માં કૃષ્ણના સ્વરૂપને સમજાવતા કહ્યું છે- 'કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃતિવાચકઃ, તયોરૈકયં પરં બ્રહ્મ કૃષ્ણ ઇત્યભિધીયતે' અર્થાત 'કૃષ' એ સત્તાવાચક શબ્દ છે અને 'ણઃ' આનંદ (સુખ) વાચક છે. તે બેનું ઐકય- પરબ્રહ્મ સદાનંદ કહેવાય છે. આમ વેદમાં પરબ્રહ્મ કૃષ્ણનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત સર્વે તથ્યો વેદ પ્રતિપાદિત છે જેનો આધાર શ્રીમહાપ્રભુજી એ પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોને સમજાવવા કર્યો છે.

**શ્રીગીતાજી (કૃષ્ણવાક્યાની)** :- પ્રત્યેક કલ્પમાં પરબ્રહ્મ પરમાત્માએ શ્રીકૃષ્ણના સ્વરૂપે અવતાર ધારણ કર્યો છે. પરંતું સારસ્વત કલ્પમાં પરબ્રહ્મ પરમાત્મા સ્વયંજ શ્રીકૃષ્ણ રૂપે ભુતલ ઉપર અવતરીત થયા અને અનેક લીલાઓ કરી હતી. આમ આ કલ્પમાં પ્રકટ થયેલ શ્રીકૃષ્ણ એ પરમાત્મા પોતેજ સાક્ષાત સ્વરૂપે હતા. મહાભારતના યુધ્ધ સમયે અર્જુનને થયેલ મોહનો નાશ કરવા રણભુમિમાં ભગવાન શ્રીકૃષ્ણએ ઉપદેશ આપ્યો છે. તે સમયે અર્જુનને નિમિત્ત બનાવી પોતાના સ્વરૂપ વિશે તેમજ જીવ-જગત ઇત્યાદી વિષયોની સ્પષ્ટતા તેમણે કરી છે. આ ભગવાનના સ્વમુખની વાણી હોઇ શ્રીમહાપ્રભુજી એ તેનો પણ એક આધારભુત પ્રમાણના રૂપમાં સ્વિકાર કર્યો છે. આ વાક્યોમાં પણ ઉપરોક્ત વેદોના વચનોની પુષ્ટિ મળે છે.

શ્રીકૃષ્ણ સ્વયં ઉપરોક્ત વાક્યોની પુષ્ટિ કરતાં કહે છે- '**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ**' બધા વેદોથી હુંજ વૈદ્ય છું, બીજું કોઇ નહીં. '**યદાદિત્ય ગતં તેજો, જગદ્ ભાસયતેડખિલમ, યચ્ચંદ્રમસિ યચ્ચાગ્નૌ તત્તે જો વિધ્ધિમામકમ્**' સુર્યમાં રહેતું તેજ જે આખા જગતને ઉજાળે છે, જે ચંદ્રમાં, જે અગ્નિ છે તે તેજને મારૂં અલ્પાંશ જાણ.

વળી કહે છે '**યસ્માત્ ક્ષરમતી તોહ મક્ષરાદપિ ચોત્તમઃ, અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરૂષોત્તમઃ**' 'અને તેથી ક્ષરથી પર હું અક્ષરથી પણ ઉત્તમ છું. આથી લોકમાં અને વેદમાં પ્રસિધ્ધ છુ, પુરૂષોત્તમ છું.'

'**મમૈવાંશો જીવ લોકે જીવ ભુતઃ સનાતન–**' 'જગતમાં જીવરૂપે રહેલો આત્મા મારો જ અંશ છે.' એ રીતે જીવ એ પરમ તત્વનો જ એક અંશ–ભાગ છે તેવી સ્પષ્ટતા કરે છે.

જડ–ચેતનાત્મક સૃષ્ટિને સ્પષ્ટ કરવા બીજા અધ્યાયમાં કહે છે 'જેમાંથી આ સમગ્ર જડ–ચેતનાત્મક જગતનો વિસ્તાર થયો છે તે તત્વ અવિનાશી છે. સમગ્ર જડ–ચેતનાત્મક મહાભુતો આરંભે અવ્યક્ત હતાં. એનો આવિર્ભાવ થતાં એ વ્યક્ત થયાં અને તિરોભાવ થતા પાછા અવ્યક્ત થઇ જાય છે.'

ભક્તિનું માહાત્ય સમજાવતાં શ્રીકૃષ્ણ કહે છે 'મારામાં મનપરોવી પરમ શ્રધ્ધા કરી જેઓ સતત મને ભજી રહેલા છે તેઓ મને સૌથી વધુ પ્રિય છે.'

તેઓ આગળ જતા સમજાવે છે. મારામાં બધા કર્મોનો વિનિયોગ કરી, મારામાંજ એકતાન થઇ, અનન્ય યોગો કરી મારૂં ધ્યાન કરે છે અને ભજે છે તેવા જેઓએ મારામાંજ ચિત્તને પરોવી દીધું છે તેવા ભક્તોનો સંસાર સાગરમાંથી તરતજ ઉધ્ધાર કરનારો હું છું... બધા પ્રાણીઓ તરફ દ્વેષ ન રાખનાર બધાનો મિત્ર, બધામાં દયા રાખનાર, મમતા વિનાનો, અહંકાર વિનાનો દુઃખ અને સુખમાં સમાન ક્ષમાવાળો, સંતોષી, પ્રભુમાં સતત જોડાઇ રહેલો, નિયમમાં છે જેનો આત્મા તેવો, દૃઢ નિશ્ચયવાળો મને વધુ વહાલો છે.

શરણાગતિનો બોધ આપતા શ્રીકૃષ્ણ અઢારમાં અધ્યાયમાં કહે છે '**સર્વ ધર્માન્ પરિતજ્ય મામેકં શરણં વ્રજ, અહં ત્વાં સર્વ**

પાપેભ્યો મોક્ષ ઇશ્યામિ મા શુચ'. 'હે અર્જુન, તું તારા સર્વ ધર્મોનો ત્યાગ કરી એક માત્ર મારા શરણે આવ (મારૂં શરણ સ્વિકાર), હું તને સર્વે પ્રકારના પાપમાંથી મુક્તિ અપાવીશ, તું શોક કરીશ નહી.'

ભગવાનના આવા અનેક વચનોનો આધાર લઇ શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મનું, જીવ-જગતનું સ્વરૂપ, ભક્તિનું પ્રાધાન્ય અને શરણાગતિનો સિધ્ધાંત સમજાવ્યો છે.

**બ્રહ્મ સુત્રો :** ભગવાન શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીએ વેદાંતની સમીક્ષા કરવા માટે, તેના અર્થોને વધુ સ્પષ્ટ કરવા માટે 'બ્રહ્મસુત્રો'ની રચના કરી છે. આને 'વ્યાસસુત્રો' પણ કહેવાય છે. બ્રહ્મસુત્રોના ચાર અધ્યાય છે.

આ ચાર અધ્યાયમાં વેદાંત વાક્યોનો સમન્વય સાધેલો છે. તેમાં શ્રુતિ તથા સ્મૃતિના વાક્યોનો અવિરોધ અથવા એકરૂપતા પ્રતિપાદિત કરેલી છે, બ્રહ્મજ્ઞાન, બ્રહ્મધર્મો, બ્રહ્મફલક, સર્વાત્મભાવ ઇત્યાદીનું સ્પષ્ટિકરણ કરવામાં આવેલું છે. તેમાં સચ્ચિદાનંદ બ્રહ્મનું આનંદમય સ્વરૂપ અને તેની લીલાનિત્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ચારેય અધ્યાય પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલરૂપ છે.

સંક્ષિપ્તમાં બ્રહ્મસુત્રોનો સાર આ પ્રમાણે છે.

૧) આ દ્રશ્ય અને શ્રુત જગતનું મુળ કારણ સર્વ શક્તિમાન પૂર્ણ સર્વજ્ઞ બ્રહ્મ છે. જગતનું નિમિત્ત કારણ એ બ્રહ્મજ છે. વળી બ્રહ્મની બહાર એનું અસ્તિત્વ નથી. બ્રહ્મ જગતરૂપે થવા છતાં તે નિર્વિકાર છે. મોક્ષની ઇચ્છા રાખનારા સાધકો આ બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

૨) અવિકારી આ બ્રહ્મના બે સ્વરૂપ છે. એક 'કાર્ય બ્રહ્મ' જે જગત ઉપર અધ્યક્ષરૂપે છે અને 'કારણ બ્રહ્મ' જેનાથી જીવો ઐશ્વર્યાદિના ભોક્તા બને છે.

૩) જગતએ બ્રહ્મનું કાર્ય છે, જ્યારે જીવ સાથે તેનો સંબંધ અંશ-અંશીનો છે. બ્રહ્મથી છુટા પડવાથી જીવના સ્વાભાવિક ધર્મ ઢંકાયેલ રહે છે અને તે કર્મને વશ બની જાય છે. દેહધારી જીવાત્મા સાથે પરમાત્મા અંતર્યામી સ્વરૂપે રહે છે, જે તેના કર્મોનો પ્રેરક રહે છે.

૪) ચૈતન્યરૂપ પરબ્રહ્મની બે અવસ્થા છે- નિર્વિશેષ અને સવિશેષ.

**શ્રીમદ્ ભાગવત (સમાધી ભાષા) :-** સામાન્યતઃ અન્ય આચાર્યોએ ઉપરના ત્રણ પ્રમાણોને જ સ્વિકાર કર્યા છે. પરંતુ શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીમદ્ભાગવતને મુખ્ય પ્રમાણ રૂપ માન્યું છે.

શ્રીમદ્ ભાગવતએ વેદ કલ્પતરૂનું રસમય પરિપકવ ફલ છે જેને કારણે તે વેદ તુલ્ય પણ છે અને ફલરૂપ પણ છે માટે તેનું મહત્વ ઘણું વધી જાય છે.

જેને વેદોમાં 'બ્રહ્મ'ના નામથી અને શ્રુતિઓમાં 'પરમાત્મા'ના નામથી વર્ણવવામાં આવ્યા છે તેને શ્રીભાગવતજીમાં 'ભગવાન' કહ્યા છે. શ્રીભાગવતજી કહે છે **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્'** શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે.

ભગવાનના પૂર્ણ જ્ઞાનાવતાર શ્રીકૃષ્ણ દ્વૈપાયન વેદ વ્યાસજી છે તેમનો અવતાર ભક્તિ પ્રવર્તન માટે થયેલ છે. બ્રહ્મસુત્રોની રચનાથી પણ પૂર્ણ સંતોષ ન થતાં નારદજીના સૂચનથી તેમણે સમાધિમાં ભગવદ્ લીલાનું અનુસ્મરણ કર્યું જેથી શ્રીવ્યાસજીને સમાધિમાં ભક્તિયોગ દ્વારા ભગવાનની વિવિધ લીલાઓના દર્શન થયાં જેનું વ્યક્તરૂપ તે શ્રીમદ્ ભાગવતજી છે. તે ભગવાનનું વાંગમય સ્વરૂપ છે.

ભાગવતજીના બીજા સ્કંધના નવમા અધ્યાયમાં ભગવાન સ્વયં કહે છે :

૧) હું શ્રીકૃષ્ણ પહેલાં હતો, બીજું કાંઇ ન હતું. આ જે જગત દેખાય છે, તે હુંજ છું. પ્રલય પછી બાકી રહેશે તે પણ હું જ હોઇશ.

૨) આત્મામાં જે છે તે દેખાતું નથી અને જે નથી તેની પ્રતિતિ થાય છે. તે માયાના કારણે દર્પણના આભાસની માફક છે.

૩) ભગવાન બધામાં હોવા છતાં તેનું અલગ અસ્તિત્વ છે.

૪) બ્રહ્મ સર્વ રૂપ હોવા છતાં સર્વથી અલગ રહીને પણ બધેજ હોય છે.

ભગવાન સ્વયં શ્રીકૃષ્ણના રૂપમાં અવતરીત થવાના અને તેમના દ્વારા ભક્તિની ઉત્કૃષ્ટતા વ્યક્ત થયાના અનેક પ્રમાણો શ્રીમદ્ ભાગવતજીમાં પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ વેદ, શ્રીકૃષ્ણ વાક્ય ગીતા, વ્યાસ સુત્રો અને સમાધિભાષા રૂપ ભાગવતને પ્રમાણ રૂપ સ્વિકારી પોતાના 'શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ'ના સિધ્ધાંતોના આધારે પુષ્ટિમાર્ગને એક પ્રમાણિત માર્ગ તરીકે પ્રતિપાદિત કર્યો છે.

આ શાસ્ત્રોના આધારે કેવળ શ્રીકૃષ્ણજ પરબ્રહ્મ પરમાત્માનું સાક્ષાતસ્વરૂપ હોઇ એક માત્ર તેનીજ સેવા માટે આગ્રહ રાખ્યો છે અને તેની સહજરૂપ દાસભાવથી સર્વ સમર્પણ કરી સેવા કરતાં કરતાં ઉચ્ચતમ કોટીની પ્રેમલક્ષણા ભક્તિ સિધ્ધ થતાં ભગવદ પ્રાપ્તિ કરવાના રાજમાર્ગ-પુષ્ટિમાર્ગને પ્રસ્થાપિત કર્યો છે.

*

'ધર્મ અને જ્ઞાન સાધન છે. ભગવાનનો આવિર્ભાવ સાધ્ય છે. ભગવાનનો આવિર્ભાવ થયા પછી ભગવાનમાં પ્રવેશ અર્થાત તેમની પ્રાપ્તિ એ ફલ છે. આ સર્વ ભાગવતમાંથી પ્રાપ્તિ થાય છે. તેથી ભાગવત ઉત્તમ કલ્પવૃક્ષ છે'.

## પુષ્પ - ૬

# ❋ વૈષ્ણવ ધર્મ ❋

વિષ્ણુપુરાણમાં વૈષ્ણવની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે.

**ન ચલતિ નિજવર્ણધર્મતો યઃ સમમતિરાત્મ સુહૃદ્વિપક્ષ પક્ષે ।**
**ન ચ હરતિ ન ચ હંતિ કિંચિદુચ્ચૈર્જિતમનસં તમવેહિ વિષ્ણુભક્તં ॥**

અર્થાત : જેનામાં બાહ્ય અને અભ્યંતર વૈષ્ણવધર્મ દેખાતા હોય અથવા જેને વૈષ્ણવ ગુરૂ પાસેથી વિધિપૂર્વક વૈષ્ણવમંત્રની દીક્ષા પ્રાપ્ત થઇ હોય અને જે પોતાના વર્ણાશ્રમ ધર્મમાંથી ચલાયમાન ન થાય, જે શત્રુ-મિત્રને સમાન દેખે, જે કોઇની વસ્તુ ન ચોરે, કોઇ પણ પ્રાણીની હિંસા ન કરે, કોઇના ઉપર ગુસ્સે થાય નહીં, પ્રાણીમાત્ર ઉપર દયા રાખે અને જેને પોતાના મનને જીત્યુ છે તથા જેને ગુરૂ અને ઇશ્વરમાં દ્રઢ ભક્તિ હોય. તેને 'વિષ્ણુભક્ત' અથવા 'વૈષ્ણવ' કહેવો.

વૈષ્ણવ શબ્દ વિષ્ણુ ઉપરથી આવ્યો છે. વિષ્ણુ શબ્દ વેદમાં પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વરના અર્થમાં વપરાયો છે. જે આ જગતના અણુયે અણુમાં વ્યાપ્ત છે તે વિષ્ણુ. આવા પરમાત્મા વિષ્ણુની ભક્તિ કરનાર ભકતને વૈષ્ણવ કહેવાય છે.

ઉપરના શ્લોકમાં આવા વૈષ્ણવના લક્ષણ અને ગુણો બતાવવામાં આવ્યા છે. બીજા અર્થમાં કહીયે તો જે ઉપરોક્ત ગુણોને આચરણમાં મુકે તે વૈષ્ણવ અને તે ગુણોને આચરવા તે 'વૈષ્ણવધર્મ' કહેવાય.

અહિં વિષ્ણુના સ્વરૂપને સ્પષ્ટ રીતે સમજવાની આવશ્યક્તા છે. પરબ્રહ્મ પરમાત્માના અનેક નામો છે. તેમાનું એક નામ વિષ્ણુ પણ છે. આમ વિષ્ણુ શબ્દ એ પરમાત્માનો પર્યાયવાચી શબ્દ કહી શકાય.

પરમાત્માએ આ સૃષ્ટિની રચના માટે રાજસ, સાત્વિક અને તામસ એ ત્રણ ગુણ યુક્ત ત્રણ દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પોતાનામાંથી પ્રકટ કર્યા છે. તેમના દ્વારા સૃષ્ટિના સર્જન, પાલન અને લયની પ્રક્રિયા અવિરત ચાલે છે. પરમાત્મા સ્વરૂપ વિષ્ણુ અને ત્રિદેવ પૈકિના એક દેવ વિષ્ણુ બન્નેના સામર્થ્ય અને ગુણોમાં ભેદ હોવા છતાં બન્નેના ઉપાસક વૈષ્ણવ કહેવાય છે. ભગવાન વિષ્ણુના અનેક અવતારો થયા છે. એ સર્વે અવતારોના ઉપાસક પણ વૈષ્ણવ કહેવાય. પરબ્રહ્મ પરમાત્માનું આકાર સ્વરૂપ કૃષ્ણ એ પુર્ણાનંદ છે, સર્વ ગુણ યુક્ત છે અને પરમાત્મા વિષ્ણુનું જ સ્વરૂપ છે. માટે શ્રીકૃષ્ણના ભક્તો પણ વૈષ્ણવ જ કહેવાય છે. આમ વૈષ્ણવની વ્યાખ્યા ઘણી વ્યાપક છે.

શ્રીવલ્લભાચાર્યજી એ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ શ્રીકૃષ્ણની ભક્તિનું પ્રતિપાદન કર્યું છે. તેઓ પુર્ણપુરૂષોત્તમ હોઇ તેમનીજ સેવાનો આપે નિર્દેશ કર્યો છે માટે શ્રીવલ્લભના સેવકો, પુષ્ટિમાર્ગના અનુયાયીઓ 'વૈષ્ણવ' કહેવાય છે. અન્ય વૈષ્ણવોથી અલગ ઓળખ રાખવા. તેઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કે વલ્લભીય વૈષ્ણવ પણ કહેવાય છે અને તેમના દ્વારા આચરણ કરાતો ધર્મ એ 'વૈષ્ણવ ધર્મ' અથવા 'ભાગવત ધર્મ' તરીકે ઓળખાય છે.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિના પ્રકારમાં રૂચી અને અધિકાર અનુસાર દૈવીજીવોને બે વિભાગમાં વહેંચ્યા છે. (૧) મર્યાદા ભક્ત અને (૨) પુષ્ટિ ભક્ત. મર્યાદા ભક્ત શાસ્ત્રોના નિયમ અનુસાર જપ, તપ, દાન ઇત્યાદી સાધનો દ્વારા પ્રભુની ઉપાસના કરે છે, જ્યારે પુષ્ટિ ભક્ત શુધ્ધ નિષ્કામ એવી પ્રેમલક્ષણા

ભક્તિને અનુસરે છે.

પુરાણોમાં અનેક મર્યાદા ભક્તોના ચરિત્રો પ્રાપ્ત થાય છે. પ્રલ્હાદજી, ધ્રુવજી વગેરે અને અર્વાચિન યુગના નરસિંહ મહેતા, મીરાંબાઇ, સંત તુકારામ વગેરે આ કક્ષાના વૈષ્ણવો હતા. તેમણે વૈષ્ણવતાના ઉચ્ચ શિખરો સર કર્યા હતાં. નરસિંહ મહેતાએ પોતાના ભજન 'વૈષ્ણવજન તો તેને કહિયે' માં ઉત્તમ વૈષ્ણવોના લક્ષણોનું નિરૂપણ કર્યું છે., જે આ પ્રમાણે છે :- (૧) પારકાના દુઃખ પ્રત્યે સંવેદનશીલતા (૨) બીજાના ઉપર ઉપકાર કરનારા (૩) ઘમંડ રહિત (૪) સર્વને વિનમ્રભાવે વંદન કરનાર (૫) કોઇની પણ નિંદા ન કરનાર (૬) મન, વચન અને વર્તનમાં એકરૂપ રહેનાર (૭) મિત્ર તથા શત્રુને સમાન દ્રષ્ટિથી જોનાર (૮) ઇચ્છા ભોગવવાની વૃત્તિનો ત્યાગ કરનાર (૯) પરસ્ત્રી પ્રત્યે માતા સમાન ભાવ રાખનાર (૧૦) કદી અસત્ય ન બોલનાર (૧૧) પ્રામાણિક અને નિતિવાન (૧૨) સંસારી સુખ પાછળ ન દોડનાર (૧૩) સંસારાસક્તિ વગરનો (૧૪) સેવા સત્સંગ અને સ્મરણનો આગ્રહી. (૧૫) તીર્થો સમાન પવિત્ર (૧૬) કોઇપણ પ્રકારના લોભ વગરનો (૧૭) દંભ અને પાખંડ રહિત અને (૧૮) કામ અને ક્રોધના ઉપર વિજય મેળવનાર.

ઉપરના સર્વે ગુણો બહિરંગ વૈષ્ણવતાના લક્ષણો છે, જે કોઇ પણ પ્રકારના વૈષ્ણવે આત્માસાત કરવા આવશ્યક છે. આ બધા ગુણો હોવા તે 'વૈષ્ણવ ધર્મ' ની અનિવાર્યતા ગણાય અને ચાહે તે સામાન્ય વૈષ્ણવ હોય, મર્યાદા ભક્ત હોય કે પુષ્ટિ ભક્ત એટલે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોય તેનામાં આ પાયાના ગુણ ધર્મો વિદ્યમાન હોવા અત્યંત આવશ્યક ગણાય.

બહિરંગ વૈષ્ણવતાના ઉપરોક્ત લક્ષણો ઉપરાંત અંતરંગ વૈષ્ણવતાના લક્ષણો પણ બતાવવામાં આવ્યાં છે, જે પુષ્ટિ ભક્તો માટે આવશ્યક છે. પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે આ ગુણો ધારણ

કરવા જોઇએ.

૧) પોતાના સ્વામી પુર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણનોજ દ્રઢાશ્રય રાખવો.

૨) પ્રાણી માત્ર ઉપર દયા રાખવી.

૩) વૈષ્ણવી વર્તનને અનુરૂપ આચરણ કરવું અર્થાત ચિત્તની પ્રસન્નતા, ભગવદ્ ઇચ્છામાં આસ્થા, સત્સંગનો આગ્રહી સતત ભગવદ્ સ્મરણ કરનાર, પોતાના દ્રવ્યનો ભગવદ્ કાર્યમાં વિનિયોગ, ભગવદ્ વાર્તા કિર્તન કરનાર, અન્ય કોઇનું પણ અહિત ન ઇચ્છનાર, કોઇનો પણ અનાદર ન કરનાર, કટુવાણી ન બોલનાર, આ સર્વે ગુણો તેનામાં હોવા જોઇએ.

૪) હરિ ગુરૂ વૈષ્ણવની સમાનભાવથી સેવા કરવી.

૫) વૈષ્ણવો પ્રત્યે સદ્‌ભાવ રાખવો, ભગવદીયોમાં પ્રેમ રાખવો.

૬) સ્વમાર્ગીય ગ્રંથોનો સ્વાધ્યાય કરવો.

૭) વિવિધ અપરાધોથી બચવું.

૮) સેવા, સત્સંગ, સ્મરણમાં આળસ ન કરવી.

૯) પ્રભુને સમર્પિત વસ્તુઓનોજ ઉપયોગ કરવો.

૧૦) બહિર્મુખ કે અવૈષ્ણવનો સંગ ન કરવો.

૧૧) સેવામાં દંભ કે પાખંડનું આચરણ ન કરવું.

૧૨) આવશ્યક આચાર વિચારનું આગ્રહપૂર્વક પાલન કરવું.

પુષ્ટિ પ્રભુની સેવા, કૃપા અને તેમની પ્રાપ્તિ માટે પ્રત્યેક વૈષ્ણવે ઉપરોક્ત સર્વે ધર્મોની આવશ્યક્તા ને સમજી તેને અનુસરવા જોઇએ. કેવળ અંતરંગ વૈષ્ણવતાના લક્ષણોને ધારણ કરવામાં આવે અને બહિરંગ લક્ષણો તેનામાં ન હોય તો તે સાચો વૈષ્ણવ કહી શકાય નહીં. વૈષ્ણવ બનતા પહેલા સૌજન્યશીલ મનુષ્ય બનવું અત્યંત આવશ્યક ગણાય. સદાચાર યુક્ત માણસ

બન્યા પછીજ કોઇપણ વ્યક્તિ વૈષ્ણવ તરીકે નો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે અને 'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ'તો તેની પરમ કક્ષા છે.

શ્રીહરિરાયજીએ નીચે પ્રમાણે વૈષ્ણવતાના સોપાનો બતાવ્યા છે. કોઇ પણ વ્યક્તિ સીધેસીધો ભગવદીય કે તાદૃશી વૈષ્ણવ બની શક્તો નથી. તેના વ્યક્તિત્વનો વિકાસ તબક્કાવાર થાય છે અને એક પછી એક પગથીયા ચઢી તે તાદૃશી વૈષ્ણવતાના શિખરે પહોંચે છે. આ સોપાનો નીચે મુજબના છે.

૧) **દાસ** : આ પહેલી કક્ષા છે. ભક્ત બ્રહ્મસંબંધની દીક્ષા લઇ ભગવાનના દાસ હોવાની કબુલાત કરી ગુરૂની આજ્ઞા પ્રમાણે સેવામાં તત્પર બને છે. દાસ તરીકે ગુરૂની આજ્ઞા માં વિશ્વાસ રાખી તે મુજબનું આચરણ કરે છે. આ કક્ષામાં તેને પ્રભુ પ્રત્યેનો પ્રેમ દ્રઢ થયેલ હોતો નથી.

૨) **સેવક** : જે સ્નેહપુર્વક સેવા કરે તેને સેવક કહેવાય. દાસ ભાવથી ગુરૂની આજ્ઞા પ્રમાણે સેવા કરતાં કરતાં શ્રીઠાકોરજીમાં તેને સ્નેહ જાગે છે. પ્રભુના સુખના વિચારો આવે છે અને સેવામાં ચિત્તને પરોવી સેવા કરવા લાગે છે. આ કક્ષા દાસ કરતાં વિશેષ છે.

૩) **ભગવદીય** : સેવક તરીકે સ્નેહપુર્વક સેવા કરતાં પ્રભુમાં આસક્તિ થાય, પ્રભુ વગર ન રહેવાય તેવી ચિત્રવૃત્તિ થઇ જાય ત્યારે તેને 'ભગવદીય' કહેવાય. આ અવસ્થામાં ક્યારે પ્રભુ તેના ઉપર કૃપા કરી તેને પોતાનો સાક્ષાત અનુભવ પણ કરાવે છે. તેનામાં ભગવાનના ષડગુણો પૈકિના ધર્મો પ્રગટ થાય છે માટે તે ભગવદીય કહેવાય છે.

૪) **તાદૃશી** : વૈષ્ણવતાની આ પરમ કક્ષા છે ભક્તને શ્રીઠાકોરજીનું વ્યસન થઇ જાય છે. તેને પરમ ફળરૂપ માનસી સેવા સિધ્ધ થઇ જાય છે. તેના અંતઃકરણમાં

શ્રીઠાકોરજીની લીલાઓનો સાક્ષાત અનુભવ થવા માંડે છે. પ્રભુ સાથે ભક્તની એવી તાદામ્યતા સધાઇ જાય છે કે ભગવાન પણ તે ભક્ત વિના રહી શકતા નથી. તાદૃશનો અર્થજ થાય 'તેના જેવા'. આમ તાદૃશી વૈષ્ણવ એ ઉચ્ચતમ કક્ષા છે.

શ્રીમહાપ્રભુજી, તેમજ શ્રીગુસાંઇજીના સેવકો-૮૪-૨૫૨ ભગવદીયો આવી ઉચ્ચત્તમ કક્ષાએ પહોંચ્યા હતાં. તેથી તેઓને પ્રભુની વિવિધ લીલાઓનો સાક્ષાત અનુભવ થતો હતો. પ્રભુ તેમની સાથે વાતો કરતાં, માંગીને આરોગતા, અનેક પ્રકારની અનુભુતિ કરાવતા. આ ભગવદીયોના ચરિત્રોમાં પુષ્ટિભક્તોની વૈષ્ણવતાના ઉચ્ચ આદર્શોની પ્રતિતી થાય છે.

ભક્ત કવિ દયારામ ભાઇ એ વૈષ્ણવતાની સાચી કસોટી નો માપદંડ પોતાની કવિતા 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદને ગુમાનમાં ઘુમે' માં બતાવ્યાં છે. સેવા સત્સંગના બાહ્યાચરણ થીજ સાચી વૈષ્ણવતા માપી શકાતી નથી. આપણા વિવિધ દોષોની આંતર્ખોજ કરી જ્યાં સુધી તેનું નિવારણ ન કરવામાં આવે ત્યાં સુધી આપણી વૈષ્ણવતા અધુરી ગણાય.

દયારામ ભાઇએ કહેવાતા વૈષ્ણવોના દોષો નીચે પ્રમાણે વર્ણવ્યા છે.

૧) અન્ય વૈષ્ણવને જોઇ તેનું હૈયું ન હરખે.

૨) પ્રભુના ગુણગાન ગાંતા તેનું હૃદય દ્રવે નહીં.

૩) પૈસા કમાવવા પાછળ આંધળી દોટ ચાલુ હોય.

૪) વારંવાર ક્રોધ આવતો હોય.

૫) પોતાના સંગનો રંગ બીજાને લાગી તે વૈષ્ણવ ન બને.

૬) અન્યના દુઃખ જોઇ તે સંવેદનશીલ ન બને.

૭) પારકાની નિંદા કર્યા કરે.

૮) પ્રભુ પ્રત્યે તેને સાચો સ્નેહ ન હોય.

૯) તેના મનમાં ખુબજ અભિમાન હોય.

૧૦) તે કોઇપણ વાતની હઠ ન મુકે.

૧૧) પરોપકાર કરવાની વૃત્તિ ન હોય.

૧૨) પ્રત્યેક બાબતમાં પોતાનોજ સ્વાર્થ જુએ.

૧૩) વિચારો અને આચારોમાં એકરૂપતા ન હોય.

૧૪) સેવા માટે નો નિશ્ચય અને રૂચિ ન હોય.

૧૫) પ્રભુમાં દ્રઢ વિશ્વાસ ન હોય.

૧૬) અનેક જણ પાસે વિવિધ પ્રકારની આશા સેવતો હોય.

૧૭) સાંસારીક જીવોને ગુરૂ માની તેનું દાસત્વ સ્વિકાર્યું હોય.

૧૮) શાસ્ત્રોના વિધાનો પર શ્રધ્ધા ન હોય.

આપણે આપણી જાતને ઉપરની કસોટીએ કસવી જોઇએ ત્યારેજ આપણી સાચી વૈષ્ણવતાનું મુલ્યાંકન થઇ શકે અને ત્યારેજ આપણે આપણા અવગુણોને દુર કરવા પ્રયત્નશીલ થઇ શકીએ.

વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યા પછી આપણે વૈષ્ણવી જીવન વ્યવહાર કરવો આવશ્યક ગણાય. જ્યાં સુધી આપણા દૈનીક આચરણમાં શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતો વણાઇ ન જાય ત્યાં સુધી તે સિધ્ધાંતોનું જ્ઞાન કારગત નિવડી શકે નહીં. પ્રત્યેક વૈષ્ણવે નીચે મુજબનો નિત્યક્રમ રાખવો આવશ્યક ગણાય.

વૈષ્ણવ તરીકે સવારે ઉઠતાંની સાથેજ પથારીમાં બેઠા બેઠા જ શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજીના ચિત્રોને બે હાથ જોડી દર્શન કરવા જોઇએ. તેમને વંદન કરવા જોઇએ. પ્રાતઃસ્મરણના શ્લોકો બોલી તેમનું સ્મરણ કરવું જોઇએ. ગળામાં પહેરેલી તુલસીની કંઠીને હાથમાં લઇ, દર્શન કરી, આંખે લગાડવી

જોઇએ. તે પછીજ પથારીમાંથી ઉઠી નિત્યકર્મમાં પ્રવૃત્ત થવું જોઇએ. દૈનિક જીવનમાં શુધ્ધિ અને પવિત્રતાનો આગ્રહ રાખવો જોઇએ. સ્નાન કરી શુધ્ધ ધોયેલા વસ્ત્ર ધારણ કરી ચરણામૃત લેવું અને કપાળે તિલક કરવું આવશ્યક છે. ચરણામૃત, શ્રીઠાકોરજીના ઝારીજીનું પ્રસાદી જળ, પ્રસાદી તુલસી લેવાથી દેહ, ઇન્દ્રિયો, મન પવિત્ર બને છે. બ્રહ્મસંબંધ કરેલા વૈષ્ણવે ગળામાં બે તુલસીમાળા સતત્ પહેરી રાખવી જોઇએ.

તે પછી ભગવદ્ સેવાનો જે પણ ક્રમ અનુકુળ હોય તે ગુરૂદેવની આજ્ઞા મુજબ કરવો જોઇએ. શ્રીમહાપ્રભુજીએ આપણી શક્તિ મુજબ ભગવદ્ સેવાની આજ્ઞા કરી છે. આપણે બ્રહ્મસંબંધ કરતી વખતે પ્રભુને આપણું સર્વ સમર્પણ કર્યું છે માટે યથાસંભવ બહારના ખાન-પાનનો ત્યાગ અને પ્રભુના પ્રસાદ દ્વારાજ ક્ષુધા-શાંતિ કરવી જોઇએ. અસમર્પિત ત્યાગ એ વૈષ્ણવી જીવનનું આવશ્યક અંગ છે.

રાત્રે સુતાં પહેલાં પણ થોડોક સમય સત્સંગ, ગ્રંથોનું વાંચન ઇત્યાદીનો નિયમ રાખવો જોઇએ. સુતીવખતે હાથ-પગ ધોઇ, ચરણામૃત લઇ, પ્રભુના ચિત્ર દર્શન કરી અષ્ટાક્ષરનો જપ કરતાં કરતાં નિંદ્રાધીન થવું જોઇએ.

આપણા ધંધા-રોજગારમાં પણ સત્યપરાયણતા અને નિતીયુક્ત આચરણનો આગ્રહ સેવવો જોઇએ.

'વૈષ્ણવ ધર્મ' એ કેવળ બાહ્ય આડંબર ની કે અમુક સમય આચરવાની પ્રક્રિયા નથી પરંતું આપણા સમગ્ર જીવન વ્યવહારનો એક અનોખો પ્રકાર છે, જે મુજબનું આચરણ કરતાં ભગવદ્ પ્રાપ્તિ ના પંથે અગ્રેસર થઇ શકાય છે.

*

## પુષ્પ - ૭

# ભક્તિમાર્ગ

પ્રત્યેક ધર્મ ઇશ્વર ને પ્રાપ્ત કરવાનો, તેનો સાક્ષાત્કાર કરવાનો માર્ગ બતાવે છે. હિન્દુધર્મ પણ મનુષ્યને ઇશ્વર તરફ અભિમુખ કરે છે. હિન્દુધર્મ સનાતન છે. તે કોઇ વ્યક્તિઓ કે વર્ગ કે કોઇ પ્રદેશ અથવા સ્થળ પુરતો મર્યાદિત નથી. તેનું આચરણ પણ કેવળ પ્રાસંગિક નથી માટે તે સનાતન છે.

ઇશ્વર પ્રાપ્તિ માટે હિન્દુધર્મની અનેક વિચાર ધારાઓ છે. જેમાં ત્રણ વિશેષ છે.

૧) આ જગતનું સંચાલન પુરૂષ અને પ્રકૃતિ દ્વારા ચાલે છે. મનુષ્ય તેના કર્મ પ્રમાણે ફળ પ્રાપ્ત કરે છે. ઇશ્વરના વૈશિષ્ટ્યને તે સ્વિકારતો નથી. આને 'સાંખ્ય દર્શન' કહેવાય છે.

૨) ઇશ્વર એક નિર્ગુણ નિરાકાર પરમ તત્વ છે. મનુષ્ય જ્ઞાન દ્વારા જગતને સર્વત્ર પરમાત્માના રૂપે જુએ છે અને નિરાકાર ઇશ્વરનો સાક્ષાત્કાર કરી તેમાં લય પામે છે. આને 'જ્ઞાનમાર્ગ' કહેવાય છે.

૩) ઇશ્વર પોતાની ઇચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરવાની ક્ષમતા ધરાવે છે. મનુષ્યાકાર રૂપ ભગવાનના સ્વરૂપની આરાધના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. આ વિચારધારા 'ભક્તિમાર્ગ' નામે ઓળખાય છે.

ગીતાજીમાં પણ ભગવાન શ્રીકૃષ્ણે મુખ્ય ત્રણ પ્રકારના માર્ગનો નિર્દેશ કર્યો છે. (૧) કર્મમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ (૩) ભક્તિમાર્ગ.

૧) **કર્મમાર્ગ**માં કર્મોના બે પ્રકાર છે. (૧) સકામ કર્મ (૨) નિષ્કામ કર્મ. ચોક્કસ પ્રકારના ફળની અપેક્ષા રાખી કરવામાં આવતું કર્મ 'સકામ કર્મ' કહેવાય છે. જ્યારે કોઇ પણ પ્રકારના ફળની આશા રાખ્યા વગર જે કેવળ સહજ ધર્મ તરીકે કરવામાં આવે તેને 'નિષ્કામ કર્મ' કહેવાય છે. ભગવાને ગીતાજીમાં આજ્ઞા કરી છે કે ફળની સ્પૃહા વગર કેવળ કર્મ કરવું તેજ મનુષ્યનો ધર્મ છે. યજ્ઞ, પૂજા, વ્રત, જપ, તપ, દાન, તીર્થયાત્રા વગેરે કાર્યો કર્મમાર્ગના સાધકો માટે આવશ્યક મનાયા છે.

૨) **જ્ઞાનમાર્ગ**ના સાધકો માટે ત્યાગ અને વૈરાગ્યને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. મનુષ્ય પોતાનામાં રહેલ 'હું' અને 'મારા પણા'ની ભાવનાનો ત્યાગ કરી ધર્મશાસ્ત્રો ના અધ્યયન દ્વારા સર્વત્ર ઇશ્વરના અસ્તિત્વનો અનુભવ કરે છે. પ્રાણી માત્રને ઇશ્વરનું રૂપ સમજે છે. પોતાના શરીર પ્રત્યે સભાન ન રહેતાં પોતાના આત્મામાં ઓતપ્રોત બને છે અને અંતે મોક્ષ પામે છે. આ માર્ગમાં મનુષ્યે ગૃહસ્થાશ્રમ છોડી સંન્યાસ ગ્રહણ કરવો આવશ્યક છે.

૩) **ભક્તિમાર્ગ** એ સાધનાનો માર્ગ નથી પરંતુ આરાધનાનો માર્ગ છે. સાધના કરવા ચોક્કસ નિયમોનું પાલન કરવું પડે છે જ્યારે આરાધનામાં પ્રેમ આવશ્યક છે. ભગવાનની પ્રેમ પૂર્વક સેવા કરવી તેનું નામ ભક્તિ. ભગવાનના મહાત્મ્યનું, તેમના ઐશ્વર્યનું જ્ઞાન મેળવી તેમનામાં દ્રઢ ભાવ રાખી તેમનામાં સૌથી વિશેષ પ્રેમ રાખવો તેનું નામ ભક્તિ. જ્યારે મનુષ્ય આ પ્રમાણે પ્રેમ પૂર્વક ભગવાનની

સેવા કરે ત્યારે તે તેમની કૃપા મેળવવા સૌભાગ્યશાળી બને છે.

ભગવદ્ ગીતામાં ભગવાને પોતે કહ્યું છે કે 'મારામાં મનને એકાગ્ર કરીને નિરંતર મારા ભજનમાં લાગી રહેલા જે ભક્તો મારામાં સંપુર્ણ શ્રધ્ધા રાખી મારા સાકાર એટલેકે આકૃતિમય સ્વરૂપને ભજે છે તેઓ ઉત્તમ ભક્ત છે.'

વળી તેમણે એમ પણ કહ્યું છે કે 'જે ભક્ત મારા નિરાકાર સ્વરૂપને એટલે કે એક તત્વના, એક ચૈતન્ય શક્તિના, રૂપમાં ભજે છે તેઓ પણ મનેજ પામે છે. પરંતું તેના કરતાં મારા સાકાર સ્વરૂપની ભક્તિ કરનાર ભક્ત ઉત્તમ છે, કારણ તે મારો પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે.' ભગવાનના વ્યક્ત સ્વરૂપની આરાધના ભક્તને કાયમ માટે તેમનું સાનીધ્ય અને સેવા પ્રાપ્ત કરાવે છે.

શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે પ્રભુનું માહાત્મ્ય એટલે કે તેમનું સામર્થ્ય, તેમના લક્ષણ, ગુણો વગેરે જાણીને તેમનામાંથી ડગે નહીં તેવો અન્ય સર્વેથી વિશેષ સ્નેહ ઉત્પન્ન થાય તેનું નામ ભક્તિ.

આમ ભક્તિ માટે ત્રણ બાબતો મહત્વની છે. (૧) ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન (૨) જગતના અન્ય સર્વે પદાર્થો, વ્યક્તિઓ કે સ્વયં પોતાના આત્માથી પણ વધુ તેમનામાં સ્નેહ એટલે કે પ્રેમ અને (૩) સારી રીતે દ્રઢ થયેલો, કોઇપણ સ્થિતિમાં ડગે નહીં તેવો પ્રેમ. સાચો પ્રેમજ એનું નામ કે જે દરેક સ્થિતિમાં એક સરખો રહે.

એક સર્વ સાધારણ બાબત છે કે કોઇના ઉપર આપણને પ્રેમ હોય એટલે સહજ રીતે તેની સેવા કરવાનું મન થાય. આવી સ્નેહપૂર્વકની ભગવાનની સેવાથી તેમને સહેલાઇથી પ્રસન્ન

કરી શકાય છે, તેમને પ્રાપ્ત કરી શકાય છે. આ પ્રકારનો ભગવાનને પ્રાપ્ત કરવાનો માર્ગ તે 'ભક્તિમાર્ગ' જે આગળ કહેવાયેલ કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ કરતાં ઉત્તમ છે, સરળ છે, સહજ છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગની સાધના માટે કેટલાક કડક નિયમોના પાલનની આવશ્યક્તા રહે છે. શાસ્ત્રોમાં તે વિશે કેટલાક વિધી નિષેધો બતાવેલા છે. અમુક વર્ણ કે વર્ગને શાસ્ત્રોમાં જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગની સાધનાથી પ્રતિબંધિત કરેલા છે. આ માર્ગોની સાધના માટે ચોક્કસ પધ્ધતિ અપનાવવી પડે છે. તેમાં દેશ, કાળ, કર્મ, કર્તા, દ્રવ્ય, મંત્ર ઇત્યાદી તદ્દન શુધ્ધ હોય તોજ તેનું ફળ પ્રાપ્ત થાય છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગના પાયામાં આચાર શુધ્ધિ અને દેહદમનનો પણ ઘણો આગ્રહ હોય છે.

આ સર્વે આવશ્યક્તાઓની તુલનામાં ભક્તિમાર્ગ ઘણો સુગમ છે. કોઇપણ જાતિ, વર્ગ કે વર્ણ કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર ભક્તિમાર્ગે ચાલીને ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. તેમાં કોઇ ચોક્કસ પ્રકારના નિયમોનું પાલન કરતાં ભગવાન પ્રત્યેનો અક્ષુણ્ણ પ્રેમ મહત્વનો હોય છે. ભક્તિમાર્ગમાં દેહદમનનું વિશેષ મહત્વ હોતું નથી. ભક્ત પોતાના કુટુંબ સાથે ઘરમાં રહીને ગૃહસ્થ તરીકેની ફરજો બજાવતાં બજાવતાં ભક્તિ કરી શકે છે. એ ભક્તિમાર્ગની વિશેષતા છે. ભક્ત પોતાના ઇષ્ટની ભક્તિમાં તન્મય અને તત્પર બની જાય છે. તેથી જગતનાં સુખઃદુખ તેને સ્પર્શી શકતાં નથી. તેનું સમગ્ર જગત ભગવાનમાં જ કેન્દ્રિત થઇ જાય છે, જેને કારણે તે જગતના કોઇ અભાવ થી પીડાતો નથી. તેનું મન શાંત, સ્વસ્થ અને સુખી હોય છે. મીરાંબાઇ, નરસિંહ મહેતા ઇત્યાદિ ભક્તો આનું તાદૃશ્ય ઉદાહરણ છે. ભક્તિમાર્ગનું આ વિશિષ્ટ લક્ષણ છે.

શાસ્ત્રો એ ભક્તિના નવ પગથિયાં બતાવ્યા છે. (૧)

શ્રવણ (૨) કિર્તન (૩) સ્મરણ (૪) પાદસેવન (૫) અર્ચન (૬) વંદન (૭) સખ્ય (૮) દાસ્ય (૯) આત્મનિવેદન. ભક્ત ક્રમશઃ એક પછી એક પગથિયાં ચઢી નવમાં પગથિયે પહોંચે ત્યારે તેને આત્મનિવેદન ભક્તિ પ્રાપ્ત થાય છે. પુરાણોમાં આ વિવિધ પ્રકારની ભક્તિ પ્રાપ્ત થયેલા અનેક ભક્તોના ચરિત્રો આપણને પ્રાપ્ત થાય છે. શ્રવણ ભક્તિ દ્વારા રાજા પરિક્ષિતે, કિર્તન ભક્તિ દ્વારા શ્રીશુકદેવજીએ, સ્મરણ ભક્તિ દ્વારા પ્રહલાદજીએ, પાદસેવન દ્વારા શ્રીલક્ષ્મીજીએ, અર્ચન ભક્તિ દ્વારા પૃથુરાજાએ, વંદન ભક્તિ દ્વારા અક્રુરજીએ, દાસ્ય ભક્તિદ્વારા શ્રીહનુમાનજીએ, સખ્ય ભક્તિદ્વારા અર્જુને અને આત્મનિવેદન દ્વારા બલીરાજાએ ભગવાનને પામ્યાના ઉદાહરણો આપણી સમક્ષ છે. આત્મનિવેદન ભક્તિની કક્ષા એ પહોંચતા ભક્ત સમજતો થાય છે કે પોતાના દેહ, પ્રાણ, ઇંદ્રિયો, અંતઃકરણ, તેના ધર્મો, ઘર, કંટુંબ, ધન ઇત્યાદિ સર્વે પ્રભુનું આપેલું છે અને તેથી તે સર્વાત્મ ભાવથી પ્રભુને સર્વ સમર્પણ કરી દે છે. ત્યારે તે ભક્ત પ્રેમલક્ષણા નામની ઉચ્ચતમ ભક્તિ પામવાને અધિકારી બને છે.

ગીતાજીમાં ભગવાને સ્વયં કહ્યું છે કે 'મારી ભક્તિ કરનારના હૃદયમાં મારૂં સ્વરૂપ રમે છે તો મારો ભક્ત મારા હૃદયમાં વસે છે.' સામાન્ય લૌકિક વ્યવહારમાં પણ સ્નેહ કોઇના ગુણદોષનો વિચાર કરતો નથી. તે સ્નેહીના સ્નેહનેજ જુએ છે. પ્રભુ પણ ભક્તની ભક્તિનેજ જુએ છે અને તેને જ વશ થાય છે. ભગવાન ભક્તના ઉપર કૃપા કરવા તેની કોઇ મર્યાદાઓનો કે ગુણદોષનો વિચાર કરતા નથી. તે કેવળ ભક્તની પોતાના પ્રત્યેની અનન્ય ભક્તિનેજ જુએ છે. પાંચ વર્ષના ધ્રુવજી પ્રભુને પામી શકયા હતા. નિષ્કિંચન મિત્ર સુદામા પ્રત્યેનો ભગવાનનો સખ્યભાવ અદ્વિતિય હતો. વાંકી કુબ્જાની સેવાથી પ્રભુ પ્રસન્ન થયા હતા. આ બધાં ઉદાહરણો ભક્તિમાર્ગની

સર્વોચ્ચતા સમજાવે છે. આ કારણથીજ ભક્તિમાર્ગના વિવિધ આચાર્યો શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય, શ્રીચૈતન્ય, શ્રીસહજાનંદ, શ્રીવલ્લભાચાર્યજી વગેરેએ ભક્તિમાર્ગનો જ બોધ પોતાના અનુયાયીઓને કર્યો છે.

પુષ્ટિમાર્ગનું પ્રતિપાદન કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યજી એ ઉપરોક્ત નવ પ્રકારની ભક્તિને 'મર્યાદા ભક્તિ' કહી છે અને પોતે તેથી વિશેષ એવી સર્વોત્તમ પ્રેમલક્ષણા ભક્તિનો દ્રષ્ટિકોણ જગતને આપ્યો છે, જે 'પુષ્ટિ ભક્તિ' કહેવાય છે.

મર્યાદા ભક્તિ માર્ગમાં ભક્તિની વિધી શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે પુષ્પ, તુલસી, કંકુ, ચંદન ઇત્યાદી જુદા જુદા દ્રવ્યોના અર્ચનથી થાય છે. એમાં ઇષ્ટ સ્વરૂપના સુખ કરતાં શાસ્ત્રોના નિયમોનું પાલન આવશ્યક હોય છે. જ્યારે પુષ્ટિભક્તિમાં શાસ્તોક્ત વિચારને સ્વિકારવા છતાં પ્રભુના સુખનોજ વિચાર કરવામાં આવે છે. તેમાં પ્રભુની કોઇ મુર્તિની પુજા થતી નથી, પરંતુ ઇષ્ટદેવના સ્વરૂપમાં સાક્ષાત પરમાત્માનો ભાવ રાખી તેના સુખનો વિચાર કરી તેની સેવા થાય છે. મર્યાદા ભક્તિ એ એક નૈમિત્તિક દૈનિક કાર્યક્રમ હોઇ શકે છે, પરંતુ પુષ્ટિ ભક્તિએ ભક્તનો સમગ્ર જીવન વ્યવહાર છે, તે એક જીવન જીવવાની શૈલી છે. તેમાં ભક્ત હંમેશ પોતાના ઇષ્ટદેવને નિમિત્તેજ પોતાના સર્વે કાર્ય કરતો હોય છે. મર્યાદા ભક્તિ ભક્તને મોક્ષની પ્રાપ્તિ કરાવી શકે છે એટલે કે જન્મ મરણના ફેરામાંથી ભક્તને મુક્તિ અપાવી શકે છે. પરંતુ પુષ્ટિભક્તિ એથી આગળ વધી ભક્તને પરમફળ રૂપ પ્રભુના સ્વરૂપાનંદની પ્રાપ્તિ કરાવે છે.

પુષ્ટિભક્તિ માટે ભક્તે જગતનો કે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાની આવશ્યક્તા હોતી નથી. તેણેતો તેના માની લીધેલા મિથ્યા અહંતા-મમતારૂપ સંસારનો ત્યાગ કરવાનો છે. બ્રહ્મસંબંધની દિક્ષા દ્વારા તે પોતાનું કહેવાતું સર્વકાંઇ પ્રભુને

સમર્પણ કરી દઇ પોતે ભગવાનનો દાસ છે તેમ સ્વિકારે છે. પોતે ભગવાનનો છે તેમ કબુલ કરે છે. પોતે ભગવાનને સમર્પિત પ્રસાદી વસ્તુઓથી પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવે છે. સ્વસુખનો ત્યાગ અને તત્સુખનો વિચાર એટલે કે પ્રભુના સુખનો વિચાર એ પુષ્ટિભક્તિની પ્રથમ શરત છે.

શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે પુષ્ટિભક્તિ માટે ઇષ્ટપ્રભુ શ્રીકૃષ્ણનું માહાત્મ્યજ્ઞાન થવું જોઇએ. તેમના સ્વરૂપ, ગુણો અને લીલાઓની સમજણ કેળવવી જોઇએ જે શ્રવણ અને કિર્તન દ્વારા તથા ભગવદીયોના સત્સંગ દ્વારા પ્રાપ્ત થઇ શકે.

જ્યારે ભક્તને પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થાય ત્યારે ઉત્તરોત્તર તેમનામાં પ્રેમ જાગે. તેમના પ્રત્યે આસક્તિ થાય અને અંતે વ્યસન અવસ્થા અથવા તન્મયતા પ્રાપ્ત થતાં ભક્તનું ચિત્ત સતત પ્રભુ સાથે જોડાઇ જાય છે અને તેને જગતનું ભાન રહેતું નથી. આવી અવસ્થાને સર્વાત્મભાવની સ્થિતિ પણ કહેવામાં આવે છે, જે પુષ્ટિભક્તિનું પરમફળ છે. પ્રેમલક્ષણા ભક્તિની આ ચરમસીમા છે.

પુષ્ટિભક્તિ પ્રાપ્ત કરવા કેટલીક શરતો સ્વિકારવી આવશ્યક ગણાય.

૧) પુષ્ટિભક્તિ કેવળ નિષ્કામભાવથી જ કરવાની હોય છે. તેનો હેતુ આ લોક કે પરલોકના દુઃખો દૂર કરવા કે સ્વાર્થવશ કોઇ વસ્તુ પ્રાપ્ત કરવા માટે હોઇ શકે નહીં. પુષ્ટિભક્તિ આત્મધર્મ તરીકે સમજી કેવળ ભગવદ્ સુખને માટેજ કરવાની હોય છે. પ્રભુ અંતર્યામી છે માટે તેની પાસે કોઇ પણ પ્રકારની માંગણી કરવી જોઇએ નહીં.

૨) પુષ્ટિભક્તિમાં અનન્યતા આવશ્યક છે. પોતાના આરાધ્યદેવ પુર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવની ઉપાસના

કરવી કે તેની બાધા-આખડી રાખવી જોઇએ નહીં. પુષ્ટિ-ભક્તિમાં અન્યાશ્રય વર્જીત છે.

૩) પુષ્ટિભક્તિનો પાયો દ્રઢ શરણાગતિ અને સંપુર્ણ સમર્પણનો છે. કોઇપણ સ્થિતિમાં પ્રભુનો આશ્રય છોડવો જોઇએ નહીં અને પ્રભુ જે કરે તે યોગ્યજ કરશે તેમ માની નિશ્ચિંત રહેવું જોઇએ. જીવનની પ્રત્યેક ક્રિયાઓમાં અને પ્રવૃત્તિઓમાં પ્રભુને કેન્દ્ર.સ્થાને રાખવા જોઇએ. સર્વ પદાર્થો પ્રભુને અંગીકાર કરાવી-સમર્પિત કરી પછીજ પોતાના ઉપયોગમાં લેવા જોઇએ.

૪) પુષ્ટિભક્તિ વેદ પ્રતિપાદિત હોઇ વેદોક્ત કર્મો કરવા જોઇએ. પુષ્ટિભક્તે વૈદિક કાર્યો ઉપરાંત સેવા, સત્સંગ અને સ્મરણ કરવાના છે.

આમ શ્રીવલ્લભાચાર્યજી દ્વારા નિર્દિષ્ટ વિશિષ્ટ પ્રકારનો ભક્તિમાર્ગ જે પ્રેમલક્ષણા ભક્તિનો-પુષ્ટિભક્તિનો માર્ગ છે તે પુષ્ટિમાર્ગ છે જેને અનુસરતાં અને જેના સિધ્ધાંતો મુજબનું આચરણ કરતાં મનુષ્ય ભગવદ્ કૃપા મેળવવાને યોગ્ય બને છે ત્યારે પ્રભુ સ્વયં પોતાના અનુગ્રહ દ્વારા તેને પોતાના સ્વરૂપાનંદનનું ઉત્તમોત્તમ દાન કરે છે, જે વ્રજવનિતાઓને પ્રાપ્ત થયું હતું.

પુષ્ટિમાર્ગની આ વિલક્ષણતા છે.

*

'હરિ ભગવાન પરબ્રહ્મના ચરણની ભક્તિમાર્ગ પ્રમાણે સેવા કરવી એ જીવનો સ્વાભાવિક ધર્મ છે'.

'ભક્તિ, જ્ઞાન અને ઉત્સવ વિના લોકમાં જીવન વૃથ્થાજ છે. શ્રીકૃષ્ણમાં ચિત્તની એકાગ્રતા મુક્તિથી પણ અધિક મનાએલ છે'.

## પુષ્પ - ૮

# ❋ પુષ્ટિમાર્ગ ❋

ભગવાનની આરાધનાનો માર્ગ એટલે ભક્તિમાર્ગ. તે જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગથી ભિન્ન છે. ભક્તિમાં ભગવાન પ્રત્યેના પ્રેમનું પ્રાધાન્ય છે. પ્રેમપૂર્વકની સેવા એટલે ભક્તિ.

ભક્તિના બે પ્રકાર છે. મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ. મર્યાદાભક્તિ માં ભગવાનના માહાત્મ્ય સ્વરૂપને સ્વિકારી શાસ્ત્રોક્ત પધ્ધતિથી તેમનું પૂજન, અર્ચન ઇત્યાદી કરવાનું વિધાન છે. તે મુજબ કરાતી ભગવાનના કોઇ પણ ઇષ્ટ સ્વરૂપની ઉપાસના એ મર્યાદાભક્તિનો પ્રકાર છે. આ માર્ગે ચાલી મનુષ્ય વધુમાં વધુજ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

બીજો પ્રકાર પુષ્ટિભક્તિનો-પ્રેમલક્ષણા ભક્તિનો પ્રકાર છે. ભગવાનની પ્રાપ્તિના આ માર્ગને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે. આ માર્ગની સ્થાપના શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કરી છે.

'પુષ્ટિ' શબ્દની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પુષ્ટિ એટલે પોષણ. તેનો એક અર્થ 'અનુગ્રહ' થાય છે. અનુગ્રહ એટલે કૃપા. આમ પુષ્ટિ એટલે ભગવાનની કૃપા અને ભગવાનની કૃપા મેળવવાનો માર્ગ તે 'પુષ્ટિમાર્ગ'.

કૃપા એ ભગવાનની વિશિષ્ટ શક્તિ છે અથવા તેમનો સહજ સ્વભાવ છે એટલે તેઓ હંમેશા કૃપા કરવા તત્પર હોય છે. માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુને 'પુષ્ટિસ્થ' કહ્યા છે.

પુષ્ટિસ્થ એવા પ્રભુએ પૃથ્વી ઉપરના જીવો ઉપર કૃપા કરવા અને તેમનો અંગીકાર કરવા પોતાના મુખાર્વિંદ સ્વરૂપ શ્રીવલ્લભને ભૂતલ ઉપર મોકલ્યા અને પોતે પણ શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપે પ્રગટ થયા. આમ શ્રીગોવર્ધનનાથજી સ્વામી સ્વરૂપે અને શ્રીમદ્ વલ્લભાચાર્યજી સેવક સ્વરૂપે એટલા માટે પ્રગટ થયા કારણ કે 'સેવામાર્ગ' પ્રગટ કરવો હતો. સ્વામી-સેવક ભાવની સેવા દ્વારા આમ પ્રભુએ અનુગ્રહ પ્રગટ કર્યો અને જીવોનો ઉધ્ધાર કર્યો.

પુષ્ટિમાર્ગની આ વિશેષતા છે. પ્રભુ સ્વયં જીવ ઉપર કૃપા કરવા સામે ચાલીને આવે. માટેજ પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ નિયામક છે. મર્યાદા ભક્તિમાર્ગમાં જીવે પ્રભુને પામવા પોતે વેદ પ્રતિપાદિત સાધનોનો આશ્રય લેવો પડે છે. જપ-તપ-દાન, તીર્થયાત્રા ઇત્યાદિ માધ્યમો દ્વારા જીવ પ્રભુની ભક્તિમાં જોડાય છે. ત્યારે કાળક્રમે તે ભક્તિ સિધ્ધ થઇ તેને મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે. આમાં ભગવાનનું કાંઇ કર્તૃત્વ હોતું નથી. જીવના સાધન ઉપર તે અવલંબિત છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં ભગવાન સામે ચાલી જીવ ઉપર કૃપાનું દાન કરે છે અને પોતાની ભક્તિ આપે છે. ભક્તના રક્ષણની જવાબદારી પોતે ઉપાડે છે. ભક્તે તો દ્રઢ વિશ્વાસ સાથે પ્રભુનું શરણ સ્વિકારી લેવાનું હોય છે. આથી પુષ્ટિમાર્ગને 'પૃથકશરણમાર્ગ' પણ કહ્યો છે.

ભગવાન કૃપા કરવા જીવની યોગ્યતા કે ગુણ અવગુણનો વિચાર કરતા નથી કારણ કે તે સર્વતંત્ર સ્વતંત્ર છે. તે કોના ઉપર કૃપા વરસાવસે તે કહી શકાતું નથી. પાપીમાં પાપી મનુષ્ય ઉપર પણ ભગવાનની કૃપા થઇ શકે છે અને મોટામાં મોટો યોગી પણ ક્યારેક ભગવાનની કૃપા પામી શક્તો નથી. ભગવાન ઇચ્છે તેના ઉપર સ્વયં ચાલી કૃપા વરસાવે અને તેનો ઉધ્ધાર કરે તેનું નામ 'પુષ્ટિમાર્ગ' છે.

આમ પુષ્ટિમાર્ગ એટલે ભગવાનની કૃપા મેળવવાનો માર્ગ. આપણને સહજ સવાલ ઉદ્‌ભવે કે કૃપા કરવી એ ભગવાનની સ્વયંની ઇચ્છાધિન છે, તો તેને કઇ રીતે મેળવી શકાય. આ બાબત સમજવી જરૂરી છે.

જીવ એ ભગવાનનો અંશ છે. તેથી તે ભગવાનનો દાસ છે. દાસનું કર્તવ્ય છે પોતાના સ્વામીની પ્રેમપૂર્વક સેવા કરવી તે. આમ ભગવદ્ સેવા એ જીવનું સહજ કર્તવ્ય છે. જેમ કૃપા કરવી તે ભગવાનનો સ્વભાવ છે, તેમ પ્રેમ કરવો તે જીવનો સ્વભાવ છે. પ્રેમસ્વરૂપ ભગવાનને સૌથી પ્રિય પોતાના ભક્તનો પ્રેમ છે. તેથી ભક્તના પ્રેમને વશ થઇ ભગવાન એના ઉપર કૃપા કરે છે. શ્રીમહાપ્રભુજીએ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ આપણને બતાવ્યો છે. આ માર્ગે ચાલતાં ભક્તને ભગવાનની કૃપા મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

આ વાત લૌકિક ઉદાહરણથી પણ સમજી શકાય. આપણે ત્યાં ત્રણેક પટાવાળા નોકરી કરતા હોય. તેમાં એક એવો છે, જે નોકરીના સમયે મોડો વહેલો પણ આવે, બરાબર કામ કરે નહીં, જેમ તેમ નોકરીનો સમય પૂરો કરે. બીજો છે જે સમયનો પાબંદી હોઇ સમયસર નોકરીએ આવી સમય પૂરો થતાં તરત જતો રહેશે. પોતાને સોંપેલું કામ હશે તેટલુંજ કરશે. વળી ત્રીજો એમ સમજે છે કે વધુમાં વધુ મારા સાહેબને સગવડ આપવી તે મારી ફરજ છે. સાહેબ મોડા સુધી બેસસે તો તે પણ બેસી રહેશે. પોતાનું કામ ખુબ ચીવટ પૂર્વક કરશે. ક્યારેક ન બતાવેલું કામ પઁણ સાહેબને સુખ થાય, મદદ મળે તેમ વિચારી કરશે. તેનું લક્ષ છે કેવળ સહજ ભાવે પોતાના સ્વામીની સેવા. હવે જ્યારે આપણે આ ત્રણમાંથી કોઇ એકને પ્રમોશન આપવાનું હશે ત્યારે સ્વાભાવિક રીતેજ આપણે ત્રીજા ઉપર આપણી પસંદગી ઉતારીશું કારણ કે તે આપણી સેવા ખુબ સહજભાવે પ્રેમપૂર્વક કરતો રહ્યો છે.

આજ પ્રમાણે ભગવદ્ સેવા નિષ્કામ ભાવે આપણી સહજ ફરજ સમજી કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ કરી છે. આપે સેવાની વ્યાખ્યા કરતાં સમજાવ્યું છે કે 'માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદ્રઢ અને સૌથી અધિક સ્નેહનું નામ સેવા'. સેવા અથવા ભક્તિના યથાર્થરૂપ માટે પ્રભુ વિશેનું માહાત્મ્યજ્ઞાન અને તેમનામાં ખુબજ દ્રઢ થયેલો અને અન્ય સર્વ વસ્તુ-પદાર્થ કે વ્યક્તિ કરતાં અધિક સ્નેહ આવશ્યક છે. પ્રેમલક્ષણા ભક્તિનું આ સ્વરૂપ છે.

આમ પુષ્ટિમાર્ગમાં ભગવદ્ સેવાનું પ્રાધાન્ય છે. ભગવદ્ સેવાએ પુષ્ટિમાર્ગનું આવશ્યક અંગ છે, કારણ કે પ્રારંભિક અવસ્થામાં જીવના સહજ ધર્મ તરીકે કરાતી સાધનરૂપા સેવા જ્યારે ચિત્ત ભગવાનમાં પરોવાઇ જાય ત્યારે ફળરૂપ સેવા બની જાય છે. ભગવાનના સાક્ષાત સ્વરૂપની સેવા, ભગવાનના સ્વરૂપાનંદની પ્રાપ્તિ એજ પુષ્ટિસેવાનું અંતિમ ફળ છે. માટે પુષ્ટિમાર્ગમાં સેવા એજ સાધન છે અને ફળ પણ એજ છે.

પુષ્ટિમાર્ગએ નિર્ગુણ ભક્તિનો માર્ગ છે. શાસ્ત્રોએ ભક્તિના બે પ્રકાર બતાવ્યા છે. સગુણભક્તિ અને નિર્ગુણભક્તિ.. સગુણભક્તિ એ મર્યાદાભક્તિનો પ્રકાર છે. તેમાં પુર્ણપુરૂષોત્તમ ભગવાનના વિવિધ અંશ, કળા તથા વિભુતિ રૂપોની પૂજા-ઉપાસના કરવામાં આવે છે. આવી ભક્તિ મોક્ષ પ્રાપ્ત કરવા અથવા કાંઇક લૌકિક ફળ પ્રાપ્ત કરવાની આકાંક્ષાથી કરાય છે.

શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ શાસ્ત્રોમાં બતાવેલ નવધાભક્તિના સોપાનો સગુણભક્તિના પ્રકાર છે, કારણ કે તે સર્વ પુર્ણપુરૂષોત્તમના વિભુતિ અંશ કે કલાને અનુલક્ષીને કરાતી ભક્તિ છે, જેમાં ફળ પ્રાપ્તિ સીમિત હોય છે. આવી ભક્તિ કરનાર જીવને.પ્રભુમાં શુધ્ધ પ્રેમ હોતો નથી. તેની સકામ બુધ્ધિ હોય છે.

પરંતુ સર્વે પ્રકારની ભક્તિના શીરમોર સમી પ્રેમલક્ષણા ભક્તિ એ સર્વોચ્ચ છે. કારણ કે તેમાં ભક્તનો નિર્વ્યાજ પ્રેમ, પ્રભુ પ્રત્યેનો કોઇપણ પ્રકારની અપેક્ષા વગરનો શુધ્ધ સ્નેહ નિયામક હોય છે અને આવી ભક્તિ દ્વારાજ પ્રભુના સ્વરૂપાનંદનની પ્રાપ્તિ થઇ શકે છે, જે વ્રજની ગોપીજનોને થઇ હતી. આ નિર્ગુણ ભક્તિનો પ્રકાર છે.

જેમ હિન્દુધર્મના અન્ય સંપ્રદાયો વેદપ્રતિપાદિત વિશિષ્ટ તત્વજ્ઞાન ઉપર આધારીત છે તેમ પુષ્ટિમાર્ગનો આધાર પણ શ્રીમદ્ વલ્લભચાર્યજી પ્રતિપાદિત શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ છે. શ્રીમહાપ્રભુજીએ વેદ ઇત્યાદી ધર્મગ્રંથોના પાયા ઉપર પુષ્ટિમાર્ગની રચના કરી છે માટે શાસ્ત્રોની મર્યાદાઓ અને વિધાનોને આ માર્ગના આચરણમાં વણી લીધેલા છે.

શ્રીહરિરાય મહાપ્રભુએ પુષ્ટિમાર્ગના મુખ્ય લક્ષણો આ પ્રમાણે બતાવ્યા છે.

૧) પુષ્ટિભક્તિના માર્ગે ચાલનાર ભક્તે લૌકિક કે અલૌકિક ફળ પ્રાપ્ત કરવા કોઇ પણ સાધન કરવાના હોતા નથી.
૨) પુષ્ટિમાર્ગમાં સર્વકાંઇ ભગવાનની કૃપાથીજ સિધ્ધ થાય છે.
૩) ભગવાન જ્યારે જીવાત્માનું વરણ કરે છે ત્યારે તે તેની યોગ્યતાનો વિચાર કરતો નથી.
૪) પુષ્ટિમાર્ગમાં પ્રભુને પામવામાં કાંઇ પણ બાધક હોય તેનો ત્યાગ કરી પ્રભુમાં એક ચિત્ત થવું જરૂરી છે.
૫) પુષ્ટિમાર્ગમાં પુર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણની સર્વ પ્રકારની લીલાઓને ઉત્તમ ગણવામાં આવી છે.
૬) પુષ્ટિમાર્ગમાં લોક અને વેદમાં નિષ્ઠા રાખવાને બદલે કેવળ પ્રભુના સુખનેજ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

૭) પ્રભુ જીવના સાધનોનો વિચાર કર્યા વગર પોતાની ઇચ્છાથી તેને ફળ આપે છે.

૮) વિપ્રયોગ અવસ્થામાં પ્રેમથી કરાતા શ્રવણ-કિર્તન ભગવાનની લીલા સુખનો અનુભવ કરાવે છે.

૯) પુષ્ટિભક્તના દેહ ઇન્દ્રિયાદિના બધા સંબધો ભગવાન સાથે જોડાયેલ હોય છે.

૧૦) પુષ્ટિમાર્ગમાં સેવાના બદલામાં કાંઇ પણ પ્રકારની અપેક્ષા રખાતી નથી. પ્રભુની સેવા જ શ્રેષ્ઠ ફળરૂપ છે.

૧૧) પુષ્ટિમાર્ગ વિરહ તાપ-કલેશનો માર્ગ છે.

૧૨) પુષ્ટિમાર્ગમાં દિનતા અને નિઃસાધનતાને ખુબ મહત્વ આપવામાં આવ્યું છે.

૧૩) પુષ્ટિમાર્ગમાં ભગવાન સાથે સંબંધ રાખનારા વૈષ્ણવોમાં પણ ભગવદ્ બુધ્ધિ રાખવામાં આવે છે.

૧૪) પુષ્ટિભક્ત તેના દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણમાં મમતા રાખતો નથી.

૧૫) પુષ્ટિમાર્ગમાં સંયોગ અવસ્થા કરતાં વિપ્રયોગ અવસ્થામાં વિશેષ સુખ માનવામાં આવ્યું છે.

૧૬) પુષ્ટિમાર્ગમાં સાધન અને ફળ એકજ છે. પુષ્ટિમાર્ગીય ચારેય પુરૂષાર્થો પણ ભગવાનજ છે.

૧૭) પુષ્ટિમાર્ગમાં લૌકિક વિષયોના ત્યાગ આવશ્યક છે.

૧૮) પુષ્ટિમાર્ગમાં વિષયવાસના સેવનનો ત્યાગ આવશ્યક છે કારણ કે તે વિના હૃદયમાં ભગવદાવેશ સંભવ નથી.

૧૯) પુષ્ટિભક્તને તનુનવત્વની પ્રાપ્તિ થઇ શકે છે અને તેથી આ દેહથી આ જન્મમાં પણ ભગવાનનો સાક્ષાત્કાર સંભવે છે.

*

## પુષ્પ - ૯

# ❋ પુષ્ટિમાર્ગીય દિક્ષા ❋

કોઇ પણ ધર્મના અનુયાયી બનવા માટે દિક્ષા લેવી આવશયક હોય છે. ધર્મ ગુરૂ પોતાના શિષ્યને મંત્ર દ્વારા દિક્ષા આપે છે.

મંત્ર એ કાનમાં કહેવામાં આવતું ભગવાનના કોઇ વિશિષ્ટ નામનું ઉચ્ચારણ છે. મંત્રમાં ભગવાનનું દિવ્યરૂપ અને અલૌકિક સામર્થ્ય રહેલાં હોય છે. માટે મંત્ર દ્વારા ભગવાનનો અનુભવ કરી શકાય છે.

પુષ્ટિમાર્ગમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી ગુરૂ છે. તેમણે ભક્તિમાર્ગે ચાલવા ઇચ્છુક જીવો માટે પ્રભુની શરણાગતિનો માર્ગ બતાવ્યો છે. પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વિકારી મનુષ્ય પુષ્ટિમાર્ગે પ્રસસ્થ થઇ શકે છે. તેથી આપશ્રીએ આ માર્ગની દિક્ષા રૂપે શરણમંત્ર આપ્યો છે. આ મંત્રને અષ્ટાક્ષરમંત્ર કહેવામાં આવે છે. કારણ કે તેમાં આઠ અક્ષરો છે. આ મંત્ર છે **'શ્રીકૃષ્ણઃ શરણં મમ.'**

પુષ્ટિમાર્ગમાં બે પ્રકારની દિક્ષા આપવામાં આવે છે.

૧) નામ મંત્ર અથવા અષ્ટાક્ષર મંત્ર દ્વારા દિક્ષા.

૨) નિવેદન મંત્ર અથવા બ્રહ્મસંબંધ મંત્રની દિક્ષા.

પ્રથમ પ્રકારએ શરણાગતિની દિક્ષાનો પ્રકાર છે. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ને નામ મંત્ર પણ કહેવામાં આવે છે, કારણ કે તેમાં પ્રભુનું નામ રહેલું છે. આ મંત્રનું પ્રાગટ્ય પ્રભુની નિત્યલીલામાં

થયેલું છે. એક સમયે શ્રીઠાકોરજીથી શ્રીસ્વામિનીજીએ માન કર્યું અને પોતાની નિકુંજમાં બિરાજી ગયાં. બન્ને સ્વરૂપોના પરસ્પરના વિરહ ને કારણે ઉભયનો વિરહ ભાવાત્મક રૂપે બહાર પ્રગટ થયો તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું હતું. આપે દિનતાપૂર્વક શ્રીસ્વામિનીજી ને મનાવી શ્રીઠાકોરજી પાસે પધરાવ્યા. યુગલસ્વરૂપને વંદન કરી આપે કહ્યું, 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'. આમ સહજરૂપે આ મંત્ર ઉદભવ્યો. આ મંત્ર દ્વારા જીવને ભગવાનનું શરણ અથવા આશ્રય સિધ્ધ થાય છે. ભગવાનની પ્રાપ્તિ થાય છે. માટે પુષ્ટિમાર્ગની પરંપરામાં શરણે આવતાં કોઇપણ જીવને સૌ પ્રથમ આ મંત્રનું દાન કરવામાં આવે છે.

હાલ પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભકુળ સ્વરૂપે શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે માટે ગુરૂ દ્વાર તરીકે શ્રીવલ્લભવંશજ આચાર્ય દ્વારા આ શરણમંત્રની દીક્ષા આપવામાં આવે છે. આ મંત્રની દીક્ષા વિધી અત્યંત સરળ છે. દીક્ષાર્થી અથવા તેના વડીલો શ્રીવલ્લભ વંશજ આચાર્ય પાસે જઇને આ દિક્ષા માટે વિનંતી કરે છે ત્યારે તે આચાર્ય દીક્ષાર્થીના જમણા કાનમાં ત્રણ વખત અષ્ટાક્ષર મંત્ર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' બોલે છે. દિક્ષાર્થીની ઉંમર તે મંત્રનો ઉચ્ચાર કરવા જેટલી હોયતો તેની પાસે પણ ત્રણ વખત આ મંત્રનો ઉચ્ચાર કરાવવામાં આવે છે. પછી ગુરૂદેવ પ્રસાદી તુલસીમાળા દીક્ષાર્થીના કંઠમાં પહેરાવે છે. આ પ્રક્રિયાથી દીક્ષાર્થી વૈષ્ણવ બને છે અને તે શ્રીઅષ્ટાક્ષર મંત્રનો જપ કરવાનો અધિકારી પણ બને છે.

અષ્ટાક્ષર મંત્ર **'શ્રીકૃષ્ણઃ શરણં મમ'** નો અર્થ એમ થાય છે કે 'શ્રીકૃષ્ણ' મારૂં શરણ છે અથવા હું શ્રીકૃષ્ણનું શરણ સ્વિકારૂં છું. શ્રીકૃષ્ણ સર્વ સમર્થ હોઇ એક માત્ર તેનો આશ્રય મનુષ્યને સુરક્ષિત અને નિર્ભય બનાવે છે. આ મંત્ર સિધ્ધ થતાં સાક્ષાત્ ભગવાનનો રસાનુભવ પ્રાપ્ત થાય છે.

આ મંત્રમાં આઠ અક્ષરો છે. તે માત્ર જડ મુળાક્ષરો નથી, પરંતુ પ્રત્યેક અક્ષર દિવ્ય અને અલૌકિક હોઇ મહાન સિધ્ધિ આપનાર છે. આ દરેક અક્ષરનો ગુઢ ભાવાર્થ છે જેનું નિરૂપણ શ્રીગુસાંઇજીએ 'અષ્ટાક્ષર વિવરણ' નામક ગ્રંથમાં નીચે મુજબ કર્યું છે.

**શ્રી** સૌભાગ્યની પ્રાપ્તિ કરાવે છે, ધનવાન અને રાજાને પ્રિય બનાવે છે.

**કૃ** પાપનો નાશ કરે છે.

**ષ્ણઃ** આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણે દુઃખનો નાશ કરે છે.

**શ** જન્મ-મરણનું દુઃખ દૂર કરે છે.

**ર** પ્રભુ સંબંધી જ્ઞાન આપે છે.

**ણં** કૃષ્ણમાં ભક્તિ દ્રઢ થાય છે.

**મ** કૃષ્ણ રૂપી રત્ન બતાવનાર ગુરૂમાં પ્રીતિ થાય છે.

**મ** શ્રીહરિની સાથે સાયુજ્ય થાય છે. જીવનો પુનર્જન્મ થતો નથી. આ ભક્તિમાર્ગનું સાયુજ્ય જ્ઞાન માર્ગના સાયુજ્ય કરતાં ઉત્તમ છે.

શ્રીગુસાંઇજીએ આ મંત્રનું મહત્વ સમજાવતાં કહ્યું છે કે જે મનુષ્ય શ્રધ્ધા અને ભક્તિથી આ મંત્રનો જપ કરે છે તેને વૈરાગ્ય પ્રાપ્ત થઇ લૌકિક અને અલૌકિક અષ્ટ સિધ્ધિ અને નવનિધી પ્રાપ્ત થાય છે. શ્રીપુર્ણપુરૂષોત્તમની પુષ્ટિભક્તિ પ્રાપ્ત થતાં અલૌકિક પરમાનંદનો અનુભવ થાય છે. આ મંત્રના પ્રભાવથી ભૂત-પ્રેત પિશાચ આદિનો ભય રહેતો નથી. તેના હૃદયની મલિનતાઓ દુર થઇ શ્રીઠાકોરજી સદા તેના હૃદયમાં બિરાજે છે.

અષ્ટાક્ષર મંત્રનો જપ કરવા માટે કોઇ ચોક્કસ વિધાન નથી. કોઇપણ પરિસ્થિતિમાં અષ્ટાક્ષર મંત્રનો જપ કરી શકાય છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે આ મંત્રનો જપ હંમેશા રાત-દિવસ કરવો જોઇએ. આ મંત્ર હંમેશા ફળદાયીજ રહે છે. ક્યારે પણ તેની વિપરીત અસર થઇ શક્તી નથી. તેને માટે એક માત્ર નિયમ શુદ્ધ અને પવિત્ર મન અને ચિત્તની એકાગ્રતા આવશ્યક છે.

અષ્ટાક્ષર મંત્રનો જપ કોઇ પણ સ્વાર્થ કે લૌકિક કામનાઓ માટે કરવો જોઇએ નહીં. જો તેનું ફળ મેળવવા અને ભોગવવાના આશયથી તે કરવામાં આવે તો તે સકામ ભક્તિનો પ્રકાર છે. પુષ્ટિભક્તે તો **શ્રી** એટલે **શ્રીસ્વામિનીજી** અને **કૃષ્ણ** એટલે **પુર્ણપુરૂષોત્તમ** એ **યુગલ સ્વરૂપ**નું ધ્યાન કરતાં આ મંત્રના જપ દ્વારા તેમની શરણાગતિનું જ નિષ્કામ ભાવે ચિંતન-મનન કરવાનું હોય છે.

માટેજ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે

**તસ્માત્ સર્વાત્માના નિત્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ ।**
**વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥**

અર્થાત તેથી સર્વાત્મભાવપૂર્વક હંમેશા શ્રીકૃષ્ણઃ શરણં મમ સતત બોલતાં રહેવું એવો મારો (શ્રીમહાપ્રભુજીનો) અભિપ્રાય છે.

પુષ્ટિમાર્ગમાં બીજા પ્રકારની દિક્ષા એ 'નિવેદન મંત્ર' અથવા 'બ્રહ્મસંબંધ મંત્ર'ની દિક્ષા છે. આ દિક્ષાને 'સમર્પણની દિક્ષા' પણ કહેવામાં આવે છે, કારણ કે આ દિક્ષા લેતાં જીવ પોતાના સર્વસ્વના સમર્પણની કબુલાત ભગવાન સમક્ષ કરે છે.

શ્રીમહાપ્રભુજીનું ભૂતલ ઉપર પ્રાગટ્ય દૈવી જીવોના ઉધ્ધાર માટે થયું છે. આપે પ્રથમ પૃથ્વી પરિક્રમા કરતાં ઠેક ઠેકાણે

જોયું કે ભૂતલ ઉપર ભટકતાં દૈવીજીવોને પોતાના મૂળ સ્વરૂપની સ્મૃતિ રહી નથી. જીવનો સ્વભાવ તો દુષ્ટ છે. તેથી તેઓ અનેક પ્રકારના દોષોથી દોષિત થયેલા છે. તેઓનો પ્રભુ સાથે ફરી સંબંધ કેવી રીતે થઇ શકે ? તદુપરાંત આ કલિકાલમાં વેદમાં બતાવેલ કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ દ્વારા ભગવદ્ પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. આપને સતત આ વિશે મનમાં ચિંતા રહેતી.

સંવત ૧૫૪૯માં જ્યારે આપ પ્રથમ વખત શ્રીમદ્ ગોકુલ પધાર્યા ત્યારે શ્રીયમુનાજીના કિનારે ઠકુરાણી ઘાટ ઉપર રાત્રિના સમયે પોઢ્યા હતા. થોડેક દુર આપના સેવક દામોદરદાસ હરસાની પણ સુઇ ગયા હતાં. તે દિવસ શ્રાવણ સુદ અગિયારસનો હતો અને મધ્ય રાત્રિ થઇ. મનમાં દૈવીજીવોના ઉધ્ધાર વિશેનું ચિંતન ચાલુ હતું. ત્યાં અચાનક કોટીકંદર્પથી પણ ચઢી જાય તેવા દેદીપ્યમાન સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા શ્રીગોકુલચંદ્રમાજી સ્વરૂપે પ્રકટયા. શ્રીમહાપ્રભુજી અનિમેષ નજરે આપને નિહાળી રહ્યાં. ભગવાને મૃદુહાસ્ય સાથે આજ્ઞા કરી 'વલ્લભ, આપ કોઇ વાતની ચિંતા કરશો નહીં. હું જે મંત્ર આપને આપું છું તે મંત્ર આપ દૈવી જીવોને આપજો તેનાથી તેઓ દોષ મુકત થશે અને હું અવશ્ય તેમનો અંગીકાર કરીશ. તે જીવોનો હું કદાપી ત્યાગ કરીશ નહીં.' આમ કહી પ્રભુએ શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધનો મંત્ર આપ્યો. આથી શ્રીમહાપ્રભુજી અત્યંત પ્રસન્ન થયા. શ્રાવણ સુદ અગિયારસ એટલે પવિત્રા એકાદશી. આપશ્રીએ સુતરના ૩૬૦ તારને કેશરમાં રંગી સ્વહસ્તે સિધ્ધ કરેલું પવિત્રું તે સમયે સાક્ષાત શ્રીઠાકોરજીને ધરાવી, મિશ્રીનો ભોગ ધર્યો અને તે અદભુત અલૌકિક સ્વરૂપનું વર્ણન કરતું મધુરાષ્ટક સ્તોત્ર આપના મુખાર્વિંદમાંથી શ્રવી પડયું. તે સાથે પ્રભુ અર્તધ્યાન થઇ ગયા.

શ્રીવલ્લભે પાસે સુતેલા અંતરંગ શિષ્ય દામોદરદાસ હરસાનીને જગાડી પુછ્યું, 'દમલા તે કાંઇ સાંભળ્યું ?' સેવકે દિનતા પુર્વક જવાબ આપ્યો, 'મહારાજ, સાંભળ્યું તો ખરૂં પણ સમજણ ન પડી.' સવાર પડતાં શ્રીમહાપ્રભુજીએ સ્નાનાદિક પછી સર્વ પ્રથમ શ્રીદામોદરદાસને પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીમુકુંદરાયજી સન્મુખ બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો અને સિધ્ધાંત રહસ્ય ગ્રંથ રચી તેનું તાત્પર્ય સમજાવ્યું.

તે દિવસ એટલે કે શ્રાવણ સુદ ૧૨ એ પુષ્ટિમાર્ગના પ્રાકટ્ય દિન તરીકે મનાવાય છે.

બ્રહ્મસંબંધ મંત્રને ગદ્ય મંત્ર પણ કહેવામાં આવે છે કારણ કે તે શ્લોકના રૂપમાં નથી પરંતુ ગદ્યના સ્વરૂપમાં છે. આ મંત્ર સંસ્કૃત ભાષામાં છે, જેમાં કુલ ૮૪ અક્ષરો છે. તેનો ભાવ એવો છે કે ચોર્યાસી લાખ યોનિમાં ભટકતો જીવાત્મા આ મંત્ર દિક્ષા લઇ, તે મુજબ સમર્પિત જીવન જીવે, તો તેજ જન્મમાં તેનો ઉધ્ધાર થાય. પછી તેને બીજો જન્મ લેવો ન પડે.

આ મંત્રનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે.

**ભગવાન કૃષ્ણથી વિખુટા પડે હજારો વર્ષોનો સમય વીતી ગયો છે. તેને કારણે કૃષ્ણના વિયોગનો જે, તાપ અને કલેશ રૂપ આનંદ રહેવો જોઇએ તે જેને તિરોહિત થયો છે, એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રીગોપીજન વલ્લભ)ને મારો દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક અને પરલોક આત્મા સહિત સમર્પણ કરૂં છું. હું દાસ છું. હે કૃષ્ણ ! હું તમારો છું.**

આ મંત્રના છેલ્લા પાંચ અક્ષરને પંચાક્ષર મંત્ર કહેવાય છે. તે આખા મંત્રનો સાર છે. તે જીવાત્માની ભગવાન સાથેની તાદામ્યતા વ્યક્ત કરે છે. હું દાસ છું. 'હે કૃષ્ણ ! હું તમારો છું.'

બ્રહ્મસંબંધનું તાત્પર્ય સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવ ભગવાનનો અંશ છે છતાં હજારો વર્ષથી તેમનાથી છુટો પડતાં તેમાંથી આનંદ તત્વ તિરોહિત થઇ ગયું. તે ભગવાનને ભુલી ગયો અને અવિદ્યાને કારણે અહંતા–મમતામાં ફસાયો. બધું 'હું કરૂં છું' તેમ માનવું તે અહંતા અને 'બધું મારૂં છે.' તેમ માનવું તે 'મમતા'. જીવ જ્યાં સુધી પોતાની આવી ખોટી ભ્રમણાને વળગી રહે ત્યાં સુધી ન તો તે પોતાના સ્વરૂપને ઓળખી શકે ન પરમાત્માના સ્વરૂપને જાણી શકે. તેને પોતાના સાચા કર્તવ્યનું પણ જ્ઞાન ન થાય અને તે જન્મ મરણની ઘટમાળમાં કાયમ અટવાયેલો રહે.

આમાંથી છુટવા તેને અહંતા અને મમતાનો ત્યાગ કરવો આવશ્યક છે. તે ત્યારેજ થઇ શકે કે પોતે એવું વિચારે કે 'હું ભગવાનનો છું અને ભગવાન મારા છે. મારૂં જે કાંઇ પણ હું માનું છું તે સર્વ ભગવાનનું જ છે.' આમ પોતાનું માની બેઠેલી સર્વ વસ્તુઓનું ભગવાને સમર્પણ કરી દે. પોતાના દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ સાથે ધન–દોલત, ઘર–બાર સર્વસ્વ જ્યારે ભગવાનને સમર્પિત કરી દે અને તે ભગવાનનું દાસત્વ સ્વિકારે ત્યારે તેની અહંતા અને મમતા છુટી શકે છે.

બ્રહ્મસંબંધ મંત્રની દિક્ષા દ્વારા મનુષ્ય ભગવાન કૃષ્ણ પરત્વે અભિમુખ થઇ તેને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી કહે છે 'હે કૃષ્ણ હું તમારો છું.' આમ પોતે નિવેદિત થઇ પ્રભુને સર્વ સમર્પણ કરવાની પ્રતિબધ્ધતા એ બ્રહ્મસંબંધ મંત્રનું તાત્પર્ય છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ મંત્રની દિક્ષા લેવાથી જીવના પાંચે પ્રકારના દોષો જે સ્વભાવ જન્ય છે, સ્થળ જન્ય છે, સમય જન્ય છે, સંસર્ગ જન્ય છે અને સ્પર્શ જન્ય છે તે સર્વ નાશ પામી તે પ્રભુની સેવાને લાયક શુધ્ધ બને છે.

આવી રીતે શુધ્ધ બનેલા જીવે સર્વાત્મભાવે પ્રભુની સેવા અને જીવન પર્યંત પોતાના પ્રભુને સમર્પિત બની રહેવું એજ એક માત્ર કર્તવ્ય બને છે. બ્રહ્મસંબંધ લીધા પછી અસમર્પિત અને અન્યાશ્રયનો ત્યાગ એ વૈષ્ણવી જીવનનું મહત્વનું અંગ છે.

બ્રહ્મસંબંધ મંત્રની દિક્ષા કોઇપણ શ્રીવલ્લભકુળ આચાર્યને વિનંતી કરી તેમની પાસેથી લેવાતી હોય છે. અગાઉના દિવસે ઉપવાસ થી દેહ શુધ્ધ કરી, અપરસમાં સ્નાન કરી રેશમી અથવા કોરા વસ્ત્ર પહેરી શ્રીગુરૂદેવ પાસે જવાનું હોય છે. તેઓ પોતાના સેવ્ય સ્વરૂપ પાસે બેસાડી હાથમાં તુલસીદળ આપી બ્રહ્મસંબંધનો મંત્ર બોલાવે છે. તે પછી તે તુલસીદળને શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં ધરી દેતાં બ્રહ્મસંબંધની દિક્ષા થઇ કહેવાય છે. દિક્ષા લેનારે શ્રીઠાકોરજીના અને દિક્ષા આપનાર ગુરૂદેવને દંડવત કરવા જોઇએ.

આ પ્રકારે દિક્ષા લઇ ભગવદ્ પરાયણ થઇ સમર્પિત જીવન વ્યતિત કરવાથી ભગવદ્ અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

*

'હે જીવ, તને તારા સ્વરૂપની વિસ્મૃતિ થવાથી તું હજારો વર્ષથી પ્રભુથી વિમુખ થયો છે. હું અને મારાપણાના ભાવથી ઘણા કાળથી તું જન્મ મરણ પામ્યા કરે છે. પરબ્રહ્મ પરમાત્મા ગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણ અખિલ વિશ્વના સ્વામી છે અને તું તેનો અંશ છે. તે પ્રભુના ચરણમાં હૃદય પૂર્વક મન જોડી તેનું શરણ સ્વિકારી દાસભાવે તેમની સેવા એજ તારા જીવનનું પરમ કર્તવ્ય છે. માટે તારો દેહ, ઇન્દ્રિયો પ્રાણ અંતઃકરણ ઇત્યાદી સર્વ કાંઇ જેને તું તારૂં માની બેઠો છે, તેનું સર્વ સમર્પણ કર. એજ પ્રભુ તારો ઉધ્ધાર કરી તારૂં લૌકિક-અલૌકિક સર્વ સિધ્ધ કરશે'.

## પુષ્પ - ૧૦

# ❋ સમર્પણ ❋

સંસારના પદાર્થો ભક્તને માટે ભક્તિમાં બાધક થાય છે માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ તેમનો ત્યાગ કરવાનું કહ્યું છે. પરંતુ તેઓ કહે છે કે વ્યર્થ ત્યાગ કરતાં ભગવાનને સમર્પણ કરવું ઉત્તમ છે. તેથી પોતાના માનેલાં સર્વે પદાર્થોનો ભગવાનની સેવામાં વિનિયોગ કરવો. આમ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે અને ભક્તને તે પદાર્થોમાંથી આસક્તિ દુર થઇ જાય છે. જેમ જેમ સંસાર આસક્તિ દુર થઇ જાય તેમ તેમ શ્રીકૃષ્ણમાં આસક્તિ વધતી જાય છે.

આ કારણથી પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ કરતી વખતે ભક્ત જે કાંઇ પોતાનું માની બેઠો છે તે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મ, સ્ત્રી, પુત્ર, ઘરબાર, ધન ઇત્યાદી સર્વ કાંઇ પ્રભુને સમર્પણ કરી દે છે. આમ, તે પછી ભક્ત સમજતો થાય છે કે હવે મારૂં કાંઇ નથી, સર્વ કાંઇ પ્રભુનું છે. આ સમર્પણનો ભાવ છે. સર્વનું સમર્પણ થતાં જીવની કોઇ સત્તાકે સ્વામીત્વ રહેતું નથી.

આપણે જ્યારે કોઇક વ્યકિતને કાંઇ વસ્તુ સ્વેચ્છાએ આપીએ ત્યારે તે તેને દાન કર્યું એમ કહેવાય. આપણે જ્યારે કોઇ વસ્તુ દાનમાં આપીએ ત્યારે આપણે તે વસ્તુના માલીક મટી જઇએ છીએ અને તેને સ્વિકારનાર તેનો માલીક બની જાય છે. આમ જ્યારે કોઇ વસ્તુનું દાન કરીએ ત્યારે આપણો

તેના ઉપરનો માલીક તરીકેનો હક્ક આપણે બીજાને આપી દઇએ છીએ. તે પછી આપણાથી તે વસ્તુનો ઉપયોગ કરી શકાતો નથી.

એજ પ્રકારે જ્યારે આપણે આપણી કોઇ વસ્તુ કોઇ દેવી-દેવતાને આપી દઇએ ત્યારે તેને અર્પણ કર્યું એમ કહેવાય. જ્યારે આપણે અર્પણ કરીએ ત્યારે તે વસ્તુના માલીક આપણે રહેતા નથી, પરંતું જેને આપણે અર્પણ કરીએ છીએ તે તેના માલીક બની જાય છે. આમ જ્યારે કોઇ દેવને કોઇ વસ્તુ અર્પણ કરવામાં આવે ત્યારે આપણે તેનો ઉપયોગ કરી શકીએ નહી. ખરેખર તો દાન અને અર્પણનો ભાવ એકજ પ્રકારનો છે. બન્ને બાબતમાં કોઇ વસ્તુમાંથી આપણે તેના ઉપરનો માલીકી હક્ક છોડી દઇએ છીએ અને તે વસ્તુ અન્ય કોઇની અથવા દેવી-દેવતાની બની જાય છે. અર્પણ કર્યા પછી તે વસ્તુ દેવ દ્રવ્ય કહેવાય છે, જેનો ઉપયોગ આપણે પોતાના માટે કરી શકીએ નહીં કારણ કે તેની માલીકી તે દેવ-દેવીની બની જાય છે.

પરંતુ પુષ્ટિમાર્ગમાં દાન કે અર્પણનો પ્રકાર નથી. આપણે જ્યારે બ્રહ્મસંબંધ કરતી વખતે પ્રતિજ્ઞા કરીએ છીએ ત્યારે આપણું જે કાંઇ છે તેનું સમર્પણ કરીએ છીએ. સમર્પણનો અર્થ છે-આપણી માલીકીનું જે કાંઇ છે તે આપણા સ્વામી શ્રીપ્રભુને અંગીકાર કરાવીને આપણા માટે ઉપયોગમાં લેવું. અહીં આપણે આપણી વસ્તુઓ પ્રભુને અર્પણ કરતા નથી. આપણે બ્રહ્મસંબંધ દ્વારા શ્રીપ્રભુ સાથે દાસભાવથી બંધાયા છીએ. જેમ એક દાસ પોતાના સ્વામીની સેવા કરે તેમ આપણે શ્રીઠાકોરજીની સેવા કરીએ છીએ. દાસની સેવાના બદલામાં સ્વામી પોતાના ઉપયોગમાં લીધેલી વસ્તુઓ દાસને તેના જીવનનિર્વાહ માટે આપે તે સ્વામીનો પ્રસાદ કહેવાય. તેવી રીતે આપણે આપણા સ્વામી શ્રીઠાકોરજીની

સાથે રહીએ, આપણી માલીકીની વસ્તુઓથી તેમની સેવા કરીએ અને તેમણે અંગીકાર કરેલી વસ્તુઓથી આપણે જીવન જીવીએ તેને સમર્પણ કહેવામાં આવે છે.

બ્રહ્મસંબંધ કર્યા પછી શ્રીઠાકોરજીને પધરાવી તેમની સેવાને મુખ્ય ગણી સેવામય જીવન જીવવું તેનું નામ 'સમર્પણ' છે. ત્યારે આપણામાં **'શ્રીઠાકોરજી મારા છે અને હું શ્રીઠાકોરજીનો છું'** તેવો ભાવ રહે છે અને તે પ્રમાણે શ્રીઠાકોરજી માટે આપણે જીવીએ તેને 'સમર્પિત જીવન' કહેવાય છે.

સમર્પણનો સિધ્ધાંત પુષ્ટિમાર્ગની વિલક્ષણતા છે. અન્ય સંપ્રદાયમાં મર્યાદા ભક્તિનો પ્રકાર છે, જેમાં પૂજા-ઉપાસના આદિનું મહત્વ છે. પરમાત્માના માહાત્મ્યજ્ઞાનને લઇને તેમનો આદર સન્માન થાય છે. પરંતુ સ્નેહની અભિવ્યક્તિ અનિવાર્ય હોતી નથી. જ્યારે પુષ્ટિભક્તિના પ્રકારમાં શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ કરાવી કહ્યું કે 'હવે તમે પ્રભુને સમર્પિત થયા છો તેથી તમારા ઘરમાં શ્રીઠાકોરજીને પધરાવી તમે સેવા દ્વારા તમારા સંપુર્ણ સ્નેહની અભિવ્યક્તિ તેમના તરફ કરો. તેમને સમર્પિત થઇને રહો. જે સ્વરૂપ તમારા માથે તમારા ઘરમાં બિરાજ્યું, તેને જ તમારૂં સર્વસ્વ માનો. એને જ સમર્પિત બનો, એનાં જ સેવા સ્મરણ કરો, એનામાં જ તમારા ચિત્તની એકાગ્રતા કરો'. આ કારણેજ પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાની પ્રાધાન્યતા છે.

સમર્પણ કરવાથી જીવનો મદ-અહંકાર ઓગળી જાય છે. તેનામાં નિઃસાધનતા અને દીનતા આવે છે. તેનો દાસભાવ જાગ્રત થાય છે. સમર્પણ કરતાં જીવને જ્ઞાન થાય છે કે વાસ્તવમાં મારૂં તો કાંઇ છે જ નહીં અને જે મળ્યું છે તે પ્રભુની કૃપાથી મળેલું છે. પ્રભુએ તે સર્વ મને પ્રભુના સુખ માટે, તેમની સેવામાં વાપરવા આપ્યું છે. તેથી હું પ્રભુને તે અંગીકાર કરાવીશ. પ્રભુ તેનો અંગીકાર કરતાં તે પ્રભુનો પ્રસાદ બને છે. જેને પ્રભુના

શ્રીઅંગ અને મુખનો સ્પર્શ થાય તે આપણા ઉપયોગમાં આવતા, આપણો દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ પણ નિર્દોષ અને પ્રભુને લાયક બને છે.

માટે શ્રીમહાપ્રભુજીએ સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરી છે કે બ્રહ્મસંબંધ કરનાર મનુષ્યે કદાપિ અસમર્પિત પદાર્થોનો ઉપયોગ કરવો જોઇએ નહીં. પ્રભુને પ્રત્યેક પદાર્થ સમર્પિત કરવાની જે પ્રતિજ્ઞા લીધી છે, તેનું નિષ્ઠાપુર્વક પાલન કરવું જોઇએ.

બ્રહ્મસંબંધ કરવાથી જીવના પાંચ પ્રકારના દોષોની નિવૃત્તિ થાય છે એમ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. આ દોષોનું પુનરાવર્તન ન થાય માટે અસમર્પિત એટલે કે પ્રભુને જે પદાર્થો અંગીકાર કરાવવામાં ન આવ્યા હોય તેનો ત્યાગ એ અત્યંત આવશ્યક છે.

**સમર્પિત જીવન માટે કેટલીક શરતો આવશ્યક છે.**

૧) આપણે આપણા શ્રીઠાકોરજી સાથે અનન્યતાનો દ્રઢ સંબંધ હોવો જોઇએ. આપણા ઠાકોરજી સિવાય અન્ય કોઇનો પણ આપણે વિચાર ન કરવો જોઇએ.

૨) આપણા શ્રીઠાકોરજીમાં આપણી સંપુર્ણ શ્રધ્ધા અને નિષ્ઠા હોવી આવશ્યક છે. શ્રીઠાકોરજી મારા સ્વામી છે અને હું તેમનો દાસ છું એવી અનન્ય નિષ્ઠા આપણે રાખવી જોઇએ.

૩) આપણા શ્રીઠાકોરજીમાં આપણો સૌથી વિશેષ સ્નેહ હોવો આવશ્યક છે. કેવળ નિઃસ્વાર્થ ભાવ રાખી સંપુર્ણ સ્નેહ સાથે શ્રીઠાકોરજીની સેવા કરવી જોઇએ. સાચો સ્નેહ એ સમર્પણનો મુખ્ય પાયો છે.

૪) આપણા શ્રીઠાકોરજીની ખૂબજ અનન્યભાવથી સેવા કરવી આવશ્યક છે. કેવળ ભાવ રાખીએ, શ્રધ્ધા રાખીએ, નિષ્ઠા

રાખીએ કે સ્નેહ રાખીએ પરંતું જો શ્રીઠાકોરજીની સેવા ન કરીએ તો સંપુર્ણ સમર્પણ થઇ શકતું નથી. શ્રીઠાકોરજી પ્રત્યેના આપણા સ્નેહની અભિવ્યક્તિ તેમની સેવા દ્વારાજ થઇ શકે છે માટે સેવાએ સમર્પણની પુર્વશરત ગણાય.

સેવા દ્વારા પ્રત્યેક પદાર્થ પ્રભુને સમર્પિત થઇ શકે છે. માત્ર પ્રભુનો પ્રસાદ લેવાથી પુરૂં સમર્પણ થતું નથી. સંપુર્ણ જીવન પ્રભુ કાજે, પ્રભુના સુખ માટે, પ્રભુની સેવા માટે જીવાય ત્યારેજ સંપુર્ણ સમર્પણ થયું કહેવાય.

*

'સ્નેહનું લક્ષણ સંગ્રહ નથી, સમર્પણ છે. પ્રેમનો સહજ સ્વભાવ છે કે તે આપીને રાજી થાય છે. પ્રેમની પરાકાષ્ટા તો પોતાની વસ્તુઓજ માત્ર નહીં, પરંતુ પોતાને પણ સમર્પિત કરી દેવામાં છે. સમુદ્રને મળતી વખતે સરિતા પોતાના નામ અને રૂપ બન્નેનું સમર્પણ કરી દે છે. ત્યારે સાગર પણ સરિતાને પોતાની અંદર સમાવિષ્ટ કરી પોતાની અગાધતાનું દાન કરે છે. સરિતાના સર્વ સમર્પણના કારણેજ સાગર તેનો સ્વિકાર કરે છે. સરિતા સાગરની ખારાશનો વિચાર નથી કરતી, સાગર સરિતાની અલ્પતાનો વિચાર નથી કરતો. સર્વ સમર્પણનું શ્રેષ્ઠ ઉદાહરણ આથી વિશેષ શું હોઇ શકે. ભક્તે ભગવાનને સમર્પિત થતાં આવાજ ભાવથી વિચાર કરવો જોઇએ. જીવ જો પોતાની અહંતા અને મમતાનો ત્યાગ કરી જેને પોતાનું માની બેઠો છે, તે સર્વકાંઇનું સમર્પણ પ્રભુમાં કરી પોતે સ્વયં પણ તેને સમર્પિત થઇ જાય, પોતાની સર્વ પ્રકારની વૃત્તિઓને પ્રભુમાં યોજી દે, તો પરમ કૃપાળુ પરમાત્મા પણ તેને પોતાનામાં એકરૂપ કર્યા વગર, પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યા વગર રહી શકે ખરો ?'.

## પુષ્પ - ૧૧

# ❋ શરણાગતિ ❋

જે કાર્ય આપણે જાતે ન કરી શકીયે ત્યારે તે માટે અન્યની મદદ લઇએ છીએ. ત્યારે આપણે તે વ્યક્તિનું શરણ સ્વિકાર્યું છે તેમ કહેવાય. આમ શરણ સ્વિકારવું એટલે બીજા પર આધાર રાખવો અથવા બીજાના આશ્રિત બન્યા તેમ કહેવાય.

મનુષ્યની શક્તિ સીમિત છે. માટે તેને બીજાનો આશ્રય લેવાની આવશ્યક્તા રહે છે. આપણે હંમેશા એવું ઇચ્છીએ છીએ કે આપણે એવા કોઇ જે સહુથી શક્તિશાળી હોય તેનો આશ્રય લઇએ. તો બધાથી વધુ સામર્થ્યવાળા કેવળ ભગવાન છે. તેમનામાં સર્વ કાંઇ કરવાની શક્તિ છે. તે સર્વથી ઉપર છે. જગતમાં બધાંજ તેમના આશ્રિત છે. માટે આપણે કેવળ ભગવાન અથવા પરમાત્માનું જ શરણ સ્વિકારવું જોઇએ. ત્યારે એમ કહેવાય કે આપણે પરમાત્માની શરણાગતિનો સ્વિકાર કર્યો છે.

શરણાગતિ બે પ્રકારે સિધ્ધ થાય છે. (૧) સાધન દ્વારા અને (૨) ફળ દ્વારા. જ્યારે આપણે પ્રભુનું શરણ મેળવવા આપણી શક્તિનો ઉપયોગ કરી કોઇ પ્રકારનું સાધન કરીએ જેવા કે જપ, તપ, દાન, યાત્રા, પૂજા વગેરે અને તે સાધનોના બદલામાં આપણે ઇચ્છીએ કે પરમાત્મા મારૂં રક્ષણ કરે ત્યારે તેને 'સાધનરૂપ શરણાગતિ' કહેવાય. આને 'મર્યાદા શરણાગતિ' પણ કહેવાય છે. આ પ્રકારની શરણાગતિમાં આપણા સાધનોનું

મહત્વ રહેલું હોય છે અને તેથી આપણા સાધન દ્વારા પ્રભુની શરણાગતિ પ્રાપ્ત થાય છે. વાંદરીના બચ્ચાના ઉદાહરણથી આ બાબત સ્પષ્ટ થઇ શકે. જેમ એક વાંદરીનું બચ્ચું તેની માને વળગી રહે અને વાંદરી એક વૃક્ષથી બીજા વૃક્ષ ઉપર કુદે. તે સમયે વાંદરીનું બચ્ચું તેની માને પકડી રાખે છે. તેમાં વાંદરી કશું કરતી નથી. આમ વાંદરીના બચ્ચાના પ્રયત્ન દ્વારા તેને તેની માનું શરણ પ્રાપ્ત થાય છે. આવી શરણાગતિ તે 'મર્યાદા શરણાગતિ' કહેવાય છે. આ પ્રકારની શરણાગતિ મનુષ્યના પોતાના સાધનઉપર આધાર રાખે છે. જો મનુષ્ય સાધન છોડી દે તો પ્રભુની શરણાગતિ પણ છુટી જાય.

ગીતાજીમાં ભગવાને અર્જુનને ૧૭મા અધ્યાયો સુધી પરમાત્માને પામવાના અનેક સાધનો બતાવ્યા છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, સાંખ્ય દર્શન ઇત્યાદી અનેક બાબતોના ખુલાસા પોતે કર્યા પરંતું આમાંથી કયા સાધનનો ઉપયોગ કરવો તે અર્જુન નક્કી કરી શકયો નહીં. ત્યારે છેવટે ભગવાને કહ્યું 'સર્વ ધર્માન પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' હવે તું બધા પ્રયત્નો છોડી દઇને માત્ર મારૂં શરણ સ્વિકારી લે, બાકીનું બધું હું સંભાળી લઇશ.

જયારે ભગવાન સામે પગલે જીવને રક્ષણ પુરૂ પાડે અને તેની બધી જવાબદારી પોતાના માથે લઇ લે ત્યારે તે 'પુષ્ટિ-શરણાગતિ' કહેવાય. પુષ્ટિ શરણાગતિ એ ફળરૂપ છે. કારણ કે તેમાં મનુષ્યે કોઇ સાધન કરવાના હોતા નથી. પરમાત્મા પોતેજ તેની જવાબદારી ઉપાડી લે છે. મનુષ્યે તો પોતે સાચા હૃદયથી પરમાત્માનું શરણ સ્વિકારી લેવાનું હોય છે અને કહી દેવાનું હોય છે કે આપને જેમ યોગ્ય લાગે તેમ મને રાખો.

આ વાત સમજવા આપણે બિલાડીના બચ્ચાનું ઉદાહરણ જોઇએ.

જે પ્રકારે એક બિલાડી પોતાના બચ્ચાને મોંથી પકડી એક સ્થાનેથી બીજા સ્થાને લઇ જાય છે ત્યારે બચ્ચાએ કોઇ પ્રયત્ન કરવાનો હોતો નથી. બિલાડી પોતેજ બચ્ચાને સાચવીને તેને ઇજા ન થાય તેમ પકડી રાખે છે અને સ્થળાંતર કરે છે. બચ્ચાનો તેમાં કાંઇ પ્રયત્ન હોતો નથી. તેની જવાબદારી બિલાડીને માથે હોય છે. આજ પ્રકારે પુષ્ટિ શરણાગતિમાં જીવે કોઇ પ્રયત્ન કરવાનો હોતો નથી. પરંતું પરમાત્માના ચરણમાં અનન્યતાપૂર્વક દ્રઢ આશ્રય રાખવાનો હોય છે. પરમાત્મામાં દ્રઢ વિશ્વાસ રાખી રહેવાનું હોય છે. તેનામાં એવો અટલ ભાવ રાખવો જોઇએ કે તે જે કાંઇ કરશે તે આપણા હિતમાંજ હશે, તે યોગ્યજ કરશે. આપણે બ્રહ્મસંબંધ લેતી વખતે પ્રભુને સર્વ સમર્પિત કરી તેમની શરણાગતિ સ્વિકારી કહીએ છીએ કે હે પ્રભુ હું આપનો છું. એટલે પછી સર્વ જવાબદારી પ્રભુની રહે છે. આપણે હંમેશા અનન્યતાપૂર્વક તેમનો આશ્રય રાખીને રહેવું જોઇએ.

આપણે જ્યારે નામમંત્રની દીક્ષા લઇએ છીએ ત્યારે આપણે પ્રભુની આ પુષ્ટિશરણાગતિ સ્વાકારીએ છીએ. જ્યારે આપણે અષ્ટાક્ષર મંત્ર શ્રીકૃષ્ણઃ શરણં મમઃ બોલીએ ત્યારે એમ કહીએ છીએ કે શ્રીકૃષ્ણ મારૂં શરણ છે અથવા હું શ્રીકૃષ્ણનું રક્ષણ સ્વિકારૂં છું. આમ પુષ્ટિ શરણાગતિનો સ્વિકાર કરીએ ત્યારે મન સાથે દ્રઢભાવથી વિચારવાનું હોય છે કે પુર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણજ એક માત્ર મારો સ્વામી છે. તેમનામાં મને સંપુર્ણ વિશ્વાસ છે. તે જે કરશે તે મારા હિતમાં જ હશે અને તે જેમ રાખશે તેમ રહેવાની મારી તૈયારી છે.

આવો અટલ વિશ્વાસ રાખીએ તો પુષ્ટિ શરણાગતિ સિધ્ધ થાય.

આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીએ ભગવદ્ પ્રાપ્તિનો આવો

બિનશરતી શરણાગતિનો ઉત્તમમાર્ગ બતાવ્યો છે. શરણાગતિએ માત્ર દુઃખી જીવોનું સાધન નથી પરંતું જેઓ સર્વ ઉપાધિથી મુક્ત હોય તેણે પણ હરિના શરણે જવું એમ આપશ્રીએ આજ્ઞા કરી છે. શ્રીહરિરાયજીએ પણ આજ વાત કરી છે કે 'આપણું તો સંપત્તિ અને વિપત્તિ બન્ને સ્થિતિમાં સાધન તેમજ સાધ્ય બન્ને એકજ છે અને તે **શ્રીકૃષ્ણઃ શરણં મમ** શરણભાવ ધરાવતો મહામંત્ર છે.'

વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિશરણાગત જીવને માટે ત્રણ ઉપદેશ આપ્યા છે. (૧) તેણે પુષ્ટિપ્રભુ સિવાય અન્ય દેવ-દેવીઓ પાસે પોતાની ઇચ્છાથી જવું નહી (૨) અન્ય દેવ-દેવીની પુજા કે ઉપાસના કરવી નહી (૩) પુષ્ટિપ્રભુ કે અન્ય કોઇની પણ પાસે કોઇ પ્રકારની માગણી કરવી નહી. શરણાગતિની આ પૂર્વશરતો આપણે ધ્યાનમાં રાખવી જોઇએ.

પંચશ્લોકી ગ્રંથમાં આપશ્રીએ શરણાગતિના છ પગથીયા બતાવ્યા છે. જો આ બાબતોને નિષ્ઠાપૂર્વક અમલમાં મુકીએ તો આપણી પ્રભુમાં દ્રઢ શરણાગતિ થઇ શકે.

૧) પ્રભુને સર્વ પ્રકારે અનુકુળ થઇને રહેવું જોઇએ. અર્થાત હંમેશા દાસભાવથી કેવળ પ્રભુના સુખનો વિચાર જ આપણી પ્રત્યેક ક્રિયામાં મુખ્ય હોવો જોઇએ.

૨) પ્રભુભક્તિમાં જે કાંઇ બાબતો કે વ્યક્તિઓ બાધારૂપ હોય તેનો ત્યાગ કરવો. જે વસ્તુ કે પદાર્થ પ્રભુને સુખ ન આપે તેનો ઉપયોગ આપણે ન કરવો જોઇએ.

૩) પ્રભુ હંમેશા આપણા હિતમાં જે હશે તેજ કરશે તેવો દ્રઢ વિશ્વાસ તેમનામાં રાખવો અતિ આવશ્યક છે.

૪) બ્રહ્મસંબંધ કરવાથી પ્રભુએ આપણું વરણ કર્યુ છે, આપણો હાથ ઝાલ્યો છે, તો ક્યારેય પણ તે આપણો ત્યાગ નહીં

કરે તેવો દ્રઢ વિશ્વાસ રાખવો જરૂરી છે. આપણે હંમેશા પ્રભુના બનીને રહેવું જોઇએ.

૫) બ્રહ્મસંબંધ કરતી વખતે આપણે પ્રભુ આગળ કબુલાત કરી છે કે 'હે પ્રભુ હું તમારો દાસ છું,' આ પ્રતિજ્ઞા હંમેશાં યાદ રાખી પ્રભુના સ્વામીત્વનો કાયમ માટે સ્વિકાર કરવો જોઇએ.

૬) પ્રભુને સમર્પિત બનીને જીવન વ્યતિત કરવું જોઇએ.

આ છ બાબતો ધ્યાનમાં રાખી પ્રભુની દ્રઢતા પૂર્વક શરણાગતિ સ્વિકારીએ તો જ પુષ્ટિભક્તિનું પરમફળ આપણે પામી શકીએ.

*

'મનુષ્યને અનેક પ્રકારના ભય સતાવે છે. કાળ, મૃત્યુ, શત્રુ, રોગ, રાજા અને દૂષ્ટજનો જેવા અનેક ભયજનક પરિબળોથી મનુષ્ય હમેશાં ભયભિત રહે છે. દૈવી સંકટ. ભૌતિક ઉપદ્રવો અને પોતાના કર્મથી અને સ્વભાવથી ઉત્પન્ન થયેલા દુઃખોનો પણ તેને ભય રહે છે. આ સર્વ પ્રકારના ભયથી મુક્તિ પામવાનું એક માત્ર સાધન અનન્ય ભાવથી પરબ્રહ્મ પરમાત્માની બીનશરતી શરણાગતિ સ્વિકારવી તે છે. જીવ જ્યારે ભગવાનની શરણાગતિ સ્વિકારી કહે છે - 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ત્યારે તેના ભયના નિવારણની જવાબદારી ભગવાનની થઇ જાય છે અને જીવ નિશ્ચિંત બની શકે છે. આર્તનાદ સાંભળી ગજરાજને મગરથી છોડાવવા ભગવાન શ્રીવિષ્ણુ ગરૂડ પર સવાર થઇ ધસી આવ્યા હતાં અને દ્રૌપદીની વીનવણી સુનતાંજ શ્રીકૃષ્ણ તેના ચિર પૂરવા દોડી ગયા હતાં, તે મર્યાદા શરણાગતિના જ્વલંત ઉદાહરણ છે. પુષ્ટિપુરૂષોત્તમ માં પ્રત્યેક સંજોગોમાં અનન્ય અને અવિચલિત શ્રધ્ધા એ પુષ્ટિશરણાગતિની પૂર્વ શરત છે'.

(પુષ્પ - ૧૨)

# ❋ અનન્યાશ્રય - અન્યાશ્રય ❋

પ્રત્યેક મનુષ્ય દુનિયામાં બે બાબતો માટે બધી પ્રવૃત્તિઓ કરતો હોય છે. તે સર્વ પ્રકારના દુઃખોમાંથી છુટવાની ઇચ્છા રાખે છે. સાથે સાથે તે આલોક અને પરલોકના બધા સુખો મેળવવાની ઇચ્છા રાખે છે. આમ માણસનું જીવન દુઃખ નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ માટે હંમેશાં પ્રવૃત્ત હોય છે. પરંતુ મનુષ્યની શક્તિ મર્યાદિત છે. તે પોતાની બુધ્ધિ અને શક્તિથી દુઃખોમાંથી મુક્તિ મેળવી શક્તો નથી કે સુખની પ્રાપ્તિ કરી શકતો નથી. આને કારણ મનુષ્ય અન્ય કોઇનો આશ્રય શોધે છે.

આપણે કોઇ કામ માટે બીજાનો આધાર લઇએ તેને તેનો આશ્રય લીધો એમ કહેવાય. જ્યારે કોઇ કામ આપણાથી ન થાય ત્યારે આપણે બીજાની મદદ લઇએ છીએ અથવા આશરો લઇએ છીએ. બીજા અર્થમાં આને અન્યનો આશ્રય કર્યો કહેવાય. આપણે નાના હોઇએ ત્યારે આપણા માતા-પિતાનો આશ્રય લઇએ છીએ. વૃધ્ધ માતા-પિતા પોતાના સંતાનોનો આશ્રય લે છે.

આપણે જાણીએ છીએ કે ભગવાન સર્વથી વધુ સામર્થ્યવાન છે માટે જો એક માત્ર તેનો જ આશ્રય અનન્યતાપૂર્વક કરીએ તો તે આપણું અવશ્ય રક્ષણ કરશે.

આપણે વૈષ્ણવ છીએ. આપણે બ્રહ્મસંબંધ લેતી વખતે આપણું સર્વસ્વ આપણા ગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણને સોંપી દીધું છે. આપણે તેમને કહ્યું છે 'કૃષ્ણ હું તમારો છું. આમ આપણે શ્રીકૃષ્ણનું

શરણ સ્વિકાર્યું છે,' તેમની સાથે અનન્ય પ્રેમનો નાતો બાંધ્યો છે. શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા છે. તે પુર્ણપુરૂષોત્તમ છે, સર્વ કાંઇ કરવાને શક્તિમાન છે. આપણે એ પણ જાણીએ છીએ કે અન્ય દેવી-દેવતાઓ તેમની કળા કે અંશ રૂપ છે. તે બધા સર્વશક્તિમાન નથી. માટે આપણે આપણા ઇષ્ટદેવ શ્રીકૃષ્ણનોજ અનન્ય આશ્રય કરવો જોઇએ. તેમના સિવાય અન્ય દેવી-દેવતાઓનો કે બીજા કોઇનો પણ આશ્રય કરીએ અથવા તેમની મદદ માંગીએ તેને અન્યાશ્રય કર્યો કહેવાય.

પુષ્ટિમાર્ગ એ પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ છે. તેમાં અનન્ય પ્રેમનું વિશેષ મહત્વ છે. ભક્તે પોતાના ઇષ્ટમાં અનન્ય પ્રેમ રાખવો આવશ્યક છે. અન્ય સર્વ પ્રત્યે આદર-સન્માન હોઇ શકે પરંતુ પ્રેમને વ્યાપક રૂપ આપી શકાય નહીં. એ લૌકિક સદાચાર છે. પ્રેમમાં અનન્યતા આવશ્યક ગણાય.

શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું છે કે પરબ્રહ્મ પરમાત્મામાં શ્રીકૃષ્ણમાં જ સંપુર્ણ વિશ્વાસ રાખવો જોઇએ, કારણ કે આ જગતના સર્વ હર્તાકર્તા તેઓજ છે. તેમના સમાન સામર્થ્યવાન બીજું કોઇ નથી. તેઓની ઇચ્છા પ્રમાણેજ જગતનો બધો વ્યવહાર ચાલે છે. જે કાંઇ તેઓ કરી શકશે તે કાર્ય અન્ય દેવી-દેવતાઓ કરી શકશે નહીં. માટે આપણે અનન્યતાપૂર્વક કેવળ શ્રીકૃષ્ણનોજ દ્રઢ આશ્રય રાખવો જોઇએ. તેને છોડી કદી અન્ય કોઇનો પણ આશ્રય કરીએ તો તેને અન્યાશ્રય કર્યો કહેવાય. પુષ્ટિમાર્ગમાં અન્યાશ્રય મહાબાધક છે.

ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે 'જેઓ અનન્ય ભાવે મારૂં ચિંતન કરતાં મને ઉત્તમ રીતે ઉપાસે છે તે નિત્ય સંયુક્ત એવા ભક્તોના યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્તિની રક્ષા) નો ભાર હું ઉઠાઉં છું.'

ભક્તિની દ્રઢતા અને ઉત્તમતા અનન્યતામાં રહેલી છે. સ્વામી પ્રત્યે સેવકની અનન્ય ભક્તિ હોવી જોઇએ. ભક્ત જો એવી અનન્યતા સ્વામીમાં કેળવે તો પ્રભુ પણ તે ભક્તની સંપુર્ણ જવાબદારી પોતાના શીરે લઇ લે છે.

ભગવાને અર્જુનને સંબોધી એમ પણ કહ્યું છે કે 'હે અર્જુન ! જે બીજામાં ચિત્ત ન રાખતાં નિરંતર નિત્ય મારૂં સ્મરણ કરે છે તે નિત્યયુક્ત યોગીને હું સુલભ થાઉં છું.' અહિં પણ ભગવાને પોતાનો અનન્યાશ્રય કેળવવાનો બોધ આપ્યો છે.

ચાતક પક્ષી કેવળ સ્વાતિ નક્ષત્રમાં વરસતા વરસાદનું જલપાન કરે છે. તે ભગવાનમાં અટલ વિશ્વાસ રાખી અન્ય કોઇ પણ પ્રકારના જળની અપેક્ષા સેવતું નથી. આપણી એવીજ અનન્યતા આપણા પ્રભુમાં હોવી જોઇએ.

એવોજ અનન્યાશ્રય પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણનો કરવો જોઇએ.

ઘણી વખત આપણે જોઇએ છીએ કે જો આપણે કોઇ એક વ્યક્તિ ઉપર પાકો વિશ્વાસ રાખી તેનો આશરો લઇને રહીએ તો તે તેનાથી બનતી રીતે આપણા બધા દુઃખ દુર કરી શક્ય એટલું આપણને સુખ આપે છે. પરંતુ જો એકજ કામ માટે આપણે અનેકનો આશ્રય લેવા જઇએ તો કોઇ આપણી મદદે આવતું નથી. દરેક જણ એમ માને છે કે 'તેને ઘણાની પાસે મદદ માગી છે, તો હું તેને સહાયતા નહીં કરૂં તો ચાલશે.' અંતે કોઇની પણ મદદ મળતી નથી. આજ કારણથી આપણા એકમાત્ર સ્વામી શ્રીકૃષ્ણનો અનન્યાશ્રય કેળવવો આવશ્યક છે.

પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણની તુલનામાં અન્ય દેવી-દેવતાઓના સામર્થ્યની સીમાના અનેક ઉદાહરણો આપણને પુરાણોમાં પ્રાપ્ત થાય છે. ભલભલા દેવોએ પણ શ્રીકૃષ્ણની

સર્વોપરીતા સ્વીકારી છે. ગોવર્ધન લીલાના પ્રસંગમાં ઇન્દ્રએ દંડવત કરી શ્રીકૃષ્ણની ક્ષમાયાચના કરી હતી. વૃંદાવનમાં બ્રહ્માજી શ્રીકૃષ્ણના પ્રસાદનો એક કણ મેળવવા યમુનાજળમાં માછલું બનીને રહ્યા હતા. મહાદેવજી બાલકૃષ્ણના દર્શને જોગી બની નંદરાયજીના દ્વારે આવ્યા હતા. સ્વર્ગના દેવો ગોપબાલકો બનીને વ્રજમાં પ્રગટ થયા હતા. વેદની શ્રુતિઓ અને રામાવતારના ઋષિકુમારો વ્રજમાં ગોપિકાઓ બનીને જન્મ્યા હતા. આ સર્વે હકીકતો એ પુરવાર કરે છે કે આ સૌ દેવ-દેવીઓ પણ પોતાના ઇષ્ટ તરીકે ભગવાન શ્રીકૃષ્ણને સ્વીકારે છે અને તેમની ભક્તિ કરે છે માટે આપણે પણ અનન્યતાપૂર્વક શ્રીકૃષ્ણનો દ્રઢ આશ્રય રાખવો જોઇએ. તેથી જ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે 'અન્ય દેવ-દેવી ભગવાન કરતાં વધારે કાંઇ આપી શકતાં નથી, માટે તેમનો આશ્રય કરવો યોગ્ય નથી.' અન્ય દેવોના મંદિરોમાં આપણે જાતે સામે ચાલીને જવું ન જોઇએ, તેમની પૂજા કે ઉપાસના કરવી જોઇએ નહી, તેમજ તેમની પાસે કાંઇ પણ માંગવું જોઇએ નહી. કારણકે ભગવાન શ્રીકૃષ્ણ સર્વસમર્થ છે. શ્રીકૃષ્ણનાંજ દર્શન કરવા, શ્રીકૃષ્ણનાંજ ગુણગાન ગાવાં અને તેમનોજ દ્રઢ આશ્રય રાખવો જોઇએ, જેથી અન્યાશ્રયથી બચી શકાય.

આનો અર્થ એવો નથી કે આપણે અન્ય દેવી દેવતાઓનો અનાદર કરવો. આપણે જો આપણાથી મોટા વડીલોને, ગુરૂજનોનો આદર સત્કાર કરીએ છીએ તો દેવી-દેવતાઓની કક્ષા તો તેથી ઉંચી છે. તેમને આપણે પુરેપુરો આદર અને સન્માન આપવું જોઇએ. પરંતુ જો સામે ચાલીને તેમના મંદિરોમાં કોઇ પ્રકારની માંગણી સાથે જઇએ અથવા અન્ય કોઇનામાં પણં આપણા ઇષ્ટદેવ કરતાં વધુ વિશ્વાસ મુકીએ તો આપણે અન્યાશ્રય કર્યો એમ કહેવાય. ક્યારેક કોઇક કારણસર આપણે દેવાલયમાં જવું પણ પડે તો તેમની પીઠ ન કરાય, તેમનું અપમાન ન

કરાય કે તેમના વિશે કાંઇ અપશબ્દ ન કહેવાય. વૈષ્ણવ તરીકે આપણે આવો વિવેક સાચવવો જરૂરી છે.

આમ આપણો અનન્ય ભાવ કેવળ આપણા ઇષ્ટદેવ શ્રીકૃષ્ણમાંજ રાખવો જોઇએ અને અન્ય દેવ-દેવીઓમાં અથવા મનુષ્યોમાં આપણે ઉદાર આદરભાવ રાખી રહેવું જોઇએ.

અન્યાશ્રયથી બચવા માટે આપણે બ્રહ્મસંબંધ કરતી વખતે જે પ્રતિજ્ઞા કરીએ છીએ તેનો હંમેશા ખ્યાલ રાખવો જોઇએ અને તે પ્રતિજ્ઞાનું દ્રઢતાપૂર્વક પાલન કરવું જોઇએ. આપણા પ્રભુમાં દ્રઢ વિશ્વાસ રાખવો જોઇએ. ગમે તેટલું દુઃખ આવી પડે પણ તે સહન કરવાની શક્તિ કેળવવી જોઇએ. કાંઇક પ્રકારના ભૌતિક સુખ માટે કોઇની પણ પાસે દોડી ન જવું જોઇએ. હંમેશા શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ અથવા તેના અર્થનું ચિંતન કરતાં રહીએ તો આપણે અન્યાશ્રયના દોષમાંથી મુક્ત રહી શકીયે.

*

'શ્રીકૃષ્ણનો આશ્રય છોડીને અન્યનો આશ્રય કરવો તે ગંગાજીના પવિત્ર જળનો પરિત્યાગ કરીને કુવાનાજલના પાન કરવા બરાબર છે. કોઇ ભ્રમર એવો હોય કે જેણે કમળનો રસાસ્વાદ મેળવ્યા પછી કેરડાંનો તુચ્છ સ્વાદ લેવાનો વિચાર કર્યો હોય ! જો કોઇ કામધેનુ ગાયને છોડી બકરી દોહવાનું વિચારે એ જેટલો મુર્ખ છે એટલોજ સર્વસમર્થ, પૂર્ણપરમાત્મા, પરબ્રહ્મ પુર્ણાવતાર સચ્ચિદાનંદરૂપ, દેવાદિદેવ વિશ્વાત્મા, સર્વાત્મા ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય તજીને તુચ્છ વસ્તુઓ, વ્યક્તિઓ કે દેવોનો આશ્રય કરનારો મુર્ખ છે'.

(પુષ્પ - ૧૩)

# ❋ પુષ્ટિ-આચાર ❋

ધર્મ શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના આચાર બતાવવામાં આવ્યા છે. સદાચાર, આચાર અને અનાચાર. આચાર એટલે આચરણ. મનુષ્ય જે પ્રકારે વર્તે છે તે તેનું આચરણ અથવા 'આચાર' કહેવાય.

શાસ્ત્રોની આજ્ઞા મુજબના કાર્યો કરવા તેને સદાચાર કહેવાય છે. સાચુ બોલવું, દયા રાખવી, ચોરી ન કરવી ઇત્યાદી 'સદાચાર' છે. આપણે આપણી મરજી મુજબના કાર્યો કરીએ તેને 'આચાર' કહેવાય અને શાસ્ત્રોથી વિરૂધ્ધ પાપયુક્ત કાર્યો કરવા તે 'અનાચાર' કે 'દુરાચાર' કહેવાય. જુઠું બોલવું, બીજાનું છીનવી લેવું ઇત્યાદી દુરાચાર છે.

આપણા વિચારોની અસર આપણા આચાર ઉપર પડે છે. આપણે જેવું વિચારીએ તેવું આચરણમાં મુકીએ છીએ. કોઇકને સતાવવાનો વિચાર મનમાં આવેતો આપણે હિંસા કરી બેસીએ. આપણા આચરણની અસર આપણા વિચારો ઉપર પડે છે. જેવો આચાર તેવા વિચાર ઉત્પન્ન થાય છે. આમ આપણા આચાર અને વિચાર, તાણાવાણાની માફક એકમેક સાથે વણાઇ ગયેલ છે. જો આપણે સ્વચ્છતાના આગ્રહી હોઇએ, શુધ્ધતા અને પવિત્રતા પાળતા હોઇએ તો આપણામાં ભગવદ્ પરાયણતા આવે, આપણને ધાર્મિક ભાવના જાગ્રત થશે. ભગવદ્ સેવા માટે શુધ્ધતા અને પવિત્રતાની આવશ્યકતા છે. કારણ બ્રહ્મનું સ્વરૂપ નિર્ગુણ છે,

શુધ્ધ છે. કોઇ પણ પ્રકારના દોષ રહિત છે. આવા સ્વરૂપની સેવામાં શુધ્ધતા અને પવિત્રતા જાળવવીજ જોઇએ. માટે તે રીતનું આચરણ ભગવદ્ સેવામાં આવશ્યક ગણાય.

શ્રીમહાપ્રભુજીએ સદાચારના પાલન માટે ખુબ સરસ વાત કહી છે. આપણું શરીર પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને એક મન થઇ ૧૧ ઇન્દ્રિયવાળું છે. તેમાં અંતઃકરણ પણ સ્થિત છે. આ બધાં દ્વારા જીવનમાં આપણે સત્સંગ, સેવા, સ્મરણ કરવાના છે. તેને માટે દેહ શુદ્ધિ, હૃદય શુધ્ધિ અને અંતકરણની શુદ્ધિ કરવી આવશ્યક છે. આપણું શરીર એક રથ સમાન છે. તેમાં અગિયાર ઇન્દ્રિયો રૂપી ઘોડા જોડાયેલા છે. આપણું મન એ સારથિરૂપ છે અને બુધ્ધિ તેની લગામ છે. તેમાં આત્મા એ પ્રવાસી છે. મનથી બુધ્ધિની લગામ વડે ઇન્દ્રિયોના અગિયાર ઘોડાઓને કાબુમાં રાખીને જે દિશામાં આપણે જવાનું છે તે દિશામાં શરીરરૂપી રથને આપણે હાંકવાનો છે માટે મન, બુધ્ધિ અને ઇન્દ્રિયોને કાબુમાં રાખવા માટે આપણે આચારનો આગ્રહ રાખવો જરૂરી છે.

પુષ્ટિમાર્ગએ કોઇ સ્વતંત્ર ધર્મ વિચાર નથી પરંતુ શ્રીમહાપ્રભુજીએ તે વેદ-ઉપનિષદ ઇત્યાદી ધર્મગ્રંથોના આધારે પ્રતિપાદિત કર્યો છે. પોતે વેદની આજ્ઞાઓનું કયારેય ઉલ્લંઘન કર્યું નથી. આપે એ ધર્મગ્રંથોનો સંપુર્ણ પણે સ્વિકાર કર્યો છે અને તે મુજબ અનુસરવાની આજ્ઞા કરી છે. તે કારણથી શ્રીમહાપ્રભુજીના તત્વ વિચાર અને ધર્મ વિચારમાં કોઇ ભેદ નથી. પુષ્ટિમાર્ગમાં વેદની આજ્ઞાઓનું સંપુર્ણ પાલન આવશ્યક ગણાયું છે. તેથી શ્રીમહાપ્રભુજીએ વર્ણાશ્રમધર્મનું પાલન કરવાનો આગ્રહ રાખ્યો છે. તે સાથે પુષ્ટિભક્તિ એ પ્રેમલક્ષણા ભક્તિ હોવાથી તેમાં વર્ણ, આશ્રમ કે જાતિના આધારે કોઇ પણ પ્રકારના ભેદને સ્થાન હોઇ શકે નહી માટે તે બન્ને બાબતોનો સુંદર

સમન્વય કરી પુષ્ટિમાર્ગની આચાર-પરંપરા શ્રીમહાપ્રભુજીએ પ્રસ્થાપિત કરી છે, જેથી તેની મર્યાદામાં રહીને પ્રત્યેક વૈષ્ણવ વર્ણાશ્રમનું તેમજ પુષ્ટિમાર્ગનું પાલન કરી શકે.

આપે આચરણના બે પ્રકારના ધર્મો બતાવ્યા છે. (૧) આત્મધર્મ અને (૨) દેહધર્મ. આત્માનો સંબંધ કેવળ ભગવાન સાથે છે. તેનો વર્ણ કે આશ્રમ સાથે કોઇ સંબંધ નથી. જ્યારે આપણા શરીરનો સંબંધ આપણા વર્ણ અને આશ્રમ સાથે છે.

જ્યાં સુધી આપણને આપણા શરીર અને ઇન્દ્રિયો વિશેનું સાન ભાન છે ત્યાં સુધી દેહધર્મ આપણો સ્વધર્મ બની રહે છે અને તેનું પાલન આપણે માટે આવશ્યક છે. આપણે જે વર્ણમાં જન્મ લીધો છે, જે કુટુંબમાં જન્મલીધો છે તેના આચારોનું પાલન કરી જીવવું આવશ્યક છે. આપણે જે આશ્રમમાં છીએ તે પ્રમાણેની ફરજો આપણે બજાવવી જોઇએ. ગૃહસ્થાશ્રમમાં આપણે હોઇએ ત્યારે એક ગૃહસ્થ તરીકે જે કાર્યો કરવાના હોય, પરિવાર પ્રત્યેની આપણી ફરજો બજાવવાની હોય, તેનાથી વિમુખ ન બની શકાય. તે આપણો દેહધર્મ છે. જેનું પાલન પ્રત્યેક વૈષ્ણવ માટે જરૂરી છે. જ્યારે આપણે દેહસંબંધી સાનભાનથી ઉપર ઉઠીએ, આપણું ચિત્ત કેવળ ભગવાન સાથે જોડાઇ જાય, આપણા આત્માનું ઐકય પરમાત્મા સાથે થઇ જાય ત્યારે આપણો દેહધર્મ બાધક બનતો નથી અને આપણા આત્મધર્મની મર્યાદાઓને સ્વિકારી જીવન જીવવું જોઇએ.

મનુષ્ય જીવનને ચાર તબક્કામાં વહેંચવામાં આવ્યું છે. શાસ્ત્રોએ ધર્મના ચાર પાયા બતાવ્યા છે. સત્ય, દયા, તપ અને પવિત્રતા. આ ચારેય તત્વોનો સમન્વય કરી બ્રહ્મચારીનું જીવન, ગૃહસ્થનું જીવન વાનપ્રસ્થનું જીવન અને સંન્યાસીનું જીવન કેવું હોવું જોઇએ તે ધર્મશાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યું છે. તે મુજબ આપણે જે વર્ણમાં અને આશ્રમમાં જીવતાં હોઇએ તે પ્રમાણેના

ધર્મનું આચરણ આપણે કરવું જોઇએ.

પુષ્ટિમાર્ગમાં આચાર શુધ્ધિ અને પવિત્રતાને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે અને તે મુજબના આચાર પાલનનો આગ્રહ રાખવામાં આવે છે, જે અત્યંત જરૂરી છે. પુષ્ટિમાર્ગીય સેવા સાક્ષાત પરબ્રહ્મ પરમાત્માની સેવા છે. જ્યાં સુધી આપણે શરીર શુધ્ધિ અને આત્મશુધ્ધિ ન કરીએ ત્યાં સુધી આપણામાં સદાચાર આવવો શક્ય નથી અને સદાચાર વગર સદ્ વિચાર હૃદયમાં સ્થિર થઇ શકતો નથી. માટે પુષ્ટિમાર્ગમાં બ્રાહ્ય અને આંતરિક શુધ્ધિના વિધાન કરવામાં આવ્યા છે. 'અપરસ' પ્રથા કે અસ્પૃશ્ય પ્રથા પાછળનો આજ હેતુ રહેલો છે. ભગવદ્ સેવામાં અપરસ ને આવશ્યક મનાઇ છે, કારણ કે તેના દ્વારા દેહની પ્રથમ સ્નાનાદિક ક્રિયા દ્વારા દેહ શુદ્ધિ અને ચરણામૃત, તિલક, તુલસી ઇત્યાદી દ્વારા આંતરીક શુધ્ધિની પ્રક્રિયા સમજાવવામાં આવી છે.

આપણો દેહ પંચમહાભુત એટલે કે પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ તત્વોનું બનેલું છે. શુધ્ધ જળથી શુધ્ધ રીતે સ્નાન કરવાથી પૃથ્વી તત્વની શુધ્ધિ થાય છે. ભગવદ્ જળના સ્પર્શ યુક્ત ચરણામૃત લેવાથી જળ તત્વની શુધ્ધિ થાય છે. પવિત્ર તુલસી ગ્રહણ કરવાથી વાયુ તત્વની શુધ્ધિ થાય છે. કપાળમાં પ્રસાદી કુમકુમથી તિલક કરવાથી તેજ તત્વની શુધ્ધિ થાય છે અને ભગવદ્ નામ લેવાથી આકાશ તત્વની શુધ્ધિ થાય છે. આમ આ પાંચેય તત્વની શુધ્ધિ દ્વારાજ અપરસ થઇ શકે છે. આંતરીક અને બાહ્ય એમ બન્ને પ્રકારે દેહ શુધ્ધિ થતાં આપણે ભગવદ્ સેવાને લાયક બનીએ છીએ. સેવા, સત્સંગ અને સ્મરણ એ આત્મશુધ્ધિના ઉપકરણો છે અને તેના માધ્યમથીજ ભગવદ્ સંયોગ શકય બની શકે છે.

શરીરના બાહ્ય ઉપચાર માટે ડૉકટર પણ શકય એટલી

શુધ્ધિનો આગ્રહ રાખે છે અને હાથ-પગ સાબુથી સ્વચ્છ રીતે ધોવા, ઓપરેશન થીયેટરમાં જતાં જોડા કાઢી નાંખવા ઇત્યાદી પ્રક્રિયાઓ શારીરીક શુધ્ધિ માટે આવશ્યક ગણે છે. તો પછી નિગુર્ણ એવા પરબ્રહ્મ પરમાત્માના સંયોગ માટે સંપુર્ણ પણે દેહશુધ્ધિ, આત્મશુધ્ધિ અને પવિત્રતાનું મહત્વ જરાપણ ઓછું ન હોઇ શકે. માટેજ પુષ્ટિમાર્ગીય સેવા પધ્ધતિમાં વિશિષ્ટ આચરણોને અગ્રસ્થાને રખાયું છે, કારણકે તેમાં સાક્ષાત પુષ્ટિપ્રભુના સંસર્ગની પ્રક્રિયા છે.

સદાચાર એ કેવળ બ્રાહ્ય- પ્રક્રિયાજ નથી એટલે કેવળ સ્નાન ઇત્યાદિ ક્રિયાઓમાં પુષ્ટિઆચારની પરિપુર્તિ થઇ જતી નથી. સત્ય બોલવું, દયા રાખવી ઇત્યાદી સદ્ગુણોનો આગ્રહ પણ અતિ આવશ્યક છે. અસત્યથી મન મલિન અને અપવિત્ર બને છે, કઠોરતા પ્રકૃતિને તામસી બનાવે છે, ભૌતિક મનોરંજન વાણી અને ઇન્દ્રિયોના નિગ્રહમાં બાધક બને છે. માટે સાતત્યપુર્ણ લૌકિક રાગ-ભોગ થી મુક્ત સાત્વિક જીવન એ તનને અને મનને પવિત્ર રાખવાના ઉપચારો છે. તેનો આગ્રહ અને પાલન પુષ્ટિમાર્ગીય આચાર સંહિતાનું મહત્વનું અંગ છે અને પુષ્ટિપ્રભુની સેવા અને તેની પ્રાપ્તિ માટે તે મુજબનું આચરણ અત્યંત આવશ્યક ગણાય છે.

*

'સ્વધર્મ-વર્ણાશ્રમ પ્રમાણેના શરીરના ધર્મો (ફરજો) અને આત્માના ધાર્મ (ભગવદ્ સેવા-સ્મરણ)નું આપણી શકિત પ્રમાણે આચરણ કરવું. વિધાર્મ-શાસ્ત્રોએ બતાવેલ નહીં કરવા જેવા કાર્યો ન કરવાં. ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ ઉપર પૂરેપૂરો સંયમ રાખવો. આ ત્રણ બાબતો કયારેય છોડવી નહીં'.

'બિન જરૂરી વિચાર, વાણી અને ક્રિયાનો સર્વથા ત્યાગ કરવો જેથી વિચાર, વાણી અને વર્તન વિશેષ પ્રમાણમાં પ્રભુમાં જોડી શકાય'.

(પુષ્પ - ૧૪)

# ❋ પરમ તત્વ શ્રીકૃષ્ણ ❋

વેદમાં ભગવાનને 'બ્રહ્મ' કહ્યા છે. બ્રહ્મનો અર્થ વ્યાપક થાય. જે આ આખી સૃષ્ટિમાં વ્યાપક રૂપે બિરાજી રહ્યા છે તે બ્રહ્મ. એટલે કે આ જગતમાં જે કાંઇ આપણે જોઇએ છીએ તે આ બ્રહ્મનું જ સ્વરૂપ છે. ભગવાને આ સૃષ્ટિની રચના કરી છે અથવા ભગવાન પોતેજ આ જગતરૂપ બન્યા છે.

શ્રુતિઓએ બ્રહ્મને 'પરમાત્મા'ના નામથી સંબોધન કર્યું છે, જ્યારે શ્રીભાગવતજીમાં તે 'ભગવાન'ના નામથી ઓળખાય છે. આમ બ્રહ્મ કહો, પરમાત્મા કહો કે ભગવાન કહો, એકજ ઇશ્વરના તે નામો છે.

ભગવાનનો અર્થ થાય 'ભગ વાળો' એટલે કે જેમાં છ પ્રકારના 'ભગ' અર્થાત ગુણો હોય તેને 'ભગવાન' કહેવાય. આ છ પ્રકારના ગુણો ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ભગવાનમાં હોય છે. ભાગવતજીમાં કહ્યું છે કે શ્રીકૃષ્ણ એ સાક્ષાત ભગવાન છે, કારણ કે તેમનામાં આ છએ પ્રકારના ગુણો રહેલા છે.

ભાગવતજીમાં ભગવાનના અનેક અવતારોની લીલાનું વર્ણન છે. જ્યારે જ્યારે જે પ્રકારનું કાર્ય કરવાનું હોય ત્યારે ત્યારે ભગવાન પૃથ્વી ઉપર જન્મ લે છે અને તે અવતારોમાં જે પ્રકારનું કાર્ય કરવાનું હોય તેને અનુરૂપ પોતાના ગુણો પ્રકટ કરે છે. ભગવાન અનેકવાર અનેક અવતારો ધારણ કરી પૃથ્વી ઉપર

પ્રગટ થયા છે. આ પ્રકારે જન્મ લેવાનો ભગવાનનો કોઇને કોઇ વિશેષ હેતુ હોય છે. ક્યારેક કોઇ ભક્તને તેમણે વરદાન આપ્યું હોય તે પુર્ણ કરવા કે ક્યારેક પૃથ્વી ઉપર દુષ્ટ લોકો દ્વારા ઘણો ત્રાસ અપાતો હોય ત્યારે તેનો સંહાર કરવા પ્રભુ પ્રગટ થાય છે.

ભગવાને ગીતાજીમાં કહ્યું છે 'જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે, દુષ્ટ લોકો દ્વારા સારા લોકોને-ભક્તોને ત્રાસ આપવામાં આવે છે, ત્યારે આવા અસુરોનો નાશ કરવા અને ધર્મને પ્રસ્થાપિત કરવા હું જન્મ લઉં છું.'

ભાગવતજીમાં પ્રભુના આવા અનેક અવતારોની કથા છે. ભક્ત પ્રહલાદને તેના રાક્ષસ પિતા હિરણ્યકશ્યપુથી મુક્ત કરવા શ્રીનૃસિંહ ભગવાન સ્વરૂપે અવતાર ધારણ કરેલો. રાવણ જેવા રાક્ષસોનો નાશ કરવા શ્રીરામચંદ્રજી સ્વરૂપે પ્રભુ પ્રગટ થયા હતા. દૈત્યોના રાજા બલીરાજાને વશમાં કરવા વામનજીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. આમ અનેક ભક્તોના અનેક પ્રકારના મનોરથો પૂર્ણ કરવા ભગવાન આ પૃથ્વી ઉપર અવતર્યા છે અને પધાર્યા છે.

શ્રીવ્યાસજી, કપિલદેવ ઇત્યાદિ અવતારો ભગવાનની જ્ઞાનકલાના અવતારો છે. શ્રીવરાહ, પરશુરામ, આદિ અવતારો ભગવાનની ક્રિયાકલાના અવતારો છે. આમ ભગવાનના જે જે અવતારો થયા તે સર્વમાં તેમનું એટલે કે બ્રહ્મનું સંપુર્ણ સામર્થ્ય પ્રગટ થયું ન હતું. કોઇમાં તેમનો ઓછો કે વત્તો અંશ બિરાજતો હતો. પ્રત્યેક અવતારોમાં કોઇને કોઇ મર્યાદા હતી. તે વખતે જે કાર્ય ભગવાને કરવાના હતા તેટલી શક્તિ તેમનામાં ત્યારે પ્રગટ થયેલ હતી. પરંતુ જ્યારે સારસ્વત કલ્પમાં ભગવાને શ્રીકૃષ્ણના સ્વરૂપે અવતાર ધારણ કર્યો ત્યારે તેઓ પરબ્રહ્મ પરમાત્માના સંપુર્ણ સામર્થ્ય સાથે પ્રગટ થયા હતા. તેમનામાં ભગવાનના છ એ ગુણો પ્રગટ હતા. તેમનું સામર્થ્ય અમર્યાદિત

હતું માટે શ્રીકૃષ્ણ 'પુર્ણ પુરૂષોત્તમ' કહેવાય છે. કારણ કે તેમનું પ્રાકટ્ય અવિકૃત પ્રાકટય છે. અન્ય અવતારોની જેમ શ્રીકૃષ્ણ અવતાર અંશ અવતાર કે કલા અવતાર નથી. તેઓ જ્ઞાનકલા તેમજ ક્રિયાકલા બંનેને પોતાનામાં જ લઇને પ્રકટ થયા હતા.

શ્રીકૃષ્ણ પુર્ણિમાના પુર્ણચંદ્ર જેવા સંપુર્ણ છે, જ્યારે ભગવાનના અન્ય અવતારો દેવી-દેવતાઓમાં અંશ કોઇમાં ઓછો કે કોઇમાં વધારે હોય છે. તેમાનાં એકમાં પણ ભગવાનના સંપુર્ણ ગુણ હોતા નથી. એક માત્ર ભગવાન શ્રીકૃષ્ણજ પુર્ણ છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રમાં કહ્યું છે **'પ્રાકૃતાઃ સકલા દેવાઃ ગણિતાનંદ કમ્ બ્રહત, પુર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ.'** માટે જ આપે આપણને કેવળ શ્રીકૃષ્ણની જ સેવા કરવાની આજ્ઞા કરી છે. શ્રીકૃષ્ણની સેવામાં અન્ય સર્વે દેવી-દેવતાઓની સેવા સમાઇ જાય છે માટે અન્ય દેવોની ઉપાસના કરવાની આવશ્યક્તા રહેતી નથી. કારણ કે શ્રીકૃષ્ણ એ વૃક્ષના મુળ સમાન છે. જ્યારે અન્ય દેવી-દેવતાઓ તેની ડાળીઓ અને પત્તા સમાન છે.વૃક્ષના મૂળમાં પાણીનું સીંચન કરીએ તો તેની અસર ડાળી, પત્તા વગેરેમાં થાય છે. પરંતુ ડાળી, પત્તા ઉપર પાણી રેડીએ તો વૃક્ષને પોષણ મળતું નથી. માટેજ શ્રીમહાપ્રભુજીએ વૃક્ષના મૂળરૂપ શ્રીકૃષ્ણની સેવાનો આગ્રહ રાખ્યો છે.

'કૃષ્ણ' શબ્દ બે અક્ષરોનો બનેલો છે. કૃષ્ + ણ. 'કૃષ્' એટલે સત્તા અને 'ણ' એટલે આનંદ થાય છે. જે સદા આનંદમય છે, જે સદાનંદ છે તેને કૃષ્ણ કહેવાય છે. માટે શ્રીભાગવતજીમાં વર્ણવેલી શ્રીકૃષ્ણની લીલાઓ આનંદમયી છે, આનંદ આપનારી છે. એટલેજ શ્રીકૃષ્ણની સેવાથી, તેમની ભક્તિથી મનુષ્યને આનંદ પ્રાપ્ત થાય છે, કારણ કે શ્રીકૃષ્ણનું સ્વરૂપ સંપુર્ણ પણે આનંદ રૂપ છે. માટેજ કહેવાયું છે 'આનંદ માત્ર કરપાદ

મુખોદરાદિ.' તેમનું શરીર આપણા લૌકિક દેહ જેવું હાંડ માંસનું બનેલું નથી. પરંતુ સર્વત્ર આનંદજ આનંદ છે. જેમ ખાંડની ચાસણીનું પુતળું બનાવ્યું હોયતો તેના હાથમાં પણ ખાંડની મીઠાશ હોય, માથામાં પણ ખાંડની મીઠાશ હોય કે પ્રત્યેક અવયવમાં કેવળ ખાંડજ ખાંડ હોય. તેજ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ સંપુર્ણપણે આનંદ તત્વમાંથીજ બનેલું છે, માટે જે કોઇ તેને ભજે, કે તેને પામે તેને શાશ્વત આનંદ પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણમાં સર્વ પ્રકારના રસો સમાયેલ છે. અથવા જે બધાજ પ્રકારના રસોવાળું વ્યક્ત સ્વરૂપ હોય તે જ શ્રીકૃષ્ણ છે. માટેજ જ્યારે અક્રુરજીની સાથે શ્રીકૃષ્ણ ગોકુળથી મથુરા પધાર્યા હતા ત્યારે જુદી જુદી વ્યક્તિઓને તેમના જુદા જુદા સ્વરૂપે દર્શન થયાં હતાં. જ્યારે તેઓ કંસ દ્વારા મલ્લયુધ્ધ કરવા માટે તૈયાર કરેલા રંગમંડપમાં પધાર્યા ત્યારે ત્યાં મલ્લોને તેઓ કાળરૂપે દેખાયા હતા. સારા નાગરિકોને તેઓ ઉત્તમ મનુષ્ય રૂપે, સ્ત્રીઓને કામદેવ જેવા સૌંદર્યવાન, ગોપોને પોતાના સ્વજન જેવા, રાજાઓને પોતાના ઉપર રાજ કરનાર તરીકે, તેમના માતા-પિતાને એક પુત્ર રૂપે, કંસને મૃત્યુના દેવતા રૂપે યોગીઓને પરમતત્વરૂપે અને યાદવોને દેવતારૂપે તેમના દર્શન થયાં હતાં. આમ ભગવાન શ્રીકૃષ્ણ એ સર્વ રસરૂપ છે. તેમનામાં એકી સાથે બધા પ્રકારના રસ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે.

ભાગવતજીમાં વ્યાસજીએ શ્રીકૃષ્ણનું ખુબજ સુંદર વર્ણન કર્યું છે.

**બર્હાપીડમ્, નટવરવપુ, કર્ણયોઃ કર્ણીકારમ્**
**બિભ્રદ્વાસઃકનક કપીશમ્ વૈજયન્તીમ્ ચ માલામ્**
**રંધ્રાન્વેણુર્રધર સુધયા પૂરયન્ ગોપ વૃંદૈ ।**
**વૃંદારણ્યં સ્વપદ રમણં પ્રાવિશદ્ ગીત કિર્તીઃ**

એટલે કે –

મોરપિચ્છનો મૂકુટ પોતે ધારણ કરેલો છે, નટની માફક સર્વાંગ સુંદર સ્વાંગ ધારણ કર્યો છે, કાનને કર્ણીકારના પુષ્પોથી અલંકૃત કર્યા છે, વક્ષસ્થળ ઉપર વૈજયન્તીમાલા શોભી રહી છે, શ્રીહસ્તમાં વેણુ ધારણ કરી છે, આપનું મુખ મેઘ–શ્યામની માફક સુંદર દેખાય છે. આવા સુંદર વેશને ધારણ કરી પોતે શ્રીયમુનાજીના તટ ઉપર આવેલા વૃંદાવનમાં કદમ્બના વૃક્ષની નીચે એક ચરણના અંગુઠાને બીજા ઉપર ટેકવીને મન્દસ્મિત ભરી દ્રષ્ટિથી શ્રીયમુનાજીના જળ તરફ ઘડીકમાં દ્રષ્ટિ નાંખતાં અને ઘડીકમાં આજુબાજુ ચરતી ગાયોના તરફ દ્રષ્ટિ ફેંકતા વેણુનાદમાં તલ્લીન થઇ રહ્યા છે.

આવું અદ્‌ભુત સ્વરૂપ એકમાત્ર શ્રીકૃષ્ણનુંજ હોઇ શકે જેને જોતાંજ હરકોઇનું મન તેમનામાં આસકત થઇ જાય.

શ્રીભાગવતજીના દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓનું વર્ણન છે. આ લીલાઓમાં શ્રીકૃષ્ણના પરમાત્મા હોવાના અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે. અનેક પ્રસંગોમાં તેમના પ્રમેય સ્વરૂપના દર્શન થાય છે. શ્રીકૃષ્ણ પોતેજ અનેક સ્થાને સાધનરૂપ બન્યા છે અને સ્વયં પોતે ફળરૂપ બની વ્રજભક્તોને ભજનાનંદનું સર્વોચ્ચ દાન પણ કર્યું છે. આમ દશમ સ્કંધની લીલાઓમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ એમ ચારેય દશાનું વર્ણન પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણના સ્વરૂપનું સુંદર વર્ણન શ્રીગુસાંઇજીએ કર્યું છે. આપે કલ્પદ્રુમની ઉપમા આપી રસાત્મક શ્રીકૃષ્ણનું સ્વરૂપ વર્ણવ્યું છે. વૃક્ષમાં જેમ બી, અંકુર, થડ, ડાળીઓ, પાંદડા, કળીયો ફૂલ અને ફળ ક્રમશઃ પ્રસ્ફુટીત થાય છે, તેમ ભાવાત્મક પ્રભુના પ્રત્યક્ષ દર્શન કરવાને માટે ગુઢભાવ, વ્યક્તભાવ, પ્રેમ, પ્રણય,

સ્નેહ, રાગ, અનુરાગ અને વ્યસન એમ સુક્ષ્મભાવથી વ્યસન પર્યન્ત દશાનો અનુભવ થવો આવશ્યક છે. શ્રીકૃષ્ણનાં સ્વરૂપમાં શ્રૃંગાર રસ સર્વત્ર ઓતપ્રોત છે. એ રસને પ્રાપ્ત કરવા માટે હૃદયમાં ગુઢભાવ રૂપી બી રોપવું જોઇએ. આ બી સેવાથી રોપાય છે. સેવાનો અર્થજ ચિત્તનું પ્રભુમાં સતત પરોવાવવું છે જે ક્રમશઃ માનસી સેવારૂપ ફળ પ્રાપ્ત થતાં રસેશ શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ ઝાંખી કરાવે છે.

માટેજ શ્રીમહાપ્રભુજી નિરોધ લક્ષણ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે...

૧) સંસારના આવેશથી દુષ્ટ બનેલી ઇન્દ્રિયોના હિતને માટે સર્વ વસ્તુઓને આનંદ સ્વરૂપ ઇશ–કૃષ્ણમાંજ જોડવી જોઇએ.

૨) કૃષ્ણના ગુણોમાં જેમનું ચિત્ત સર્વદા રોકાયેલું છે તેવા ભક્તોને સંસારના દુઃખ તથા કલેશ થતાં નથી અને હરિની માફક સુખ મેળવે છે.

આજ કારણથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણનેજ પરમફળ રૂપ વર્ણવ્યા છે અને શ્રીકૃષ્ણનીજ સેવાનું પ્રાધાન્ય બતાવ્યું છે. અનેક સ્થળે આપે 'શ્રીકૃષ્ણ સેવા સદા કાર્યા', 'સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ', 'ન લૌકિકવત્ પ્રભુ કૃષ્ણ', 'પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ' ઇત્યાદી ઉધ્ધરણો દ્વારા અને 'કૃષ્ણ' શબ્દના સંકેતથી શ્રીકૃષ્ણની સેવા અને તેમનામાં અનન્ય ભક્તિનો નિર્દેશ કરેલો છે. આપશ્રીએ યશોદોત્સંગ લાલિત નિર્દોષભાવવાળા શ્રીકૃષ્ણના સર્વોત્કૃષ્ટ તત્વને સ્વિકારી તેમની સેવા કરવાની આજ્ઞા કરી છે.

શ્રીકૃષ્ણ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપે અવતરિત થયા હોવાના અનેક પ્રમાણો ગીતા અને શ્રીમદ્ભાગવતજીમાં પ્રાપ્ત થાય છે.

ગીતાજીના સાતમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે 'મારાથી અધિક શ્રેષ્ઠ બીજું કોઇ નથી'. વળી નવમાં અધ્યાયમાં કહે છે- 'મારા વડે આ સર્વ જગત વ્યાપ્ત છે'. દશમાં અધ્યાયમાં કહે છે 'હું સર્વ પ્રાણીઓમાં રહેનાર આત્મા છું. આ આખા જગતમાં મારા એક અંશથી હું વ્યાપી રહેલ છું' અગીયારમાં અધ્યાયમાં ભગવાને અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યાનો ઉલ્લેખ મળે છે.

ભાગવતજીમાં તો અનેક સ્થળે શ્રીકૃષ્ણ સાક્ષાત પરમાત્મા હોવાની પ્રતિતિ થાય છે.

ઉપનિષદોમાં પણ પરમાત્માને પુરૂષોત્તમરૂપે કહેવાયા છે અને ગીતાજીમાં અનેક સંદર્ભમાં શ્રીકૃષ્ણ એજ પુરૂષોત્તમ અને તેજ શ્રૃતિઓએ સંબોધેલા પરમાત્મા પ્રતિપાદિત થાય છે.

શ્રૃતિઓએ પરમાત્માને સાકાર, અપાકૃત, નિર્દોષ અને સર્વશ્રેષ્ઠ કહ્યા છે. એજ પ્રકારનું નિરૂપણ ગીતાજીમાં પણ શ્રીકૃષ્ણના સંદર્ભમાં અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. ભાગવતજીના એવાજ વિધાન પણ શ્રીકૃષ્ણને પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપે પ્રગટ કરે છે.

તૈત્તિરીયોપનિષદ અને મુંડકોપનિષદમાં શ્રીપરમાત્માને આનંદરૂપ, સર્વ જગત્કર્તા વગેરે કહ્યા છે. તેવીજ સંગતિ ગીતાજીમાં અનેક શ્લોકો દ્વારા મળે છે.

'યઃ સર્વજ્ઞઃ સર્વ શક્તિઃ સર્વકર્મા સર્વગન્ધઃ સર્વરસઃ' ઇત્યાદી શ્રૃતિયોમાં કરાયેલા પરબ્રહ્મના વર્ણનને અનુરૂપ અનેક પ્રમાણો ગીતાજી તથા ભાગવતજીમાં પણ મળી આવે છે.

શ્રીકૃષ્ણને પરબ્રહ્મ સ્વરૂપની સાબિતી ગીતાજીના 'પરંબ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન' અને ભાગવતજીના 'ત્વં હિ બ્રહ્મ પરં જ્યોતિર્ગુઢં બ્રહ્મણિ વાંગમયે,' શ્લોકોથી પરિપૂર્ણ થાય છે.

વળી 'રસૌ વૈ સઃ', 'અનન્તં બ્રહ્મ', 'નાન્યઃ પન્થા વિદ્યતેયનાય, પરાત્પરં પુરૂષમીક્ષતે' વગેરે શ્રૃતિઓના વાક્યોમાં બ્રહ્મની રસરૂપતા, અનન્યતા, સર્વાશ્રયતા અને પરાત્પરતા ઇત્યાદી બ્રહ્મધર્મના લક્ષણ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પણ વિદ્યમાન છે. તેનો ઉલ્લેખ ગીતાજી તથા શ્રીભાગવતજીમાં પણ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે સર્વે પ્રમાણ ગ્રંથોના સમન્વયથી અસંદિગ્ધ પણે પ્રતિપાદિત થાય છે કે ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માના અવિકૃત અવતારનું સાક્ષાત સર્વોકૃષ્ટ સ્વરૂપ છે અને માટેજ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પરાત્પર પરબ્રહ્મ ને પામવા એટલે શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવા એમ સ્પષ્ટ પણે આજ્ઞા કરી છે અને એટલેજ એક માત્ર શ્રીકૃષ્ણની સેવાને પુષ્ટિમાર્ગમાં ભગવદ્ કૃપા પ્રાપ્તિ માટે ઉપાય રૂપ બતાવ્યો છે.

પુષ્ટિમાર્ગમાં અષ્ટસખાઓ રચિત કિર્તન સાહિત્યનું વિશેષ મહત્વ છે. સુરદાસ, કુંભનદાસ, નંદદાસ ઇત્યાદી ભગવદ્ ભક્તોની રચનાઓ એ કોઇ સાહિત્યીક કાવ્ય માત્રજ નથી પરંતુ ભગવાનની કૃપાથી તેઓને શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓના સમય સમય ઉપર જે દિવ્ય દ્રષ્ટિ દ્વારા દર્શન થયા, જે સાક્ષાત અનુભવો થયા તેનું તાદ્રશ્ય વર્ણન આ કિર્તનોમાં કરવામાં આવ્યું છે. એ કિર્તનોમાં તેઓએ શ્રીકૃષ્ણના પરમ તત્વના પોતાને થયેલા અનુભવોને શબ્દોમાં આલેખ્યા છે. અષ્ટસખાઓની વાણીનું ગાન અને શ્રવણ પણ મનને આનંદીત કરી મુકે છે તેનું એક માત્ર કારણ તે કિર્તનોમાં ગુઢભાવે બિરાજતા પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું સાક્ષાત સ્વરૂપ છે. કેવળ સર્વોત્કૃષ્ટ પરમ તત્વ રૂપ શ્રીકૃષ્ણજ મનુષ્યના તન મનને અલૌકિક આનંદ રસથી તરબોળ કરી શકે છે.

દુનિયાના વિવિધ અન્ય સાહિત્યોમાં પણ શ્રીકૃષ્ણ વિશેની વિવિધ રચનાઓ કાવ્યો, ગીતો, વાર્તાઓ જેટલી આનંદ આપનારી

છે તેટલી ભાગ્યેજ કોઇ અન્ય વ્યક્તિઓ વિશે પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણના સ્વરૂપની અલૌકિકતાનું, દિવ્યતાનું અને સર્વોત્કૃષ્ટતાનું અન્ય શું પ્રમાણ હોઇ શકે કારણ કે એવા દિવ્ય આનંદની અનુભુતિ તેજ કરાવી શકે જેની પાસે તે અખુટ પ્રમાણમાં હોય અને એવો આનંદનો અખુટ ભંડાર એક માત્ર ભગવાન પાસેજ સંભવી શકે છે અર્થાત ભગવાન શ્રીકૃષ્ણજ પરબ્રહ્મ પરમાત્માનું સાક્ષાત સ્વરૂપ છે.

*

'ભગવાન કૃષ્ણ પૂર્ણપુરૂષોત્તમ, સચ્ચિદાનંદ, સાકાર પરબ્રહ્મ છે. તેમને આપણા સમાન લૌકિક માનવા નહિં. તેમની પાસે લૌકિક ઇચ્છાઓ પણ કદાપિ કરવી નહિં. ભગવાન પાસે આપણા લૌકિક દુઃખોની નિવૃત્તિ કે લૌકિક સુખોની પ્રાપ્તિ માટે કદાપી પ્રાર્થના ન કરવી'.

*

'જગતમાં જે પદાર્થો સર્વોત્તમ હોય અને જે પોતાને પણ અત્યંત પ્રિય હોય તથા જેનાથી ચિત્તને પ્રસન્નતા થાય તે તે વસ્તુઓનો નિશ્ચયપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરાવવો; અર્થાત આવા પદાર્થો સેવામાં ઉપયોગમાં લેવા'.

*

'ભક્તિના બીજની આપણા હૃદયમાં દ્રઢતા કરવા માટે ઘરમાં રહીને, ભગવદ્ સેવાને સ્વધર્મ તરીકે સ્વીકારીને, લૌકિક વૈદિક કાર્યોમાંથી મનને વેગળું કરીને, સેવા અને શ્રવણ દ્વારા શ્રીકૃષ્ણની સેવા કરવી જોઇએ'.

*

'જે મનુષ્ય જગતના સુખો મેળવવાના હેતુથી શ્રીકૃષ્ણની સેવા કરે છે, તેને સર્વથા કલેશ જ પ્રાપ્ત થાય છે. આવો કલેશ થવા છતાં જે આજ ભાવથી શ્રીકૃષ્ણની સેવા ચાલુ રાખે છે, તેના લૌકિક કાર્યો સર્વથા નિષ્ફળ જાય છે, અર્થાત, લૌકિક સ્વાર્થ માટે કદી પણ પ્રભુની સેવા ન કરવી. પ્રભુની સેવા કેવળ પ્રભુના સુખ માટે જ કરવી'.

## પુષ્પ - ૧૫

# ❋ પુષ્ટિ-સેવ્ય-સ્વરૂપો ❋

પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણના સ્વરૂપની સેવા થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે વ્રજમાં અનેક પ્રકારની લીલાઓ કરી છે. પ્રત્યેક લીલા વખતે તેમણે નવાં નવાં રૂપ ધારણ કર્યા છે અને પોતાના વિવિધ સ્વરૂપોના દર્શન વ્રજભક્તોને કરાવ્યા છે. જેમની લીલાઓનું વર્ણન શ્રીભાગવતજીના દશમ સ્કંધમાં આલેખાયેલું છે, તે સર્વે સ્વરૂપોની સેવા પુષ્ટિમાર્ગમાં થાય છે. આમતો પ્રભુએ અસંખ્ય લીલાઓ કરી છે અને અનેક પ્રકારના રૂપ ધારણ કર્યા છે, પરંતું તેમના મુખ્યસ્વરૂપો નીચે મુજબ છે.

## શ્રીનાથજી

પુષ્ટિમાર્ગમાં શ્રીનાથજીનું સ્વરૂપ મુખ્ય ગણાય છે. તે શ્રીકૃષ્ણના બાળભાવનું સ્વરૂપ છે. પોતે ગિરિકંદરાના દ્વારે ઉભા રહી ડાબો શ્રીહસ્ત ઉંચો કરી નિજ ભક્તોને પોતાની પાસે બોલાવી રહ્યા છે, જ્યારે જમણો શ્રીહસ્ત ભક્તોના મનને મુંઠીમાં બંધ કરી કેડ ઉપર ધર્યો છે. ખુબજ સોહામણું આ સ્વરૂપ વ્રજમાં જતીપુરામાં શ્રીગિરિરાજજીની કંદરામાંથી પ્રકટ થયું છે. શ્રીમહાપ્રભુજીએ કંદરામાંથી બહાર પધરાવી તેમનો સેવાક્રમ ચાલુ કર્યો હતો. ઘણાં વર્ષો સુધી આ સ્વરૂપ શ્રીગિરિરાજજી ઉપર મંદિરમાં બિરાજ્યું હતું. અજબકુંવરી ના મનોરથ પુર્ણ કરવા શ્રીનાથજી મેવાડ પધાર્યા હતા અને હાલ શ્રીનાથદ્વારામાં બિરાજી વૈષ્ણવોને દર્શન આપે છે. આપની સેવા ખુબજ વૈભવપૂર્ણ રીતે થાય છે. સમસ્ત વૈષ્ણવોના આ આરાધ્યદેવ ગણાય છે.

## શ્રીનવનીત પ્રિયાજી

નવનીત એટલે માખણ. માખણ જેને પ્રિય છે તેમનું નામ **નવનીત પ્રિયાજી**. શ્રીબાલકૃષ્ણજી જેવાજ આ ગૌર સ્વરૂપના જમણા હાથમાં માખણનો ગોળો છે. નંદરાયજીના મહેલના આંગણામાં ભોંખડીયા કરતું આ સ્વરૂપ છે.

મહાપ્રભુજીના એક સેવક ક્ષત્રાણી હતા. તે ગોકુળ પાસે મહાવનમાં રહેતાં. એક સમયે તેઓ જળ ભરવા શ્રીયમુનાજી ગયા તો તેમની ગાગરમાં ચાર સ્વરૂપો આવી ગયા. તેમાનું એક આ **શ્રીનવનીત પ્રિયાજી**નું સ્વરૂપ હતું.

શ્રીગુસાંઇજીએ આ સ્વરૂપની સેવા કરી હતી અને હાલ તે નાથદ્વારામાં બિરાજે છે.

*

## શ્રીમથુરાધીશજી

**શ્રીમથુરાધીશજી**નું સ્વરૂપ શ્યામ વર્ણનું છે. તેમના ચાર શ્રીહસ્ત છે. આ ગોચારણ લીલાનું સ્વરૂપ છે. પ્રભુ જ્યારે ગાયો ચરાવવા જતા તો રસ્તામાં એક ગોપીના સુના ઘરમાં સખાઓ સાથે માખણ ચોરી કરવા પધાર્યા હતા. ઉંચે શીંકામાંથી મટકી ઉતારવા ખાંડણિયા ઉપર ચઢ્યા. બે હાથે મટકી પકડી ત્યારે કેડ ઉપરથી રેશમી પિતાંબર સરકવા માંડયું એટલે બીજા બે હાથ પ્રગટ કર્યા. આમ આ ચતુર્ભુજ સ્વરૂપ બન્યું.

એક સમયે શ્રીમહાપ્રભુજી મહાવનમાં શ્રીયમુનાજીને કિનારે પ્રાતઃ સંધ્યા કરી રહ્યા હતા. તેમની પાસે તેમના એક સેવક પદ્મનાભદાસ બેઠા હતા. એટલામાં અચાનક સામા કિનારે ભેખડ તુટતાં સાત તાડના ઝાડ જેવું મોટું સ્વરૂપ પ્રગટ થયું અને શ્રીમહાપ્રભુજીને કહ્યું 'મારી સેવા કરો'. આપશ્રીએ કહ્યું મારા ખોળામાં બીરાજી શકો એવડા થઇ જાવ તો આપની સેવા કરૂં.

તેથી તે સ્વરૂપ અઠ્ઠાવીસ આંગળનું થઇ શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજી ગયું.

આપે તે સ્વરૂપની સેવા પદ્મનાભદાસજીને સોંપી. શ્રીગુસાંઇજીએ જ્યારે પોતાના સાત પુત્રોને માથે અલગ અલગ સ્વરૂપો પધરાવી આપ્યા ત્યારે આ સ્વરૂપ તેમના મોટા પુત્ર શ્રીગિરધરજીને પધરાવી આપ્યું હતું. હાલ **શ્રીમથુરાધીશજી** કોટામાં બિરાજે છે.

*

## શ્રીવિઠ્ઠલનાથજી

ભગવાને જ્યારે રાસલીલા સમયે વેણુનાદ કર્યો ત્યારે ગોપીજનો તેમની પાસે દોડી આવ્યા. તે સમયે પોતાના બન્ને હાથ કેડ ઉપર રાખી ભગવાને ગોપીજનોની સાથે સંવાદ કર્યો હતો. તે સમયની લીલાનું આ અદ્ભુત સ્વરૂપ છે.

શ્રીગુસાંઇજીના જન્મ સમયે એક બ્રાહ્મણ આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવી ગયો હતો માટેજ શ્રીગુસાંઇજીનું નામ પણ **શ્રીવિઠ્ઠલનાથજી** પાડવામાં આવ્યું હતું. એજ **શ્રીવિઠ્ઠલનાથજી**એ પંઢરપુરમાં શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવાની આજ્ઞા કરી કહ્યું હતું કે 'હું તમારે ત્યાં પુત્ર રૂપે અવતરીશ'.

શ્રીગુસાંઇજીએ આ સ્વરૂપ પોતાના બીજા પુત્ર શ્રીગોવિંદલાલજીને માથે પધરાવી આપ્યું હતું જે હાલ નાથદ્વારામાં બીરાજે છે.

*

## શ્રીદ્વારકાધીશજી

**શ્રીદ્વારકાધીશજી**નું સ્વરૂપ શ્રીકૃષ્ણની આંખમીંચોલી લીલાનું સ્વરૂપ છે. બે હાથે શ્રીસ્વામિનીજીની આંખ બંધ કરી છે. જ્યારે

બીજા બે હાથ પ્રગટ કરી વેણુનાદ કર્યો છે. આમ આ પણ શ્યામ ચતુર્ભુજ સ્વરૂપ છે.

આ સ્વરૂપનું પ્રાગટ્ય આ સૃષ્ટિના પ્રારંભમાંજ થયેલું અને સર્વ પ્રથમ બ્રહ્માજીએ તેની સેવા કરી છે. આમ ખુબજ પ્રાચિન આ સ્વરૂપને શ્રીગુસાંઇજીએ તેમના ત્રીજા પુત્ર શ્રીબાલકૃષ્ણજીને માથે પધરાવી આપ્યું હતું જે હાલ નાથદ્વારા પાસે કાંકરોલીમાં બિરાજે છે.

*

## શ્રીગોકુલનાથજી

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના કહેવાથી વ્રજવાસીઓએ ઇન્દ્રરાજાને બદલે ગિરિરાજજી નું પુજન કર્યું હતું, ત્યારે ઇન્દ્રરાજાએ વ્રજમાં મુશળધાર વરસાદ વરસાવ્યો હતો. તે સમયે વ્રજવાસીઓની રક્ષા કરવા ભગવાને પોતાની ટચલી આંગળીએ ગોવર્ધન પર્વતને ઉપાડી લીધો હતો અને સૌ કોઇને તેની નીચે આવી જવા કહ્યું હતું. આમ સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કરવાની લીલાનું જે સ્વરૂપ હતું તે **શ્રીગોકુલનાથજી** છે.

આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને તેમના સસરા પાસેથી પ્રાપ્ત થયું હતું. **શ્રીગોકુલનાથજી** ની બાજુમાં બે સ્વામિનીજી બિરાજે છે, જેમાં એક શ્રી રાધિકાજી છે અને બીજી બાજુ શ્રી ચંદ્રાવલીજી છે.

આ સ્વરૂપને શ્રીગુસાંઇજીએ પોતાના ચોથા પુત્ર શ્રીગોકુલનાથજીને પધરાવી આપ્યું હતું. તે હાલ ગોકુલમાં બિરાજે છે.

*

## શ્રીગોકુલચંદ્રમાજી

ભગવાને જ્યારે વ્રજભક્તો સાથે રાસ કર્યો તે સમયની લીલાનું લાવણ્યમય અદ્‌ભુત સ્વરૂપ તે **શ્રીગોકુલચંદ્રમાજીનું** છે.

મહાવનની એક ક્ષત્રાણીને શ્રીયમુનાજીમાં જળ ભરતાં ગાગરમાં ચાર સ્વરૂપો આવી ગયા હતાં તેમાંનું એક આ સ્વરૂપ હતું.

શ્રીગુસાંઇજીએ પોતાના પાંચમાં પુત્ર શ્રી રઘુનાથજીને માથે આ સ્વરૂપ પધરાવ્યું હતું, જે હાલ કામવનમાં બિરાજે છે.

*

## શ્રીબાલકૃષ્ણલાલજી

ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાનું આ સ્વરૂપ છે. ત્રણ માસના નાના બાળક જેવા ગૌર સ્વરૂપના જમણા હાથમાં લાડુ છે, જ્યારે બીજો હાથ જમીન ઉપર ટેકવેલો છે. ભાગવતજીમાં શકટ–ભંજન લીલાનું વર્ણન આવે છે તે સમયનું આ સ્વરૂપ છે.

એક સમયે શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીમાં સ્નાન કરતા હતા ત્યારે આ સ્વરૂપ આપશ્રીની જનોઇ પકડી શ્રીયમુનાજીમાંથી બહાર પધાર્યું હતું. આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઇજી નાના હતા ત્યારે ખેલવા માટે આપ્યું હતું.

શ્રીગુસાંઇજીએ આ સ્વરૂપને પોતાના છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજીને માથે પધરાવી આપ્યું હતું. પરંતુ શ્રીયદુનાથજી દ્વારા **શ્રીબાલકૃષ્ણલાલજી**ના આ સ્વરૂપનો સ્વિકાર ન કરાતા આપના મોટાભાઇ શ્રીબાલકૃષ્ણજીએ આ **શ્રીબાલકૃષ્ણલાલજીનું** સ્વરૂપ શ્રીગુસાંઇજી પાસેથી માગી લીધું હતું. આ સ્વરૂપ હાલ સુરતમાં બિરાજે છે.

*

## શ્રીકલ્યાણરાયજી

ભાગવતજીમાં રાસ પંચાધ્યાયીની કથામાં લઘુરાસનું વર્ણન આવે છે. તે પછી પ્રભુ અંર્તધ્યાન થઇ જાય છે. તે સમયની લીલાનું આ સ્વરૂપ છે, જે શ્યામ વર્ણનું અને ચારભુજાવાળુ છે.

ઘણાવર્ષ સુધી આ સ્વરૂપની પુજા કલ્યાણી દેવી તરીકે થઇ હતી. શ્રીમહાપ્રભુજીને **શ્રીકલ્યાણરાયજીએ** સ્વપ્નમાં આવી પોતાને શ્રીઠાકોરજી રૂપે સેવા કરવા આજ્ઞા કરી હતી. શ્રીમહાપ્રભુજીએ તેમનું સાચું સ્વરૂપ ઓળખાવી તેમનું **શ્રીકલ્યાણરાયજી** નામ રાખી તે દેવીના પુજારી બાબાવેણુને પોતાનો સેવક બનાવી વિધીવત સેવા કરવા આજ્ઞા કરી હતી.

શ્રીગુસાંઇજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના પુત્ર શ્રીમધુસુદનજી દ્વારા વંશપરંપરાગત સેવાયેલું આ સ્વરૂપ હાલ વડોદરામાં બિરાજે છે.

*

## શ્રીમુકુંદરાયજી

શ્રીમહાપ્રભુજી એક સમયે શ્રીયમુનાજીમાં ઉભા રહી શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતા હતા ત્યારે 'મુકુંદરતિ વર્ધિની...' એ પંક્તિ બોલતાં આપશ્રીની જનોઇ પકડી આ સ્વરૂપ બહાર પધાર્યું હતું.

શ્રીકૃષ્ણની બાળલીલાનું આ સ્વરૂપ છે શ્રીમહાપ્રભુજી ભારત પરિક્રમા દરમ્યાન આ સ્વરૂપને પોતાની સાથે રાખી તેમની નિત્ય સેવા કરતા હતા.

આ સ્વરૂપ હાલ કાશીમાં બિરાજે છે.

*

## શ્રીમદનમોહનજી

રાસલીલા વખતે ભગવાને જ્યારે વેણુનાદ કરી વ્રજભક્તોને પોતાની પાસે બોલાવ્યા હતા તે વેણુનાદ લીલાનું આ અદ્‌ભુત સ્વરૂપ **શ્રીમદનમોહનજી**નું છે.

શ્રીમહાપ્રભુજીના પૂર્વજ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીએ પ્રથમ સોમયજ્ઞ કર્યો તે સમયે અગ્નિકુંડમાંથી આ સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. શ્રીગુસાંઇજી એ પોતાના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીને માથે આ સ્વરૂપ પધરાવી આપ્યું હતું, જે હાલ કામવનમાં બિરાજે છે.

*

## શ્રીનટવરલાલજી

વેણુગીત લીલાનું આ સ્વરૂપ બાર માસની વયનું ગૌર વર્ણનું છે. તેમનું પ્રાગટ્ય શ્રીયમુનાજી માંથી થયેલું છે. તે હાલ અમદાવાદમાં બિરાજે છે.

*

### પ્રાતઃ સ્મરણ

શ્રીગોવર્ધનનાથ પાદ્ યુગલં, હૈંગવિનપ્રિયમ્

નિત્યં શ્રીમથુરાધિપં, સુખકરં, શ્રીવિઠ્ઠલેશં મુદા

શ્રીમદ્ દ્વારવતીશ, ગોકુલ પતિ, શ્રીગોકુલેન્દૂમ્ વિભૂમ્

શ્રીમન્મન્મથમોહનં, નટવરં, શ્રીબાલકૃષ્ણં ભજે.

# પુષ્પ - ૧૬

## પુષ્ટિ-સેવા

દુનિયામાં જુદા જુદા લોકો અલગ અલગ દેવોની પુજા-ઉપાસના કરે છે. પ્રત્યેક વ્યક્તિ જેમાં પોતાની આસ્થા હોય તે દેવની ઉપાસના કરે છે. શાસ્ત્રોમાં પૂજામાર્ગના નિયમો બતાવવામાં આવ્યા છે. તે નિયમો અનુસાર દેવોનું પુજન-અર્ચન કરવાનું, તેમને નૈવેધ, ભેટ વગેરે ધરવાના વિધાન હોય છે. પૂજા દ્વારા દેવોને પ્રસન્ન કરી કોઇ ઇચ્છિત ફળ પ્રાપ્ત કરવાનો મહદ્ અંશે હેતુ રહેલો હોય છે. આ કર્મકાંડ અથવા સકામ મર્યાદા ભક્તિનો પ્રકાર છે. જ્ઞાનમાર્ગમાં ઇશ્વરના નિરાકાર સ્વરૂપનું ધ્યાન ધરવામાં આવે છે. જયારે પુષ્ટિમાર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે. નિરાકાર સ્વરૂપની ભક્તિ સંભવે નહીં માટે ભક્તિમાર્ગમાં ઇશ્વરના સાકાર સ્વરૂપનો સ્વિકાર કરવામાં આવ્યો છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ 'પ્રભુ સેવા'નો પ્રકાર બતાવ્યો છે. સેવા એ પૂજાથી ભિન્ન પ્રકાર છે. સેવા કોઇ નૈમિત્તિક કાર્ય નથી પરંતુ તેમાં કેવળ ક્રિયા કરતાં સ્નેહનું પ્રાધાન્ય રહેલું છે. પ્રભુનું માહાત્મ્ય જાણી તેમનું પ્રેમપૂર્વક સેવન કરવું તેને સેવા કહેવાય છે. આપણું ચિત્ત પ્રભુમાં પરોવાય તેને સેવા કહેવાય એમ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે. પ્રભુની સેવા કરતાં આપણું મન કેવળ પ્રભુમાં પરોવાયેલુ રહે તે જરૂરી છે. જો આપણું મન અન્યત્ર ભટકતું રહેતો તેવી સેવા ફળીભુત થઇ શકતી નથી.

આપણે પ્રભુના અંશ છીએ. એટલે કે પ્રભુના દાસ છીએ.

પ્રભુ આપણા સ્વામી છે. દાસનો ધર્મ છે કે તે તેના સ્વામીની સેવા કરે, તેના સ્વામીને સુખ થાય, તેને ગમે તે બધું કરે. તેના સ્વામીને રાજી રાખવા હંમેશા પ્રયત્ન કરે. આમ પ્રભુની સેવા એ જીવનો સહજ ધર્મ છે. માટે પ્રભુને સુખ થાય, પ્રભુ પ્રસન્ન રહે તે રીતે આપણે સેવા કરવી આવશ્યક છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણના સ્વરૂપને ઇષ્ટ માની તેમની સેવાનો ઉપદેશ આપ્યો છે, ઉપનિષદમાં કૃષ્ણ એ પરમાત્માનું ગુણ વાચક નામ બતાવવામાં આવ્યું છે. 'કૃષ' એટલે સર્વ સામર્થ્ય અને 'ણ' એટલે આનંદ. જેમાં સૌથી વધુ સામર્થ્ય રહેલું છે અને પુર્ણ આનંદ રહેલો છે તે પરમતત્વ એટલે કૃષ્ણ. 'કૃષ' એટલે સત્ પણ થાય છે. માટે કૃષ્ણ એટલે 'સદાનંદ'. આમ શ્રીકૃષ્ણનું સ્વરૂપ સદાનંદ અથવા પુર્ણાનંદરૂપ છે. મનુષ્ય હંમેશાં સાધારણતઃ સૌથી શક્તિમાન હોય તેનો આશ્રય સ્વિકારવાનું પસંદ કરે છે. તેથીજ પરમ સામર્થ્યવાન પુર્ણાનંદ પરમાત્મા સ્વરૂપ શ્રીકૃષ્ણને ઇષ્ટ તરીકે સ્વિકારવા શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે.

પરબ્રહ્મ પરમાત્માએ અનેક પ્રકારના કાર્યો કરવા વિવિધ અવતારો ધારણ કર્યા છે. તે સર્વમાં તેતે સમયના કાર્યો અનુસાર પોતાનું સામર્થ્ય પ્રકટ કર્યું છે. તેમાં પરમાત્માનો અંશ ઓછા વતા પ્રમાણમાં વિદ્યમાન રહેલ હતો. પ્રત્યેક અવતારોમાં કાંઇને કાંઇ મર્યાદાઓ હતી. કોઇ પણ અવતાર પુર્ણાવતાર ન હતો. પરંતુ સારસ્વતકલ્પમાં શ્રીમદ્ ગોકુલમાં ભગવાને નંદનંદન બની શ્રીયશોદાજીની કુખે શ્રીકૃષ્ણરૂપે અવતાર ધારણ કર્યો તે પરમાત્માનો પુર્ણાવતાર હતો માટે શ્રીકૃષ્ણ પુર્ણપુરૂષોત્તમ કહેવાય છે.

શ્રીમહાપ્રભુજીએ આવા યશોદોત્સંગ લાલિત નંદનંદન શ્રીકૃષ્ણચંદ્ર ને ઇષ્ટ માની તેમની સેવાનો પ્રકાર પુષ્ટિમાર્ગમાં

પ્રવર્તિત કર્યો છે, જેથી તેમની કૃપા પ્રાપ્ત કરી તે પરમ તત્વને મનુષ્ય પામી શકે, તેમના સ્વરૂપનંદને માણી શકે.

ભગવાન શ્રીકૃષ્ણએ અનેક પ્રકારની લીલાંઓ કરી છે. આ લીલાઓમાં પ્રાપ્ત થતાં તેમના સ્વરૂપના બે પાસા છે. એક ધર્મ સ્વરૂપ જેના દ્વારા, અસુરોનો સંહાર, ધર્મનું સ્થાપન ઇત્યાદી મહત્વના કાર્યો તેમણે કર્યા છે. બીજું તેમનું ધર્મી સ્વરૂપ જે પુર્ણ રસાત્મક છે. આ ધર્મીસ્વરૂપનું કાર્ય પોતાના કૃપાપાત્ર ભક્તોને પોતાના રસસ્વરૂપનો અનુભવ કરાવવો તે છે. મથુરા અને દ્વારકાલીલાના કાર્યો ભગવાને ધર્મ સ્વરૂપે કર્યા છે. જ્યારે વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણ અગિયાર વર્ષને બાવન દિવસ સુધી રહ્યા તે દરમ્યાન જે માખણ ચોરી, દાનલીલા, ગોવર્ધન-ધારણલીલા, રાસલીલા ઇત્યાદિ જે જે રસાત્મક લીલાઓ કરી તે પોતાના ધર્મી સ્વરૂપે કરી હતી.

આમ ભગવાન શ્રીકૃષ્ણના આ ધર્મીસ્વરૂપની સર્વોત્કૃષ્ટતા હોઇ શ્રીમહાપ્રભુજીએ ધર્મીસ્વરૂપે કરાયેલી લીલાસ્વરૂપોને પુષ્ટિમાર્ગીય સેવામાં સ્થાન આપ્યું છે. પુષ્ટિમાર્ગમાં શ્રીમથુરાધીશજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાધીશજી, શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમદનમોહનજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણલાલજી ઇત્યાદિ વિવિધ સ્વરૂપોની સેવા થાય છે તે આ વિવિધ લીલાઓના સ્વરૂપો છે.

પુષ્ટિમાર્ગ એ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ હોઇ ભકત અને ભગવાન વચ્ચે શુધ્ધ, નિર્દોષ, દિવ્ય પ્રેમનો સંબંધ છે. ત્યાં માત્ર આદર કે સન્માનનોજ સંબંધ નથી. જગતમાં સ્નેહનો ગાઢ સંબંધ માતા પુત્રના વાત્સલ્યભાવમાં અથવા પતિ-પત્નિના માધુર્યભાવમાં સંભવી શકે છે. આ પ્રકારનો ભાવ જો ભક્ત ને ભગવાન વચ્ચે ઉત્પન્ન થાય તો જ અન્યોન્ય સ્નેહની તીવ્રતા પ્રગટ થાય. પતિ-પત્નિના સંબંધમાં પણ પત્નિ પતિના સર્વ

સુખ સગવડનો ખ્યાલ કરે છે. ભોજનાદિ સર્વ પ્રકારની સેવા માં પણ એક પ્રકારના વાત્સલ્યભાવની પ્રચુરતા જોવા મળે છે. આમ માધુર્યભાવમાં પણ વાત્સલ્યભાવ પ્રગટ થાય છે. આજ કારણથી ઉપરોક્ત બન્ને પ્રકારના સ્નેહભાવમાં શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિએ સેવા માટે વાત્સલ્યભાવ ઉત્તમ છે, જેને 'બાલભાવ' પણ કહેવામાં આવે છે, કારણ કે માતાનો તેના પુત્ર પ્રત્યેનો સ્નેહ શુધ્ધ, નિર્દોષ અને નિષ્કામ હોય છે. તે હંમેશા પુત્ર માટે કાંઇ કરી છુટવા માંગે છે, તેને આપીને રાજી થાય છે, તેની પાસેથી તેની કોઇ પ્રકારની અપેક્ષા હોતી નથી.

આ કારણેજ પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સેવા બાલભાવથી કરવાનો શ્રીમહાપ્રભુજીએ નિર્દેશ કર્યો છે.

કૃષ્ણાવતારમાં સાક્ષાત શ્રીકૃષ્ણના બાલસ્વરૂપની જે પ્રકારે નંદરાયજીના ઘરમાં સેવા થતી હતી તેજ પ્રકારની સેવા રીતિ પુષ્ટિમાર્ગમાં અપનાવવામાં આવી છે. નાનકડો કનૈયો સવારમાં જાગે ત્યારથી રાતના પોઢે તે દરમ્યાન તેની વિવિધ દિનચર્યાઓ જે પ્રકારે રહેતી તે મુજબની સેવા પુષ્ટિમાર્ગમાં થાય છે. વિવિધ પ્રકારના મંગલ ધ્વની થતાં કનૈયો આળસ મરડી સવારમાં જાગે. શ્રીયશોદાજી તેનું મુખ દર્શન કરી ધન્યતા અનુભવે. જાગતાંજ તેને ભુખ લાગી હોય એટલે પહેલેથીજ યશોદાજી દુધ, દહીં, માખણ મીશ્રી ઇત્યાદિ સામગ્રીનો મંગલભોગ સાજી રાખે અને ખુબજ ભાવપૂર્વક પોતાના લાલને કલેવો કરાવે. પછી તેના અમંગળ તત્વના નિવારણ માટે આરતી ઉતારે. થોડો સમય સખા-મિત્રો સાથે આનંદ પ્રમોદ કરે. ખેલી રહે એટલે યશોદાજી કનૈયાને વિવિધ પ્રકારના સુગંધી જળથી સ્નાન કરાવે, નવા વસ્ત્રો પહેરાવે, વિવિધ પ્રકારના આભુષણોથી તેણે શણગારે. શ્રૃંગાર કરાવતાં કનૈયો અનેક નખરાં કરે. આમ તૈયાર થઇ જાય એટલે ફરી સખામંડળને લઇ ગૌશાળામાં જઇ

ગાયોની ખબર લઇ આવે. તેમને રમાડે. ગાયો પણ કનૈયાની રાહ જોતી હોય. ત્યારે વ્રજભક્તો પણ અનેક પ્રકારના મેવા મિઠાઇ લાવ્યા હોય તે નંદનંદનને આગ્રહ પૂર્વક લેવડાવે. ગોપીજનોના વિશિષ્ટ ભાવથી પ્રભુ ગોપીવલ્લભભોગ આરોગે. માતા યશોદા પણ ધૈયા (મથેલું દુધ) આરોગાવે.

ભોજનનો સમય થાય એટલે મિત્રો સાથે ખેલતા કનૈયાને બોલાવી નંદરાયજી પોતાની પાસે કનક પાટે બેસાડે. માતા યશોદાજી વિવિધ પ્રકારના પકવાન, સામગ્રી પીરસે અને આગ્રહપૂર્વક પોતાના લાલને-જમાડે.

ગ્વાલબાલોને લઇ કનૈયો વનમાં ગાયો ચરાવવા ગયો હોય, ત્યાં અનેક પ્રકારની રમતો રમે. બપોરના વનભોજન કરે, છાક આરોગે. કેટલોક સમય વિશ્રાંમ કરી લે એટલે વનની પુલીંદીઓ (ભીલડીઓ) પ્રભુને ફળ-ફૂલ-મેવા આરોગાવે. સાંજ પડતાં શ્રીઠાકોરજી ગ્વાલ-બાલ સહિત ગાયોને લઇ પાછા ઘેર પધારે. રસ્તામાં ગોપીજનો સવારથી વનમાં ગયેલા પ્રભુની રાહ જોતી ઉભી હોય અને તેમના ગોરજ મંડિત મુખ કમળને નિહાળી આનંદ પામે. યશોદાજી પણ કનૈયાની રાહ જોતાં ઉભાંજ હોય. તેની આરતી ઉતારી ઓવારણાં લે.

માતા લાલના વસ્ત્ર, શ્રૃંગાર ઉતારી રાત્રે સુવાના હળવા વસ્ત્રો ફરી ધારણ કરાવે. રાત્રી ભોજન યાને શયનભોગમાં પણ અનેક પ્રકારની સામગ્રી આરોગાવે. આગ્રહ કરી કરી માતા પ્રભુને દૂધ આરોગાવે. ભોજન પછી પ્રભુને નરમ બિછાનામાં પોઢાડે. એ સમયે પણ માતા યશોદાજી કનૈયાને અનેક વાતો કહી તેને સુવડાવે. આ પ્રકારે પ્રભુની રોજની દિનચર્યા હોય. શ્રીહરિરાય મહાપ્રભુએ રચેલી નિત્યલીલામાં શ્રીઠાકોરજીની નિત્યની દિનચર્યાનું સરસ વર્ણન કરેલું છે, જે વાંચવા સમજવાથી પ્રભુની સેવાનો ભાવ આપણે જાણી શકીએ છીએ. તેનો આનંદ

લઇ શકીએ છીએ.

આમ પુષ્ટિમાર્ગમાં સેવાનો પ્રકાર શ્રીનંદરાયજીના ઘરમાં શ્રીઠાકોરજીની દિનચર્યા મુજબનો છે. માટેજ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં અને વૈષ્ણવોના ઘરોમાં શ્રીઠાકોરજીની સેવા સવારે મંગળાના દર્શન પહેલા પ્રભુ જાગે ત્યારથી સાંજે શયનના દર્શન પછી પ્રભુ પોઢે ત્યાં સુધીની થાય છે.

પુષ્ટિમાર્ગીય સેવા કેવળ ક્રિયાત્મક નથી પરંતુ ભાવપ્રધાન છે. સેવામાં ઉપયોગમાં આવતી પ્રત્યેક વસ્તુ પદાર્થોનો કોઇને કોઇ વિશિષ્ટ ભાવ છુપાયેલ હોય છે. સેવા વિશેનું પ્રત્યેક સાહિત્ય ભાવાત્મક અને ભગવદ્ રૂપ મનાય છે, કારણ કે સર્વ કાંઇ ભગવદ્ સંબંધથી જોડાયેલ હોય છે. માટે સેવા સંબંધી સર્વ વસ્તુ-પદાર્થોનું પ્રયોજન ખુબજ સાવધાનીપૂર્વક અને સ્નેહયુક્ત ભાવથી કરવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણએ પોતાની નિત્ય દિનચર્યા દરમ્યાન પોતે સવારે જાગે ત્યારથી પોઢે તે પર્યતની અનેક પળોમાં તેમજ અન્ય અનેક પ્રકારની લીલાઓમાં ગોપીજનોને પોતાના સંયોગ સુખનું દાન કરેલ હોઇ તે સર્વ ગુપ્ત ભાવ પુષ્ટિમાર્ગીય સેવા રીતિમાં વણી લેવામાં આવ્યો છે અને તેથી વ્રજભક્તોના સ્નેહભાવને પ્રત્યેક ક્રિયામાં ઓતપ્રોત કરી ભગવદ્ સેવા કરવામાં આવે છે. પુષ્ટિ સેવાની આ વિશેષતા છે. તેનાથી ભક્તનું ચિત્ત સતત્ પ્રભુમાં પરોવાયેલું રહે છે, જે તેને વ્યસન દશા સુધી લઇ જાય છે.

શ્રીમહાપ્રભુજીએ બે પ્રકારની સેવાનું નિરૂપણ કર્યું છે. તનુ-વિત્તજા એટલે કે પોતાના શરીર અને પોતાના ધન દ્વારા કરવામાં આવતી સેવા એ 'સાધનરૂપ' સેવા છે. સેવાની પ્રારંભિક અવસ્થામાં આપણી સેવા આ પ્રકારે થતી હોઇ તે સાધનરૂપા

સેવા કહેવાય છે. ઉત્તરોત્તર આપણો ભગવદ્ ભાવ પુષ્ટ થતાં ક્રિયાત્મક રૂપે થતી સેવા દ્વારા જ્યારે આપણું મન પ્રભુમાં પરોવાઇ જઇ તેમની સાથે તાદામ્યતા સધાઇ જાય ત્યારે તેને 'માનસી સેવા' કહેવામાં આવે છે. આ ફળરૂપ સેવા છે, જે પુષ્ટિભક્તિનું પરમ ફળ છે.

બ્રહ્મસંબંધ લીધા પછી પ્રભુની સેવા કરવી તે પ્રત્યેક મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે: સેવા કરવા પોતાના ગુરૂદેવ પાસે કોઇ સેવ્ય સ્વરૂપના ચિત્રજી, લાલનનું સ્વરૂપ કે કોઇ ઠાડા સ્વરૂપ(ઉભા સ્વરૂપ)ને પુષ્ટ કરાવી પછી પોતાની અનુકુળતા પ્રમાણે ગુરૂની આજ્ઞા લઇ સ્નેહપૂર્વક સેવા કરવી જોઇએ. પ્રારંભમાં સમય કે અનુકુળતા અથવા વ્યવસ્થાની મર્યાદા હોય તો કેવળ ચિત્રજીને પુષ્ટ કરાવી મિશ્રીભોગ ધરવાની આજ્ઞા લઇ સેવાક્રમ શરૂ કરવો જોઇએ. જયાં સુધી ગુરૂદેવ દ્વારા આપણે લાવેલ ચિત્રજી કે સ્વરૂપને પુષ્ટ ન કરાવીએ ત્યાં સુધી તેમાં પુષ્ટિપ્રભુનો આવિર્ભાવ થાય નહીં, અને તેના વિના પ્રભુ આપણી સેવાનો સ્વિકાર કરે નહીં. માટે ચિત્રજી કે સ્વરૂપને ગુરૂદેવ પાસે પુષ્ટ કરાવવા જ જોઇએ.

શરૂઆતની સેવાનો ક્રમ નિચે મુજબ રાખવો જોઇએ.

ઘરમાં હવા-ઉજાસ હોય તેવી અનુકુળ જગ્યાએ નાના કબાટમાં કે ગોખલામાં વસ્ત્ર પાથરી નાના ગાદી તકિયા પર શ્રીઠાકોરજીને પધરાવવા. શક્ય એટલી શુધ્ધ રીતે સ્નાન કરી, શુધ્ધ ધોયેલા વસ્ત્ર પહેરી, ચરણામૃત લઇ, તિલક કરી, હાથ ધોઇ, સેવા માટે ઘંટાનાદ કરી અથવા હાથે થી ત્રણ તાળી પાડી પ્રભુને જગાડી, મુખવસ્ત્રથી મુખાર્વિંદ પોંછી, ગાદી ઉપર પધરાવવા. મિશ્રી ભરેલી એક કટોરી ધરી મંગળ ભોગની ભાવના કરી, પ્રભુને આરોગવાની વિનંતી કરી ટેરો લેવો. પાંચ મીનીટ પછી ટેરો ખોલી કટોરીની પ્રસાદી મિશ્રી અન્ય વાસણમાં ખાલી કરવી.

તે પછી શ્રીઠાકોરજીને ઋતુ અનુસાર વસ્ત્ર, શ્રૃંગાર ધરવા. વિશેષ શ્રૃંગારની અનુકુળતા ન હોય તો મસ્તકે મોરપીંછ અને કંઠમાં ગુંજામાળા ધરી પ્રભુને ગાદી ઉપર પધરાવવા. અનુકુળતા મુજબ સુકો-લીલો મેવો કે મિશ્રીની કટોરી રાજભોગ થી શયન ભોગ સુધીની ભાવના કરી ધરી આરોગવાની વિનંતિ કરી, ટેરો લેવો. દરમ્યાન સ્તોત્ર પાઠ કે માળા ઇત્યાદિ કરવાં. દશેક મીનીટ પછી ટેરો ખોલી ભોગ સરાવવા. પ્રભુની સન્મુખ શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરી ચરણસ્પર્શ કરવા. સમય અનુસાર ધોળ કિર્તન પણ બોલી શકાય છે. તે પછી શ્રૃંગાર વસ્ત્ર વડા કરી પ્રભુને શૈયામાં પોઢાડી દેવા. ઋતુ અનુસાર ચાદર કે દુલાઇ વગેરે ઓઢાડવા. પોઢારતી વખતે શૈયા પાસે એક બંટામાં મિશ્રી ભરીને મુકવી.

શરૂઆતમાં આટલી સેવોનો સુક્ષ્મ ક્રમ રાખી શકાય પરંતુ જેમ જેમ અનુકુળતા વધે, રૂચી થાય, સમજ કેળવાય, તેમ તેમ સેવાનો ક્રમ વધારી ગુરૂઘરની પ્રણાલી મુજબ સેવા કરવી જોઇએ.

ઘરની પ્રત્યેક વ્યક્તિએ પોતાના સમયની અનુકુળતા મુજબ સેવામાં સાથ આપવો જોઇએ અને ગુરૂઘરની પ્રણાલી મુજબની સેવા વિશે જાણકારી મેળવી તે પ્રમાણે સ્નેહપૂર્વક અને ભાવપૂર્વક સેવા કરવી જોઇએ.

સેવામાં નીચેની બાબતો વિશે ખાસ ધ્યાન રાખવું જોઇએ.

૧. સેવા દરમ્યાન આપણા થુંકનો છાંટો કોઇ પણ સામગ્રી પદાર્થ કે પ્રભુ ઉપર ન ઉડે તેની કાળજી રાખવી.

૨. સેવા કરતાં જેટલું જરૂરી હોય તેટલુંજ બોલવું.

૩. સેવા કરતાં ગુસ્સો કે કલેશ ન કરવા.

૪. સેવામાં જેટલી શક્યતા હોય તેટલી શુધ્ધતા અને પવિત્રતા જાળવવી.

૫. સેવા કરતાં મનને ભટકવા દેવું નહીં. ચિત્ત પ્રભુમાં જ રાખવું.

૬. આપણી વાપરેલી વસ્તુનો પ્રભુ માટે ઉપયોગ ન કરવો જોઇએ તે ખાસ ધ્યાન રાખવું.

૭. પ્રભુ પાસે કોઇ પ્રકારની માંગણી કરવી નહી અથવા કાંઇક મેળવવાની ભાવનાથી સેવા કરવી નહીં.

૮. પ્રભુને સારામાં સારી વસ્તુજ અંગીકાર કરાવવાનો આગ્રહ રાખવો જોઇએ.

૯. ઘરમાં સૌએ સાથે હળી મળીને સેવા કરવી. કલેશ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

૧૦. ઘરે આવેલ મહેમાનને પ્રસાદ લેવડાવી સન્માન કરવું.

૧૧. સેવામાં આળસ ક્યારેય ન કરવી.

*

'શ્રી કૃષ્ણની સેવા જીવન પર્યંત કરવી જોઇએ. તે સ્વધર્મ સમજીને કરવી જોઇએ. ફળની કામના, ભોગ કે પ્રતિષ્ઠાની કામનાથી નહીં પરંતુ સ્વની સાર્થકતા માટે કરવી જોઇએ'.

*

'બ્રહ્મસંબંધ લીધા પછી હંમેશા કૃષ્ણ સેવા કરવી જ જોઇએ. તેમાં માનસી સેવા પરમફળ રૂપા છે. ચિત્તાનું પ્રભુમાં તલ્લીન થવું તેનું નામ સેવા. ચિતની આવી તલ્લીનતા સિધ્ધ કરવા તનુ-વિત્તજા સેવા (પોતાના ઘરમાં પોતાના પરિવાર સાથે, પોતાના દ્રવ્યથી, પોતાની જાતે થતી સેવા) કરવી આવશ્યક છે'.

*

'હંમેશા પ્રભુ મારા સર્વસ્વ છે એવાભાવથી વ્રજના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી એજ આપણો ધર્મ છે. આ સિવાય બીજો કોઇ ધર્મ ક્યારેય કોઇ પણ સંજોગોમાં નથી'.

પુષ્પ - ૧૭

# ※ પુષ્ટિ-સત્સંગ ※

આપણું મન સતત વિચારશીલ રહે છે. આપણે જેવું વિચારીએ તે પ્રમાણે બોલીએ છીએ અને પછી તે મુજબ આચરણ કરીએ છીએ. આમ આપણું આચરણ એ આપણા મનના વિચારોનો પડઘો છે. મન વિચારોના સંગમાંથી મુક્ત થઇ શકતું નથી. મોટેભાગે આપણું મન લૌકિક વિષયોનો સંગ કરવા માટે પ્રેરિત થાય છે. તેના કારણે આપણા મનમાં કામ, ક્રોધ, લોભ, મોહ ઇત્યાદિ વિકારો ઉત્પન્ન થાય છે. આ વિકારો ક્યારેક આપણી ઇન્દ્રિયોને કાર્યશીલ બનાવી અઘટિત આચરણ કરાવે છે. આ સંપુર્ણ પ્રક્રિયાના મુળમાં આપણા મનનો અવિરત વિચારો સાથેનો સંગ છે. તેનો પીછો છોડાવવા તે વિચારોનો ત્યાગ કરવો આવશ્યક છે, પરંતુ તે સુગમ નથી.

માટે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે

**સંગઃ સર્વાત્મના ત્યાજ્યાઃ સચેત્ ત્યકતુમ્ ન શક્યતો**
**સઃ સદ્ભિઃ સહ કર્તવ્યઃ સંતઃ સંગસ્ય ભેષજમ્ ।**

એટલે કે સંગનો ત્યાગ કરવો જો શક્ય ન બને અને સંગ વિના ચાલેજ નહિંતો સંતનો સંગ કરવો. સંગથી થતાં વિકારોનો ઉપાય સંત સમાગમ છે.

આથી મનુષ્યના જીવનમાં સંતસમાગમનું કે સત્ પુરૂષોના સંગનું, સત્સંગનું ખુબજ મહત્વ રહેલું છે. સત્સંગ એ જીવનનું આવશ્યક અંગ મનાયું છે, જેના દ્વારા મનુષ્ય પોતાના મનને

અંકુશમાં રાખી શકે, પોતાના વિચારોને ચોક્કસ દિશા આપી શકે, પોતે જીવનના મહત્વના મુલ્યોને સમજી તે મુજબનું આચરણ કરવામાં પ્રવૃત બની શકે.

સામાન્ય રીતે સત્સંગનો અર્થ થાય સત્-પુરૂષોનો સંગ અથવા સત્ એટલે સત્યનો અંગ. શાસ્ત્રોમાંથી, ધર્મ ગ્રંથોમાંથી આપણને સત્યનો બોધ મળે છે, સત્યની પ્રતિતી થાય છે. આજના સમયમાં સાચા સંત મળવા મુશ્કેલ છે એટલે તેમનો સંગ પણ દુર્લભ છે માટે શાસ્ત્ર ગ્રંથોના સંગથી આપણને સત્યનો સંગ પ્રાપ્ત થઇ શકે છે અને આપણે સત્યના માર્ગે ચાલી શકી છીએ.

પુષ્ટિમાર્ગમાં સત્સંગનું ખુબજ મહત્વ છે. સત્સંગ પ્રાપ્ત થવો એજ ભગવત્કૃપાનું સર્વોત્તમ લક્ષણ છે, કારણ કે પોતાની ઇચ્છાથી કે પ્રયત્ન દ્વારા સત્સંગ ઉપલબ્ધ થતો નથી. પ્રભુ જ્યારે કૃપા કરે ત્યારેજ ભગવદીયોનો સંગ પ્રાપ્ત થઇ શકે છે. ભગવદીયોનો સંગ માત્ર ભવસાગર ને તરવાનું મૂળ સાધન છે, કેમકે ભગવદીય દ્વારા ભગવાન પ્રત્યે ભાવ ઉત્પન્ન થાય છે. જ્ઞાનતો પુસ્તકોમાંથી પણ મળી રહે પરંતુ ભગવદીયોના હૃદયની કોમળતાને કારણે તેમનો સંગ સર્વોત્તમ કહેવાયો છે.

આજના જમાનામાં જ્યારે ભગવદીયોના દર્શનજ જો દુર્લભ હોયતો તેમના સંગતો ક્યાંથી પ્રાપ્ત થઇ શકે ? માટે ભગવદીયોના પ્રત્યક્ષ સંગના અભાવમાં તેમની ભાવનાઓનો સંગ કરવો જોઇએ, જે તેમના દ્વારા રચાયેલ ગ્રંથોમાંથી પ્રાપ્ત થઇ શકે છે. ભગવદીયોના ગ્રંથોમાંથી ભગવદ્ ભાવની અનુભુતિ થઇ શકે છે. આચાર્યચરણોના ગ્રંથોના માધ્યમથી ભગવદીયો દ્વારા ભગવદ્ ભાવને જાણી શકાય છે, સમજી શકાય છે, અને તેને આચરણમાં મુકી શકાય છે.

ભગવદીયોના સંગમાં તો ભગવદ્કથાનો, હરિ ગુણગાનનો અસ્ખલિત પ્રવાહ વહે છે. આવો ભગવદ્ રસ જીવનની સમગ્ર

તૃષ્ણાનો નાશ કરે છે. તેના પરિણામે મનમાં ઉદ્વેગને કાંઇ સ્થાન રહેતું નથી. માટેજ કહેવાયું છે કે સત્સંગને માટે સર્વ સંગનો ત્યાગ કરવો.

સત્સંગ એ ક્યારેક કરાતી પ્રક્રિયા નથી. એક વખત સંત–સમાગમ કરી તેની પાસેથી બોધ ગ્રહણ કરી તેનો અમલ જીવન પર્યંત ચાલે તેવું નથી. કારણ કે અગાઉ કહ્યું તેમ મન સતત વિચારોથી ગ્રસ્ત રહેતું હોય છે. એમાં અનેક પ્રકારની વાતો મનમાં આવે અને તેના વિચારો આવે. પરિણામે ક્યારેક મન અવળે માર્ગે પણ દોરાઇ જાય. આ પ્રકારની બાધાને શ્રીહરિરાયજીએ દુઃસંગનું નામ આપ્યું છે. શ્રીમહાપ્રભુજીએ જીવને દુષ્ટ કહ્યો છે. મૂળતઃ તે પ્રભુનો અંશ હોવા છતાં, પ્રભુથી છુટા પડવાથી તેના સ્વભાવમાં દુષ્ટતા પ્રવેશી છે એટલે કે તે તેમનામાં આસક્ત ન રહેતાં લૌકિક વિષયોમાં આસક્ત રહે છે. આપણી આસપાસ નું વાતાવરણ આપણને આમ કરવા પ્રેરે છે. આને દુઃસંગ કહેવાય છે.

જે ભગવાનથી વિરૂધ્ધ હોય, જે વેદથી વિરૂધ્ધ હોય જે શ્રીમહાપ્રભુજીથી કે વૈષ્ણવથી વિરૂધ્ધ હોય તેવાઓનો સંગ દુઃસંગ કહેવાય. ભગવત્સ્વરૂપ કે ભગવત્સેવાની નિંદા કરે તેનો સંગ દુઃસંગ કહેવાય. જે ભાગવતજી કે ભગવદ્ વાક્યો અને આચાર્યોના ઉપદેશથી વિરૂધ્ધ આચરણ કરે તેવાઓનો સંગ દુઃસંગ કહેવાય. આવા દુષ્ટ જીવનો સંગ કરવાથી આપણે કરેલું ઉત્તમ સાધન પણ નષ્ટ થઇ જાય છે.

શ્રીહરિરાયજીએ દુઃસંગની અસરમાંથી મુક્ત થવા શિક્ષાપત્રમાં ખુબ સારી વાત સમજાવી છે. આપે સમજાવ્યું છે કે આપણા સૌના હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમતો છેજ, જેને 'ભગવદ્ ભાવ' કહેવામાં આવે છે. તે અગ્નિ જેવો છે. આપણી ચારે બાજુ દુઃસંગનું વાતાવરણ પ્રચુરમાત્રામાં છે. વિશેષતઃ આજના

જમાનામાં તો આપણી ચોપાસનું વાતાવરણ દુષિત થયેલું છે. દુઃસંગએ પાણી જેવો છે. જે રીતે પાણી નીચાણવાળા ભાગ તરફ તેની જગ્યા કરીલે છે, તે રીતે દુઃસંગ પણ આપણને ખબર ન પડે તેવી રીતે આપણા મનમાં તેની જગ્યા કરી લે છે. જેમ અગ્નિ ઉપર પાણી પડતાં તે ઓલવાઇ જાય તેમ દુઃસંગની અસરથી આપણો ભગવદ્ભાવ ઘટતો જાય, આપણે પ્રભુથી દુર થતા જઇએ. એ.ને બહિર્મુખતા કહેવાય છે. આમ દુઃસંગ એ આપણા ભગવદ્ભાવને નષ્ટ કરનારો છે. દુઃસંગથી બચવા માટે સત્સંગ રૂપી પાત્રની આવશ્યક્તા પડે છે. શ્રીહરિરાયજી સમજાવે છે કે જેમ સગડી ઉપર વાસણ મુકી પછી તેમાં પાણી રેડીએ તો સગડીનો અગ્નિ ઓલવાતો નથી. તેમ સત્સંગ રૂપી વાસણને વચમાં રાખીએ તો અગ્નિરૂપી ભગવદ્ભાવ ઉપર દુઃસંગ રૂપી પાણીની અસર થઇ શક્તી નથી. આ ઉદાહરણ આપણા જીવનમાં સત્સંગ ના મહત્વને સમજાવે છે. આપણી ચારે બાજુના દુઃસંગથી બચવા અને આપણા ભગવદ્ભાવને સાચવવા નિત્યનો સત્સંગ અત્યંત ખુબજ આવશ્યક છે.

સત્સંગ વિશે એક બીજી વાત સમજવી ખુબજ જરૂરી છે. જો યોગ્ય વ્યક્તિનો સંગ ન થાય તો ક્યારેક આપણે અવળી દિશામાં ભટકી જવાનો ભય રહે છે. આપણા ભાવને પોષણ મળવાને બદલે તેનાથી આપણો ભાવ ન્યૂન થતો જાય છે. કોઇ ખોટી વાતો આપણા મનમાં ઘર કરી જાય. આમ તે સત્સંગ ન રહેતા દુઃસંગનું સ્વરૂપ ધારણ કરી લે છે.

શ્રીમહાપ્રભુજીએ જલભેદ નામક ગ્રંથમાં કેવા વક્તા પાસેથી ભગવદ્ વાણી સાંભળવી જોઇએ તે વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. તેમાં આપે ૨૦ પ્રકારના જળના ઉદાહરણો આપી વિવિધ વક્તાઓના પ્રકાર બતાવ્યા છે. સૌથી કનિષ્ટ પ્રકારના વક્તાની તુલના આપે ખાબોચિયાના ગંધાતા પાણી સાથે કરી છે, જે

સૌથી ગંદુ અને નકામું હોય છે. તે પીવાથી રોગ થઇ શકે છે અને માણસ મૃત્યુ પામી શકે છે. ગમે તેટલી તરસ લાગી હોય પરંતુ ખાબોચીયાનું પાણી પી શકાય નહીં. તેજ પ્રમાણે કનિષ્ટ પ્રકારનો વક્તા પોતાના નિજી સ્વાર્થ માટે પોતાનું પેટ ભરવા ભગવદ્ કથા કહેતો હોય છે. આવા ભગવાન પ્રત્યેના પોતાના હૃદયમાં સાચા પ્રેમના અભાવ વાળા વક્તા, સાંભળનારનું કલ્યાણ કરી શકતા નથી., માટે શ્રીમહાપ્રભુજીએ આવા વક્તાને વર્જ્ય ગણ્યા છે.

આજ ગ્રંથમાં આપે સર્વોત્તમ વક્તાના પણ લક્ષણ બતાવ્યા છે. જે પ્રભુના સાચા ભક્ત હોય જેના હૃદયમાં ભગવદ્ભાવ ઉભરાતો હોય, પ્રભુ પ્રત્યે અખુટ પ્રેમ હોય, નિસ્પૃહિ હોય ત્યારે તેના મુખેથી ઝરતો કથારસ હરિરસામૃત બની જાય છે અને તે સાંભળનાર ના ભગવદ્ભાવને વધારે છે, તેને રસપ્લાવિત કરી નાંખો છે. આજના જમાનામાં આવા ઉત્તમ વક્તા મળવા અતિ દુર્લભ છે. છતાં જ્યારે પણ એવા વક્તાનું વાક્પાન કરવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે તે ચુકવો જોઇએ નહીં.

જેમના ચિત્તનો ભગવાનમાં નિરોધ થઇ ચુક્યો હોય, ભગવાનની સેવા સ્મરણરૂપ ભક્તિમાં જેઓ તરબોળ થઇ ચુક્યા હોય એવા ભગવદીયોનો હૃદયપૂર્વકનો સંગ જો કોઇ કરે તો તેનો પણ ભગવાનમાં નિરોધ અવશ્ય થઇ જાય છે.

માટે જ ભક્ત કવિ સુરદાસજીએ એક કિર્તનમાં સત્સંગનો મહિમા ગાતાં કહ્યું છે :-

એક ઘડી, અડધી ઘડી, અરે અડધીમાં પણ અડધી ઘડી, પળ માટે પણ કરેલો સત્સંગ મનુષ્યને તારે છે. તેનો ઉધ્ધાર કરે છે. કરોડ કરોડ સ્વર્ગમાં વસવા છતાં, કરોડ કરોડ મુક્તિનું સુખ પાળવા છતાં, જે સુખ ભગવદીયના સંગમાં છે તે

બીજે ક્યાંય નથી. અર્થાત સ્વર્ગ કે મુક્તિનું પરમસુખ પણ પળવારના સત્સંગના સુખની બરાબરી ન કરી શકે.

ઉત્તમ વક્તા કે ભગવદીયોનો સંગ જ્યારે ન સાંપડે ત્યારે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન, તેના ઉપર અન્ય આચાર્યોએ કરેલી ટીકાનું વાંચન અને મનન કરવું જોઇએ. શ્રીહરિરાયજી એ સમજાવ્યું છે કે આ ગ્રંથોના અર્થ આપણે આપણી બુધ્ધિથી ન કરવા જોઇએ પરંતુ મહાનુભાવ ટીકાકારોએ જે અર્થ કર્યો હોય તેને સમજવાની કોશિષ કરવી જોઇએ અને તે સ્વિકારવા જોઇએ. આ ગ્રંથોના સ્વાધ્યાય અને સત્સંગથી આપણો ભગવદ્ભાવ વધે છે, સેવા અને સ્મરણમાં આપણી રૂચી વધે છે અને તે દ્વારા આપણું મન વધુને વધુ પ્રભુ સન્મુખ રહેવા પ્રેરાય છે.

પુષ્ટિમાર્ગીય સત્સંગ એ કેવળ કથાવાર્તાનોજ પ્રકાર નથી પરંતુ તે ભગવદ્ વાર્તાકે ભગવદ્ચર્યાના રૂપમાં હોય તો વધુ ફળદાયી બને છે. સામાન્યતઃ એક વક્તા બોલતો હોય અને અન્ય સર્વે સાંભળનારજ હોય ત્યારે જો સાંભળનારનું ચિત્ત ભગવતોન્મુખ ન હોય, અન્ય વિચારોથી ઘેરાયેલું હોયતો તે વિષયને ગ્રહણ કરી શકતું નથી. વિષય ગંભીર હોય તો સાંભળનાર કંટાળીને નિંદ્રાવશ બને છે. તેવા સત્સંગ નું કોઇ તાત્પર્ય રહેતું નથી. સત્સંગ જો એક ભગવદ્ ચર્ચા ના રૂપમાં હોય જેમાં કોઇ એક ગ્રંથના વાંચન પછી તે વિશે પ્રશ્નોત્તરી થાય, તેની આપસમાં ચર્ચા થાય, પોતપોતાના અનુભવોના આધારે તે વિષયની છણાવટ થાય તો તેવો સત્સંગ રસમય બને છે, વધુ હેતુપુર્ણ બને છે, લાભદાયી નિવડે છે.

પુષ્ટિમાર્ગના શ્રીમહાપ્રભુજીના સેવક ૮૪ ભગવદીયોની અને શ્રીગુસાંઇજીના ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ સુપ્રસિધ્ધ છે. તેમાં આલેખાયેલ ભગવદીયોના ચરિત્રો વિવિધ પ્રકારના જીવોના

લક્ષણો સમજાવતાં પ્રત્યક્ષ ઉદાહરણો છે. એ સર્વે વાર્તા પ્રસંગોમાંથી પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોનું નવનિત શ્રીહરિરાયજી એ ભાવપ્રકાશ દ્વારા પ્રગટ કર્યું છે. શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતોને યથાર્થરૂપ માં સમજવા માટે આ વાર્તા પ્રસંગો ઘણાજ સહાયભૂત નિવડે છે માટે તેનું નિત્ય વાંચન એ સત્સંગનું અભિન્ન અંગ ગણવું જોઇએ. ભગવદીયોને થયેલ પ્રભુના સાક્ષાત્કારનું નિરૂપણ આ વાર્તાઓમાં હોઇ તે આપણા ભગવદ્ભાવનું પોષક બને છે માટે તેનું નિત્ય મનન-અવગાહન કરવાનો આગ્રહ રાખવો જોઇએ.

જેમ શરીરના પોષણ માટે ભોજન આવશ્યક છે, તેમ આપણા મનને સતત્ ભગવતોન્મુખ રાખવા માટે, આપણા હૃદયના ભાવોને નવપલ્લવિત રાખવા માટે નિત્ય સત્સંગ નું મહત્વ સમજવું જોઇએ. બે દિવસ ભોજન ન કરતાં જેમ શરીર નિશ્ચેતન બનવા માંડે છે તેમ સત્સંગના અભાવમાં આપણો ભગવદ્ભાવ પણ ક્ષીણ થવા માંડે છે. માટે સત્સંગ એ આપણા જીવનનું એક આવશ્યક અંગ બનવું જોઇએ. તેનાથીજ દિન પ્રતિદિન આપણો ભગવદ્ભાવ વૃધ્ધિ પામી આપણા ભગવદ્ પ્રાપ્તિના અંતિમ લક્ષ્યમાં સહાયભુત થઇ શકે છે.

ભગવાનની ઉપસ્થિતિ કઇ જગ્યાએ હોય છે તે પ્રશ્નના ઉત્તરમાં ભગવાને સ્વયં નારદજીને જણાવ્યું હતું કે 'જ્યાં મારા ભક્તો મારા ગુણગાન ગાતાં હોય છે ત્યાં હું અવશ્ય ઉપસ્થિત રહ્યું છું.' જ્યાં પ્રભુ સ્વયં પધારવા લાલાયીત રહેતાં હોય તેવા સત્સંગનો મહિમા આથી વિશેષ શું હોઇ શકે ?

*

## પુષ્પ - ૧૮

# ✻ શિક્ષાપત્ર-સાર ✻

'શિક્ષા' શબ્દથી શિક્ષણ અથવા શિખામણ એવો બોધ મળે છે. ઉપદેશાત્મક શિક્ષણ અથવા શિખામણ જેમાંથી પ્રાપ્ત થતા હોય તેવા પત્રોનો સંગ્રહ તે 'શિક્ષાપત્ર' છે.

શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ શ્રીહરિરાયજીનું પ્રાગટ્ય થયું હતું. તેમનું પુષ્ટિ સંપ્રદાયમાં એક વિશિષ્ઠ સ્થાન છે, કારણ કે તેમણે પુષ્ટિમાર્ગના વિવિધ સિધ્ધાંતોને સરલરૂપે સમજાવતાં અનેક ગ્રંથોની રચના કરી છે. 'શિક્ષાપત્ર' એ એમનો અનોખો ગ્રંથ છે જે વૈષ્ણવોને સરળતાપૂર્વક શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતો સમજાવે છે. પુષ્ટિમાર્ગીય સત્સંગ માટે આ એક મહત્વનો ગ્રંથ ગણવામાં આવે છે, અને તેનું નિત્ય અવગાહન વૈષ્ણવોના ઘરોમાં થાય છે. આ ગ્રંથ ૪૧ વિવિધ વિષયક પત્રોના રૂપમાં હોઇ તે 'શિક્ષાપત્ર' ના નામે પ્રસિધ્ધ છે. આ ગ્રંથ પાછળ એક ઇતિહાસછે.

શ્રીહરિરાયજી શ્રીગુસાંઇજીના દ્વિતિયપુત્ર શ્રીગોવિંદજીના પૌત્ર હતા. તેમના માથે શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ બિરાજતું જેની નાથદ્વારામાં તેમના નાના ભાઇ શ્રીગોપેશ્વરજી તેમના પત્નીની સહાયથી ભાવપૂર્વક સેવા કરતાં. તે સમયે શ્રીહરિરાયજી રાજસ્થાનમાં જેસલમેરમાં બિરાજતા હતા. પોતે ત્રિકાળજ્ઞાની હોઇ જાણ્યું કે તેમના નાનાભાઇ ગોપેશ્વરજીના વહુજી ટુંક સમયમાં નિત્યલીલામાં પધારશે, તેથી તેમની સેવામાં અંતરાય આવવાથી

તેઓ મનમાં ક્લેશ અનુભવશે.

આ પ્રસંગ બને તે પહેલાંજ શ્રીહરિરાયજીએ શ્રીગોપેશ્વરજીને પત્ર લખવા માંડયા. નિત્ય એક પત્ર પોતે સાંઢણી સવાર મારફત જેસલમેરથી નાથદ્વારા મોકલે પરંતુ શ્રીગોપેશ્વરજી સેવામાં પ્રવૃત્ત રહેતા હોવાથી તે પત્રો વાંચે નહીં અને એક ગોખલામાં મુકી રાખે.

હજી પાંચ પત્રો લખાયાં ત્યાંતો શ્રીગોપેશ્વરજીના વહુજી નિત્યલીલામાં પધાર્યા. તેથી શોક સંતપ્ત શ્રીગોપેશ્વરજીએ પોતાની શ્રીઠાકોરજીની સેવા છુટવાથી જળ-પાનનો ત્યાગ કર્યો.

શ્રીહરિરાયજીના એક સેવક હરજીવનદાસ હતા. તેમણે શ્રીગોપેશ્વરજીને શ્રીહરિરાયજીના પત્રો વિશે પુછયું. ત્યારે તેમણે તેમના આવેલા એ પત્રો જે ગોખલામાં મુકી રાખ્યા હતા તે વિશે જણાવ્યું. આ પત્રો એક પછી એક વાંચતાં તેઓ સ્વસ્થ થયા અને તેમનો વિષાદ દૂર થયો. ત્યારબાદ પણ શ્રીહરિરાયજી પત્રો મોકલતા રહ્યા. આમ કુલ ૪૧ પત્રો લખાયા.

શ્રીગોપેશ્વરજીના મનનું આ પત્રો દ્વારા સમાધાન થયું અને તેમણે તે પત્રો ઉપર વ્રજભાષામાં ટીકા લખી, જે 'બડે શિક્ષાપત્ર'ના નામથી પ્રસિધ્ધ છે.

આમ 'શિક્ષાપત્ર' ગ્રંથ અસ્તિત્વમાં આવ્યો.

શિક્ષાપત્ર એ વૈષ્ણવોનો સદાચાર ગ્રંથ છે. તેમાં વૈષ્ણવી આચાર, વિચાર અને વ્યવહારનું વિશ્લેષણ છે. તેમાં વૈષ્ણવોના જીવનમાં અને તેના કર્તવ્યપાલનમાં આવતા અવરોધો દુર કરવાના સુંદર ઉપાય બતાવવામાં આવ્યા છે.

શિક્ષાપત્રનું મનનપૂર્વકનું ચિંતન મનુષ્યના જીવનના પ્રવાહને બદલી શકે છે, તેના જીવનને વેરવિખેર થતું અટકાવી શકે છે તેને યથાર્થ વૈષ્ણવી જીવન જીવવાનું બળ આપે છે.

આ ૪૧ પત્રોનો ટુંક સાર નીચે મુજબ છે.

૧) પહેલા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ વૈષ્ણવના કર્તવ્યનો બોધ આપ્યો છે. તેમાં વૈષ્ણવના ૧૩ પ્રકારના કર્તવ્યો સમજાવતાં આપે કહ્યું છે કે વૈષ્ણવોએ કર્મનો અને વાણીનો સંયમ રાખવો. ભગવદ્ સેવા કરવી અને તે કરતાં લીલાભાવના અને ભાવભાવનાનો ખ્યાલ કરવો. સેવા માટે સાધનોની શુદ્ધિ, દૈન્યભાવ, નિત્ય ભગવદીયોનો સંગ અને પ્રભુમાં દ્રઢાશ્રય ઇત્યાદિની આવશ્યક્તા બતાવી છે.

૨) બીજા શિક્ષાપત્રમાં આપશ્રીએ ભગવદ્ સ્વરૂપનું વર્ણન કર્યું છે, જેથી તે સ્વરૂપનું જ્ઞાન થતાં આપણો ભગવાન પ્રત્યેનો સ્નેહ પુષ્ટ થાય.

૩) ત્રીજા શિક્ષાપત્રમાં આપણી ચારે બાજુના વાતાવરણને કારણે થતાં દુઃસંગનું અને તેના નિવારણ માટે નિત્ય સત્સંગની આવશ્યક્તા ઉપર ભાર મુક્યો છે. સત્સંગના અભાવમાં દુઃસંગને કારણે આપણો ભગવદ્ભાવ ક્ષીણ થઇ જાય છે માટે તેમાંથી બચવાના ઉપાય આમાં બતાવ્યા છે.

૪) ચોથા શિક્ષાપત્રમાં પ્રભુના વિરૂધ્ધ ધર્માશ્રયી સ્વરૂપનું વર્ણન કરી પ્રભુની શરણાગતિનું મહત્વ આપણને સમજાવ્યું છે. શરણાગત ભક્ત તેના જીવનમાં આવતાં લૌકિક કલેશોથી કંટાળતો નથી અને તેને ભગવદ્ કૃપાના રૂપમાં સમજી, પ્રભુ અવશ્ય પોતાનો ઉધ્ધાર કરશે તેવો દ્રઢાશ્રય રાખે છે.

૫) પાંચમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ ભગવાન માટેના વિરહની આવશ્યક્તા અને તેના અનુભવ દ્વારા મેળવાતી ભગવદ્ કૃપા અને દૈન્યભાવની પ્રાપ્તિ વિશે સુંદર રીતે સમજાવ્યું છે.

૬) છઠ્ઠા શિક્ષાપત્રમાં જીવોના પ્રકાર વિશે સમજણ આપી છે. પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહિ જીવોના વર્ગીકરણ અને તેમનું લક્ષ્ય આમાં બતાવ્યું છે. સાથે સાથે પ્રભુને 'સંસારવેરી' કહી તેઓ પુષ્ટિજીવોના ધૈર્યનું રક્ષણ કરે છે, તે વાતની સ્પષ્ટતા કરી છે.

૭) સાતમાં શિક્ષાપત્રમાં કલિકાળ એ એક વિપરીત કાળ છે તે પરત્વે ધ્યાન દોરી તે સમયમાં વૈષ્ણવોનું શું કર્તવ્ય હોઇ શકે તે બતાવ્યું છે. પુષ્ટિમાર્ગનું સ્વરૂપ સમજાવતાં આપ આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ સ્વયં પ્રભુજ છે.

૮) આઠમાં શિક્ષાપત્રમાં સ્મરણ અને ચિંતન વચ્ચેનો ભેદ સમજાવી આપે શ્રીઠાકોરજીમાં દ્રઢ વિશ્વાસ રાખી તેમનામાં અનન્ય ભાવ કેળવવાની સલાહ આપી છે, જે અન્યાશ્રયથી બચવા ખુબજ આવશ્યક છે.

૯) નવમાં શિક્ષા પત્રમાં પ્રભુના કિશોર સ્વરૂપનું વર્ણન કર્યું છે, તેમજ ઉત્તરોત્તર ભગવાનમાં પ્રેમ, આસક્તિ અને વ્યસનની અવસ્થાઓ પ્રાપ્ત કરવા શ્રીમહાપ્રભુજીના ચરણકમળોનો દ્રઢાશ્રય રાખવા સમજાવ્યું છે.

૧૦) દશમાં શિક્ષાપત્રમાં દુઃખને પ્રભુની દયાનું દાન સમજવાની આપે આજ્ઞા કરી છે. પોતાના ભક્તોને નિજાનંદનું દાન કરવા પ્રભુ પોતાના ભક્તોને લૌકિક સંતાપ આપે છે. આ વાતને સ્પષ્ટતાપૂર્વક આપે આમાં સમજાવી છે.

૧૧) અગીયારમાં શિક્ષાપત્રમાં વૈષ્ણવો માટે ભગવદ્ ગુણગાન અને તેનું શ્રવણ કરવાનું મહત્વ, નિઃસાધનતા અને દૈન્યભાવનું તાત્પર્ય તેમજ જગતના અનિત્ય પદાર્થોના ત્યાગ વિશે સમજણ આપી છે.

૧૨) બારમાં શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગ એ તાપકલેશનો માર્ગ છે માટે વિરહ ભાવના દ્વારા સતત મનમાં પ્રભુનું સ્મરણ કરવું જરૂરી છે, તે બાબત સમજાવી છે.

૧૩) તેરમાં શિક્ષાપત્રમાં વર્તમાનમાં ભવસાગરને તરવા માટે ઉપાય તરીકે આપણા ચિત્તને સર્વ પ્રકારની લૌકિક બાબતોમાંથી હટાવી એક માત્ર ભગવાનમાં લગાડવું આવશ્યક છે, તેમ આજ્ઞા કરી છે.

૧૪) ચૌદમાં શિક્ષાપત્રમાં અન્યાશ્રય વિશે સમજાવતાં આપશ્રી આજ્ઞા કરે છે કે તેનાંથી દુઃસંગ લાગે છે જે આપણા ભગવદ્ભાવને નષ્ટ કરે છે, માટે અન્યાશ્રયનો સર્વથા ત્યાગ કરવો જરૂરી છે.

૧૫) પંદરમાં શિક્ષાપત્રમાં પ્રયત્નપૂર્વક શ્રીઠાકોરજીનું અહર્નિશ ધ્યાન ધરવાની, સતત તેમનું સ્મરણ અને તેમની લીલાઓ અને ગુણોમાં ચિત્તને પરોવવા વિશે અને તેમનું ચિંતન કરવાની આવશ્યકતા સમજાવી છે.

૧૬) સોળમાં શિક્ષાપત્રમાં વર્તમાન યુગમાં ભવસાગરને તરવા માટે ઉપાય તરીકે આપણા ચિત્તને સર્વ પ્રકારની લૌકિક બાબતોમાંથી હટાવી એક માત્ર ભગવાનમાં લગાડવું આવશ્યક છે તેમ આજ્ઞા કરી છે.

૧૭) સત્તરમાં શિક્ષાપત્રમાં આપશ્રી સમજાવે છે કે વૈષ્ણવી જીવન જીવવા માટે શ્રીહરિ ગુરૂ વૈષ્ણવો સાથે વિવેકપૂર્વક વર્તન કરવું, ભગવદ્ ભાવ અને ભગવદ્ વાર્તામાં મૌન રાખવું, શ્રીઠાકોરજીના સુખ માટેજ જીવવું અને સૌની સાથે દીનતા અને પ્રેમ પૂર્વક વર્તવું. વૈષ્ણવે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીનો દ્રઢાશ્રય રાખવો જરૂરી છે.

૧૮) અઢારમાં શિક્ષાપત્રમાં આપ સમજાવે છે કે પ્રભુની સર્વ સમર્થતામાં વિશ્વાસ રાખી વૈષ્ણવે કેવળ પેટના ગુજારા

માટે ચિંતા કરવી જોઇએ નહીં, પરંતું અહર્નિશ પ્રભુની સેવા અને સ્મરણમાં ચિત્ત રાખવું જોઇએ.

૧૯) ઓગણીસમાં શિક્ષાપત્રમાં સત્સંગ વિશે સમજાવતાં આપ આજ્ઞા કરે છે કે સત્સંગમાં વૈષ્ણવે સતત અષ્ટાક્ષર મંત્રનો જપ કરતા કરતા પ્રભુના મિલન માટે વિરહતાપ કરવો જોઇએ.

૨૦) વીસમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ શરણાગત જીવના મુખ્ય કર્તવ્ય સમજાવતા કહ્યું છે કે તેણે લૌકિક નિંદાનો ભય ન રાખવો, લૌકિકાશક્તિ ત્યજવી, દુઃસંગ છોડી સત્સંગ કરવો, અસમર્પિતનો ત્યાગ કરવો અને પ્રભુમાં અવિશ્વાસ ન કરવો જોઇએ.

૨૧) એકવીસમાં શિક્ષાપત્રમાં આપણું ચિત્ત પ્રભુમાં એકાગ્ર ન થવાના કારણો અને તેના ઉપાયો સુચવ્યા છે.

૨૨) બાવીસમાં શિક્ષાપત્રમાં આપશ્રીએ ભગવદ્ભાવનું સ્વરૂપ સમજાવ્યું છે. ભગવાનમાં સાચો, નિરપેક્ષ, નિષ્કામ અને શુધ્ધ સ્નેહ હોવો આવશ્યક છે. પુષ્ટિમાર્ગમાં જો ભક્તમાં શુધ્ધ ભગવદ્ ભાવ હોય તો તેના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ સર્વ કાંઇ ભગવાન પોતેજ છે.

૨૩) ત્રેવીસમાં શિક્ષાપત્રમાં ચિંતા નિવૃત્તિના ઉપાય બતાવવામાં આવ્યા છે. અવિદ્યાના કારણે આપણી અહંતા અને મમતા આપણી ચિંતાના મુળમાં રહેલ છે. શ્રીમહાપ્રભુજીના ચરણકમલોનો દ્રઢાશ્રય અને ભગવાનમાં દ્રઢ વિશ્વાસ રાખવાથી ચિંતા મુક્ત થઇ શકાય છે.

૨૪) ચોવીસમાં શિક્ષાપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પુષ્ટિમાર્ગ અન્ય માર્ગો કરતા વિલક્ષણ છે. તેમાં સાધનો દ્વારા ભગવદ્ પ્રાપ્તિ થઇ શક્તિ નથી તે સમજાવ્યું છે. નિષ્કામ ભાવે

પ્રેમપૂર્વક પ્રભુની સેવા તેમની કૃપા મેળવવાને કારણ રૂપ બને છે.

૨૫) પચ્ચીસમા શિક્ષાપત્રમાં શ્રીમહાપ્રભુજી સાક્ષાત ભગવદ્ સ્વરૂપ છે. તે સમજાવતાં જણાવે છે કે જેમ શ્રીભાગવતજી શ્રીઠાકોરજીનું નામાત્મક સ્વરૂપ છે તેમ શ્રીસુબોધિનીજી શ્રીમહાપ્રભુજીનું નામાત્ક સ્વરૂપ છે. પુષ્ટિભક્તિની પ્રાપ્તિ ઇચ્છતા દરેકે શ્રીમહાપ્રભુજીનો દ્રઢ આશ્રય રાખવો જોઇએ.

૨૬) છવ્વીસમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ પુષ્ટિજીવોના ચાર કર્તવ્યનું નિરૂપણ કર્યું છે. તેમણે શ્રીમહાપ્રભુજીને સદા પોતાના હૃદયમાં રાખવા, પોતાના ભગવદ્ભાવનું દુઃસંગથી રક્ષણ કરવું, ભગવદ્ભાવને છુપાવીને રાખવો અને ભગવદીયોનો સત્સંગ કરવો જોઇએ, તેમ આજ્ઞા કરી છે.

૨૭) સત્તાવીશમાં શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગમાં બાધક એવા ચાલીસ પ્રકારના દોષોને વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવ્યા છે. સાથે સાથે કયા પ્રકારના ગુણો કેળવવા તેની પણ સ્પષ્ટતા કરી છે.

૨૮) અઠ્ઠાવીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આપણને આત્મ-નિરિક્ષણ કરી આપણા દોષો વિશે સભાન થવા કહે છે, અને ભક્તેચ્છાપૂર્વક કૃપાળુ પ્રભુ પાસે કેવી રીતે કૃપાયાચના કરવી તે સમજાવે છે.

૨૯) ઓગણત્રીસમાં શિક્ષાપત્રમાં દુઃસંગથી બુધ્ધિની રક્ષા કરવા સત્સંગ, સ્મરણ અને શરણાગતિ એ ત્રણ સાધનોને આચરવાની શિક્ષા આપવામાં આવી છે.

૩૦) ત્રીસમાં શિક્ષાપત્રમાં પાંચ પ્રકારની અવિદ્યા દ્વારા બંધાતા અહંતા મમતાત્મક લૌકિક સંબંધોનું વિસ્મરણ કરી શ્રીકૃષ્ણનું સતત સ્મરણ કરવાની આવશ્યક્તા સમજાવી છે. જગતમાં સર્વત્ર શ્રીકૃષ્ણને જોવાથી લૌકિકની વિસ્મૃતિ

થશે, તેમ આપે આજ્ઞા કરી છે.

૩૧) એકત્રીસમાં શિક્ષાપત્રમાં પરમાત્મા કોને પ્રાપ્ત થાય તે વિશેનું ચિંતન કરવામાં આવ્યું છે. પ્રભુ કયા જીવનુ વરણ કરે છે અને ક્યારે કરે છે તે વિશે આમાં છણાવટ કરવામાં આવી છે.

૩૨) બત્રીસમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી વૈષ્ણવોના હૃદયમાં રહેલી બાવીસ પ્રકારની અશુધ્ધિઓ બતાવે છે જેના કારણે આપણામાં ભગવદ્ ભાવ જાગતો નથી. તેજ પ્રમાણે ક્યા પ્રકારની શુધ્ધિ ભક્તમાં હોવી જોઇએ જેથી તેના હૃદયમાં પ્રભુનો પ્રવેશ થાય તે વિશે સમજાવ્યું છે.

૩૩) ત્રેત્રીસમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ ભગવત કૃપા પ્રાપ્ત કરવા દ્દિનતા અને નિઃસાધનતાની આવશ્યક્તા ઉપર ભાર મુક્યો છે. પુષ્ટિમાર્ગમાં દૈન્યભાવ અને તેના દ્વારા પ્રગટતી નિઃસાધનતા ખુબજ આવશ્યક છે.

૩૪) ચોત્રીસમાં શિક્ષાપત્રમાં પુષ્ટિભક્તિના બે સ્વરૂપો, મુખાર્વિંદની ભક્તિ અને ચરણાર્વિંદની ભક્તિ સમજાવી, તે પ્રાપ્ત કરવામાં નડતા પ્રતિબંધોનું સુંદર વિશ્લેષણ આપે કર્યું છે. સાથે સાથે તેને દુર કરવાના ઉપાયો પણ સુચવ્યા છે.

૩૫) પાંત્રીસમાં શિક્ષાપત્રમાં આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુષ્ટોની છણાવટ કરી તેઓ દ્વારા સર્જાતા દુઃસંગનું સ્વરૂપ સમજાવ્યું છે અને તેનાથી દુર રહેવા આજ્ઞા કરી છે.

૩૬) છત્રીસમાં શિક્ષાપત્રમાં મનુષ્યને થતી ચિંતાઓના કારણ બતાવી વૃથા ચિંતાનો ત્યાગ કરવા વિશે બોધ આપ્યો છે.

૩૭) સાડત્રીસમાં શિક્ષાપત્રમાં આપણામાં વ્યાપેલા દોષોનું નિદાન કરી પુષ્ટિમાર્ગમાં નિઃસાધનતાના ભાવનું મહત્વ ખુબ સુંદર રીતે સમજાવ્યું છે.

૩૮) આડત્રીસમાં શિક્ષાપત્રમાં ભગવદ્ સ્વરૂપ અને તેમની લીલાઓનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. સચ્ચિદાનંદ પ્રભુના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપો વિશે આમાં સમજણ આપવામાં આવી છે.

૩૯) ઓગણત્રીસમું શિક્ષાપત્ર વૈષ્ણવના પરમ કર્તવ્યરૂપે ભગવદ્ સેવા ઉપર ખુબજ ભાર મુકે છે.

૪૦) ચાલીસમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ પોતાને નિમિત્ત બનાવી અંતઃકરણમાં ઉત્પન્ન થતા તાપકલેશના નિવારણના ઉપાય સુચવ્યા છે. પોતાના દોષો વિશે ચિંતન કરવા અને તેને કઇ રીતે દૂર કરી શકાય તે બાબત આમાં સમજાવ્યું છે.

૪૧) એકતાલીસમું શિક્ષાપત્ર એ બધા પત્રોના સાર રૂપ છે અને તેમાં પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોનો નિચોડ બતાવવામાં આવ્યો છે. શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે આડંબર રહિત શુધ્ધ ભાવજ પ્રભુ પ્રાપ્તિ માટે નિયામક છે.

આમ શિક્ષાપત્રને સર્વ સારનો સાર કહીએ તો પણ ખોટું નથી. જો શિક્ષાપત્રનું ઉંડાણપૂર્વકનું અધ્યયન કરવામાં આવે તો સમજાશે કે મનુષ્યજીવનના સર્વ પાસાઓને તે આવરી લે છે અને અનેક પ્રકારના જટીલ પ્રશ્નોના સમાધાન આપણને તેમાંથી પ્રાપ્ત થઇ શકે છે. શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતોના પરિપેક્ષ્યમાં જીવનને યથાર્થ રૂપે જીવવા માટે શિક્ષાપત્ર ખુબજ સુંદર માર્ગદર્શન પુરૂં પાડે છે માટે તેને વિસ્તાર પૂર્વક વાંચવાની અને સમજવાની આવશ્યક્તા સમજી શકાય તેવી છે. શ્રીહરિરાયજી એ આજ્ઞા કરી છે કે જો પુષ્ટિમાર્ગીય ભગવદ્ભક્ત સાથે મળીને આ શિક્ષાપત્રોનું મનન અને ચિંતન કરવામાં આવે તો આપણા મનમાં ઊભાં થતા ચિંતા રૂપ સર્વ સંદેહ દૂર થાય તે નિઃશંક છે.

*

## પુષ્પ – ૧૯

# ❋ શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ ❋

આપણી ચારે બાજુ વૃક્ષો, પહાડો, નદીઓ, પ્રાણીઓ, પક્ષીઓ અને મનુષ્યો આપણે જોઇએ છીએ. સુર્ય–ચંદ્ર રોજ ઉગેને આથમે છે. અનેક ગ્રહો આખા બ્રહ્માંડમાં ફેલાયેલા છે.

આ બધું શું છે, કોણે બનાવ્યું છે ? આનો બનાવનાર કોણ છે ? તે ક્યાં રહે છે ? આપણે કોણ છીએ ? ક્યાંથી આવ્યા છીએ ? આવા વિચારો સૌને આવતા હોય છે.

મનુષ્ય, જીવજંતુ ઇત્યાદિ જન્મ લે છે. મૃત્યુ પામે છે અને ફરી પાછા નવા સ્વરૂપે જન્મે છે. કેવી ઘટમાળ ચાલ્યા કરે છે ? હજારો વર્ષોથી આ દુનિયા આમ ચાલ્યાજ કરે છે.

આપણને થાય કે કોણ આને ચલાવતું હશે ? જન્મ-મરણનું પ્રયોજન શું ? આપણું કર્તવ્ય શું ? આવું મનોમથંન પ્રત્યેકના મનમાં થાય.

આ બધા સવાલોના જવાબ આપણા શાસ્ત્રો–પુરાણોમાં છે. આપણો પ્રાચીન ધર્મ ગ્રંથ વેદ છે. વેદ એ ભગવાનની વાણી છે. તે અપૌરૂષેય કહેવાય છે, અર્થાત કોઇ મનુષ્યે તેની રચના કરી નથી. આપણા ઋષિમુનીઓએ હજારો વર્ષોથી વેદોનો અભ્યાસ કર્યો છે અને વેદનું તત્વજ્ઞાન ઉપનિષદોના રૂપે રજુ કર્યું છે.

ઉપનિષદોના અભ્યાસમાંથી જુદા જુદા વિદ્વાનો, આચાર્યોએ

પોતાની બુધ્ધિ અને શક્તિ અનુસાર અલગ અલગ સિધ્ધાંતો તારવ્યા છે. મહર્ષિ વેદ વ્યાસજીએ વેદોના તત્વને સ્પષ્ટ કરવા બ્રહ્મસુત્રોની રચના કરી છે, જેને હિંદુ ધર્મના બધા સંપ્રદાયોના આચાર્યોએ પોતાની વિચાર સરણીના પાયા તરીકે સ્વિકાર્યા છે અને તેના ઉપર ભાષ્યની રચના કરી છે.

ભગવાન શ્રીકૃષ્ણે મહાભારતના યુધ્ધ વખતે અર્જુનને જે ઉપદેશ આપ્યો હતો તે શ્રીમદ્ ભગવદ્ ગીતા તરીકે ઓળખાય છે. ગીતાજીમાં ભગવાને અર્જુનને વેદ અને બ્રહ્મસુત્રોનાજ સિધ્ધાંતો સરળતાથી અને વિગતે સમજાવ્યા છે. તેથી દરેક સંપ્રદાયે આ ગ્રંથનો પણ સ્વિકાર કર્યો છે.

તેમજ શ્રીમદ્ ભાગવતજી તો સ્વયં ભગવાનનું નામાત્મક સ્વરૂપ હોઇ મહાપુરાણ કહેવાય છે, કારણ કે તેમાં ભગવાનની વિવિધ લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ભગવાન વેદ વ્યાસજી રચિત આ ગ્રંથનો પણ શ્રીવલ્લભાચાર્યજીએ આધારરૂપ સ્વિકાર કર્યો છે.

ઉપરોક્ત ગ્રંથોના આધારે જુદા જુદા સંપ્રદાયોના આચાર્યોએ પોતપોતાના મત રજુ કર્યા છે. તે મુજબ શ્રીઆદિ શંકરાચાર્યજીએ 'કેવલાદ્વૈતવાદ' અથવા 'માયાવાદ'નું પ્રતિપાદન કર્યું છે. જ્યારે શ્રીનિમ્બાર્કાચાર્યે 'દ્વૈતાદ્વૈતવાદ', શ્રીરામાનુજાચાર્યજીએ 'વિશિષ્ટાદ્વૈતવાદ', શ્રીમધ્વાચાર્યજીએ 'દ્વૈતવાદ' અને શ્રીવલ્લભાચાર્યજી એ 'શુધ્ધાદ્વૈતવાદ'નું પ્રતિપાદન કર્યું છે. બ્રહ્મ અને જગતનું જુદાપણું એ 'દ્વૈતવાદ' અને બન્નેનું ઐકયપણુ સ્વિકારવું તે 'અદ્વૈતવાદ' કહેવાય.

બ્રહ્મ એટલે પરમાત્મા. વેદ-વેદાંત ઉપનિષદમાં બ્રહ્મ કહ્યા છે, તેનેજ ગીતામાં પરમાત્માના નામથી સંબોધન થયું છે, જ્યારે ભાગવતજીમાં ભગવાન કહ્યા છે. આ બધાજ એકજ ઇશ્વરના જુદા જુદા સંબોધનો છે.

આવા બ્રહ્મ વિશેનો વિચાર કરવો તેને 'બ્રહ્મવાદ' કહેવાય, જેના વડે પરમાત્માના સ્વરૂપને સમજી શકાય અને પામી શકાય તેને બ્રહ્મવાદ કહેવામાં આવે છે.

પુષ્ટિમાર્ગના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ 'શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કર્યુ છે. તેમણે મનુષ્યને મુંઝવતા ઉપરોક્ત બધા સવાલોના ખુલાસા તેના દ્વારા આપ્યા છે.

શુધ્ધાદ્વૈત બે શબ્દનો બનેલો છે. શુધ્ધ + અદ્વૈત. નામ અને રૂપના જુદાપણાથી ઇશ્વર અને જીવ અથવા જગતનું એટલે કે કાર્ય અને કારણનું જુદાપણું ભાસવું તે 'દ્વૈત' કહેવાય અને આનાથી વિપરિત જે છે તે 'અદ્વૈત'. બ્રહ્મ અને જગતનું નામ અને રૂપ અલગ હોવા છતાં બન્નેના ઐકયપણાના જ્ઞાનને અદ્વૈત કહેવાય.

અન્ય આચાર્યોના અદ્વૈતવાદથી સ્પષ્ટતા કરવા શ્રીવલ્લભાચાર્યજી ના અદ્વૈતવાદને 'શુધ્ધાદ્વૈત' કહેવામાં આવ્યો છે, કારણ કે શ્રીશંકરાચાર્યજીના અદ્વૈતવાદમાં જગતને માયાના આવરણને કારણે બ્રહ્મનું પ્રતિબિંબરૂપ માનવામાં આવ્યું છે, જયારે જગતએ બ્રહ્મનું અવિકૃત અથવા શુધ્ધ રૂપ છે. તે માયાના સંબંધ રહિત છે તેવું શ્રીમહાપ્રભુજીનું મંતવ્ય છે. માટે તેમના સિધ્ધાંતને 'શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ' કહેવામાં આવ્યો છે.

પરમાત્માને જગત ઉત્પન્ન કરવાની ઇચ્છા થઇ. તેથી પરમાત્મા જગતની ઉત્પત્તિનું કારણ છે. પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેમણે પોતાના સત્ અને ચિત્ અંશમાંથી જગત ઉત્પન્ન કર્યુ છે. માટે જગત પરમાત્માનું કાર્યરૂપ છે. પરમાત્મા જગતના કારણરૂપ છે. પરમાત્માથી જગત જુદું નથી. બ્રહ્મ પોતે શુધ્ધ છે તેથી બ્રહ્મના કાર્યરૂપ જગતપણ શુધ્ધ જ છે. આમ આ બન્ને શુધ્ધ તત્વો બ્રહ્મ અને જગત એકજ છે. તેમનું

આ અદ્વૈતપણુ છે. બ્રહ્મ જગતથી અલગ જણાય છે તે તેમની માયા નામની શક્તિના લીધે. વાસ્તવમાં બ્રહ્મ જગતથી અલગ નથી, માટે શુધ્ધાદ્વૈત કહેવામાં આવે છે.

ઉપરનો સિધ્ધાંત સ્પષ્ટ કરવા શ્રીમહાપ્રભુજી મંગલાચરણ કરતાં કહે છે- 'જુદાં જુદાં રૂપ અને નામ ધારણ કરી વિલસતા આ જગતમાં અદ્‌ભુત કાર્ય કરનાર ભગવાન શ્રીકૃષ્ણને હું નમન કરૂં છું'.

સમસ્ત જગતમાં જડ અને ચેતન સ્વરૂપે અનેક પદાર્થો- જીવો રહેલાં છે. તેમના નામ જુદાં છે. તેમના રૂપ જુદાં છે. આવા અલગ અલગ નામ અને રૂપ ધારણ કરી ભગવાન આ જગતમાં વ્યાપ્ત છે. આમ ઇશ્વરનું વિરાટ સ્વરૂપ એટલે જ આ સમગ્ર બ્રહ્માંડ, જેના પ્રત્યક્ષ દર્શન ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને તેમજ માતા યશોદાને કરાવ્યાં હતાં.

બ્રહ્મ : આપણે જાણીએ છીએ કે મનુષ્ય દેહ પંચમહાભુતો એટલે કે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તત્વોમાંથી બનેલો છે. આ પાંચે તત્વોનું કાળક્રમે રૂપાંતર થતું રહે છે. આ તત્વો ભગવાનના સત્‌અંશમાંથી બનેલા છે. તેજ પ્રમાણે જીવ ભગવાનના ચેતન તત્વ અથવા ચિત્ અંશરૂપે છે. જગતમાં દેખાતા જડ અને ચેતન પદાર્થોમાં ભગવાનનું ત્રીજું તત્વ આનંદ પ્રગટ હોતું નથી. પરંતુ બ્રહ્મનું સ્વરૂપ સમગ્રપણે આનંદમય છે. તેથીજ બ્રહ્મને સદાનંદ, પુર્ણાનંદ અથવા પરમાનંદ કહેવામાં આવે છે. બ્રહ્મના આનંદ તત્વમાં કદી વધારો કે ઘટાડો થતો નથી. આ આનંદ એક સરખોજ રહે છે. માટે જ ઉપનિષદમાં બ્રહ્મને 'પુર્ણાનંદ' કહ્યા છે.

સામાન્યતઃ આપણે જે અર્થમાં આનંદ શબ્દનો પ્રયોગ કરીએ છીએ તેના કરતાં બ્રહ્મનો આનંદ ભિન્ન છે. તે શાશ્વત

છે, જ્યારે મનુષ્યનો આનંદ ક્ષણિક છે, અપૂર્ણ છે. તેની ગણતરી કરી શકાય છે. પરંતુ પરબ્રહ્મ પરમાત્મા તો અગણિતાનંદ છે, પુર્ણાનંદ છે. બ્રહ્મનું સમગ્ર સ્વરૂપ કેવળ આનંદ તત્વથી સભર છે માટે શ્રીમહાપ્રભુજી કહે છે 'આનંદ માત્ર કર પાદ મુખોદરાદિ'. બ્રહ્મના પ્રત્યેક અંગ આનંદમય છે, આનંદ આપનારા છે.

આમ બ્રહ્મ એટલે કે ભગવાનનું આનંદાત્મક અલૌકિક સ્વરૂપ છે. તેમના ધર્મો પણ અલૌકિક છે. ભગવાનમાં ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ ષડગુણો હોવાથી જ તે 'ભગવાન' કહેવાય છે. આ ગુણો હોવાને કારણે વેદમાં બ્રહ્મને સગુણ કહેવામાં આવ્યા છે. તેમનામાં લૌકિક ગુણો ન હોવાના કારણે તેઓ નિર્ગુણ પણ છે. આ પ્રમાણે બ્રહ્મનું સ્વરૂપ 'વિરૂધ્ધ ધર્માશ્રયી' બતાવવામાં આવ્યું છે.

બ્રહ્મ વ્યાપક છે, અવ્યય છે (જેમાંથી કાંઇ પણ વધઘટ થતી નથી), સર્વ શક્તિમાન છે, સ્વતંત્ર છે, સર્વજ્ઞ છે અને નિર્ગુણ નિરાકાર છે.

**જગત** : વેદ જણાવે છે કે બ્રહ્માંડની રચના પૂર્વે પરબ્રહ્મ પરમાત્મા એકલા જ હતા. એકલાથી રમણ કરી શકાય નહીં, રમણનો આનંદ આવે નહીં માટે પોતે અનેક રૂપ ધારણ કરવાની ઇચ્છા કરી અને પોતાના સત્ અને ચિત્ સ્વરૂપમાંથી આ સમગ્ર બ્રહ્માંડ પ્રગટ કર્યું. આમ ભગવાન સ્વયંજ પોતાના આનંદ તત્વને તિરોહિત કરી જગતરૂપે પ્રગટ થયા. જેવી રીતે સોનામાંથી ઘરેણાં બનાવવામાં આવે અને ઘરેણાં પાછા ગાળી નાંખતા તે ફરી સોનું બની જાય તેવી જ રીતે બ્રહ્મમાંથી જગત પ્રગટ થયું છે અને ફરી તે બ્રહ્મમાં લય પામે છે. જગતસ્વરૂપ ધારણ કરવાં છતાં બ્રહ્મના મૂળસ્વરૂપમાં કોઇ ફેરફાર કે વિકાર થતો નથી માટે બ્રહ્મને અવિકૃત અથવા અચ્યુત કહેવામાં આવે છે.

બ્રહ્મ પોતેજ જગતરૂપ બન્યા હોવાથી જગત એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. બ્રહ્મ પોતેજ જગતના નાનામોટા સર્વે જડ-ચેતન પદાર્થોમાં જુદા જુદા નામ અને રૂપથી વ્યાપેલા છે. જગત ભગવાનથી અલગ નથી. ભગવાન જગતથી અલગ નથી. માટે જગત ભગવત્કાર્ય અને ભગવદ્ રૂપ હોવાથી સત્ય છે. તે મિથ્યા હોઇ શકે નહીં.

જેમ કરોળીયો પોતાની ઇચ્છાથી પોતાના મોંમાથી લાળ કાઢી તેને વિસ્તારી જાળ બનાવે છે અને ફરીથી પોતાના મોંમાં તેને લીન કરી દે છે, તેજ પ્રમાણે બ્રહ્મ પોતાનામાંથી આ જગતને પ્રગટ કરે છે, તેનો વિસ્તાર કરે છે અને ફરી પાછું જગતનો પોતાનામાંજ લય કરે છે.

આમ જગતએ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે.

**જીવ :** જેમ ભગવાનના સત્ તત્વમાંથી જગતના જડ પદાર્થો બન્યા છે, તેમ તેમના સત્ અને ચિત્ તત્વોમાંથી પ્રાણી અને મનુષ્યો બનેલા છે. ભગવાને પોતાના ચિત્ અંશમાંથી ચેતન પદાર્થો - જીવ સૃષ્ટિની રચના કરી છે. આમ જીવ એ મુલતઃ ભગવાનનોજ અંશ છે.

જેમ સળગતા કોલસામાંથી એકી સાથે અસંખ્ય તણખા ઝરે છે તેમ સૃષ્ટિની રચના સમયે ભગવાનમાંથી અસંખ્ય ચિત્ અંશની પ્રધાનતા વાળા અસંખ્ય જીવો છુટા પડ્યા છે. તેમાં ભગવાનનો આનંદ અંશ અને તેમના ગુણો તિરોહિત થયેલા છે. આ વાતને હજારો વર્ષ વીતી ગયા હોઇ અજ્ઞાનવશ જીવ ભગવાનને ભુલી ગયો છે અને પોતાને સ્વતંત્ર માની બેઠો છે.

જીવ ભગવાનનોજ અંશ હોઇ તે નિત્ય છે. તેનો કદી પણ નાશ થતો નથી. જન્મ-મરણ, બાળપણ-યુવાની ઇત્યાદિ શરીરના ધર્મો છે. તે જીવના ધર્મો નથી. જ્ઞાન એ જીવનો ધર્મ છે. જીવમાં

આનંદ અંશનો આવિર્ભાવ થતાં તે ફરી બ્રહ્મસ્વરૂપ બની જાય છે.

**સંસાર :** સામાન્યતઃ આપણે જગત અને સંસાર એકજ વસ્તુના બે નામો સમજતાં હોઇએ છીએ પણ આ માન્યતા ખોટી છે. જગતની વ્યાખ્યા ઉપર બતાવવામાં આવી છે. તે બ્રહ્મનું સ્વરૂપ હોઇ સત્ય છે. જ્યારે સંસાર એ 'હું' અને 'મારૂં' એ માન્યતાને આપવામાં આવેલો શબ્દ છે જે એક ભ્રમ માત્ર હોઇ મિથ્યા છે. અવિદ્યા અથવા અજ્ઞાનને કારણે મનુષ્યમાં 'હું પણા' નો ભાવ જાગે છે. તેને 'અહંતા' કહેવાય છે. તેજ પ્રમાણ 'મારાપણું' એટલે 'મમતા'. શ્રીમહાપ્રભુજીએ આ અહંતા મમતાની માન્યતાને સંસાર કહ્યો છે, જે વાસ્તવમાં ભ્રમ માત્ર હોઇ તે મિથ્યા છે. આપણી ચારે બાજુ જે કાંઇ છે તે ભગવાને બનાવેલું છે, ભગવાનમાંથી બનેલું છે, ભગવાનનું પોતાનું જ છે. જીવ જ્યારે પોતેજ ભગવાનમાંથી ઉત્પન્ન થયેલ ભગવાનનો અંશ હોય ત્યારે જીવનું સ્વતંત્ર અસ્તિત્વ કયાં રહ્યું કે જીવનું પોતાનું કાંઇ ક્યાંથી હોઇ શકે ? માટે આ પ્રકારના મિથ્યા સંસારનો ત્યાગ કરવાની શ્રીવલ્લભાચાર્યજીએ સલાહ આપી છે.

**શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ**ના મુખ્ય સિધ્ધાંતોને સંક્ષિપ્તમાં આ રીતે સમજી શકાય.

૧) બ્રહ્મ સ્વતંત્ર છે સત્ય છે, સર્વ વ્યાપ્ત છે તેમજ સર્વ સામર્થ્યવાન છે. તેમાં સત્ (જડત્વ), ચિત્ (ચેતન) અને આનંદ આ ત્રણ તત્વો વિદ્યમાન છે.

૨) જગત બ્રહ્મરૂપ હોઇ સત્ય છે પણ મિથ્યા નથી.

૩) જીવ બ્રહ્મનો અંશ છે અને તેમના સત્-ચિત્ તત્વોમાંથી બનેલો છે. તેમાં બ્રહ્મનું આનંદ તત્વ તિરોહિત થયેલું છે. તે બ્રહ્મમાંથી વિખુટો પડેલો છે.

૪) જગત અને જીવ બ્રહ્મમાંથી પ્રગટ થયેલાં છે.

૫) જગતના પ્રત્યેક જડ-ચેતન પદાર્થમાં જુદા જુદા નામ અને રૂપે પરમાત્મા વ્યાપ્ત છે.

૬) આ હું કરૂં છું (અહંતા) અને આ મારૂં છે (મમતા) એમ માનવું તેનું નામ સંસાર છે અને તે આપણો ભ્રમ માત્ર હોઇ મિથ્યા છે.

૭) માયા ભગવાનની શક્તિ છે. માયાના આવરણને કારણે આપણે જગતમાં વિલસતાં બ્રહ્મના સ્વરૂપનું દર્શન કરી શકતાં નથી.

આ પ્રમાણે જીવ-જગત એ ભગવાનની પોતાની ઇચ્છા ના કારણે પોતાનામાંથી પોતાના રમણ માટે, પોતાના આનંદ માટે ઉત્પન્ન થયેલ વ્યવસ્થા છે. તેનું અસ્તિત્વ ભગવાનની પોતાની ઇચ્છા રહે ત્યાં સુધીનું છે અને તેઓ ઇચ્છે ત્યારે તેમનામાંજ તે લય પામે છે.

જીવમાં ભગવાનનો આનંદઅંશ તિરોહિત હોવાથી તે સંસારની આધિ-વ્યાધિ અને ઉપાધિમાં અટવાતો રહે છે. જન્મમરણના ચકરાવામાં ફરતો રહે છે. તેમાંથી મુક્ત થવા તેણે ભગવાનના આનંદતત્વને પ્રાપ્ત કરવું જોઇએ. ત્યારે જ ફરીને તે બ્રહ્મરૂપ બની શકે. એ આનંદ તત્વ તેને ભગવાન પાસેથીજ પ્રાપ્ત થઇ શકે માટે ભગવાનને મેળવવા એજ એક માત્ર જીવનું કર્તવ્ય કહી શકાય.

સર્વતંત્ર સ્વતંત્ર સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપને કંઇ રીતે પામી શકાય એ વિચારણીય પ્રશ્ન છે. જીવ પોતાની સીમિત શક્તિથી બ્રહ્મના સ્વરૂપને પામી શકતો નથી. વિવિધ પ્રકારના સાધનો દ્વારા પણ તેમને પામી શકવું અશક્ય છે. જો ભગવાન સ્વયં જે જીવ ઉપર કૃપા કરે તો તેને ભગવાનની પ્રાપ્તિ થઇ શકે છે. કારણ કે શ્રુતિઓ કહે છે, **'નાયમાત્મા પ્રવચનેન લભ્ય ન**

**મેધયા, ન બહુના શ્રુતેન, યમે વૈષ વૃણુતે તેન લભ્ય'**, અર્થાત ભગવાન જેના ઉપર કૃપા કરે તેનેજ તે પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રભુની કૃપા મેળવવા વેદ ઇત્યાદિ પ્રમાણ ગ્રંથોના આધારે પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ બતાવ્યો છે. સારસ્વતકલ્પમાં શ્રીમદ્ ગોકુળમાં શ્રીયશોદાજીને ત્યાં નંદનંદન શ્રીકૃષ્ણ રૂપે સાક્ષાત પુર્ણપુરૂષોત્તમ પરબ્રહ્મ પરમાત્માજ પ્રગટ થયા હતા. તેથી તેમની દિનતાપૂર્વક દાસભાવથી સેવા કરવી તે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાનો સરળત્તમ ઉપાય આપે બતાવ્યો છે. માટેજ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે– 'હંમેશાં સર્વાત્મભાવથી શ્રીગોકુલેશ્વર એવા શ્રીકૃષ્ણચંદ્રના ચરણવિંદનું સ્મરણ અને સેવા કરવી જોઇએ'.

*

'જીવની પ્રવૃત્તિ આનંદ માટે જ છે અને આનંદ ભગવાનમાંજ છે બીજે કયાંય નથી... જીવનો આનંદ તિરોહિત છે, જયારેજડમાં તો આનંદની ગંધાપણ નથી. છતાં ઝાંઝવા પેઠે જેમ અત્યંત જળરહિત ભૂમિમાં ભ્રાંતોને જળની પ્રતિતિ થાય છે તેમ માલા, ચંદન વિગેરેમાં પણ આનંદ છે એમ લોકો ભૂલે છે. સર્વ પોતાની અંદર હોય તે જ આપી શકે છે, પણ ન હોયતે આપતું નથી. તેથી વિદ્વાનો આ મર્મને જાણી આનંદના નિધી એવા ભગવાનની ચરણની સેવા કરે છે... વેદોકિત પ્રમાણે પણ ભગવાનના ચરણવિંદથી અધિક બીજે ક્યાંય આનંદ નથી.

જીવો ગુપ્ત આનંદવાળા છે. જગત આનંદ વિનાનું છે. હરિ પૂર્ણ આનંદવાળા છે. તેથી સુખ ઇચ્છનાર જીવોએ શ્રીહરિની સેવા કરવી યોગ્ય છે'.

પુષ્પ - ૨૦

# ❋ પુષ્ટિમાર્ગ અને જીવન વ્યવહાર ❋

માનવ જીવન ખુબજ અટપટું છે. મનુષ્ય જન્મ લે છે ત્યારથી તે મૃત્યુ પામે તે દરમ્યાન અનેક પ્રકારના અનુભવો તેને થાય છે. બાળપણમાં તેની વૃત્તિઓ સાવ નિર્દોષ હોય છે. તે માતા-પિતાને આધારિત થઇ રહે છે. વય વધતાં આસપાસના વાતાવરણથી તે પ્રભાવિત થાય છે. તેના ગમા-અણગમા વધે છે આ મારૂં છે, આ તારૂં છે, તેવી ભાવના તેનામાં જાગ્રત થાય છે. અભ્યાસ દરમ્યાન સ્કુલ કોલેજમાં અનેક લોકોના સંસંર્ગમાં તે આવે છે. તેના મન ઉપર અનેક પ્રકારના સંસ્કારોની છાપ પડે છે. તે કામ ક્રોધ લોભ-મોહ ઇત્યાદીથી ગ્રસ્ત થાય છે. જન્મના સંસ્કારો અને બાહ્ય વાતાવરણની અસર બન્ને વડે તેના વ્યક્તિત્વ નું ઘડતર થાય છે. લગ્ન કરી તે સંસાર માંડે છે, તેમજ વ્યાપાર ધંધામાં પ્રવૃત્ત થતાં અનેક લોકોની સાથે વિશેષ સંબંધો બંધાય છે. અનેક પ્રકારના કાવાદાવાથી તેનું જીવન વધુ જટીલ બને છે. ક્યારેક મનમાં સુખ અને આનંદની અનુભુતિ કરે છે. તો ક્યારેક મન દુઃખ અને વિષાદની લાગણીઓથી આવૃત થઇ જાય છે. ઉંમર વધતાં ગાત્રો ઢીલા પડે છે. ક્યારેક સંતાનો પાસે પરવશતા અનુભવે છે. સમગ્ર જીવનકાળ દરમ્યાન પોષેલો અહંકાર ઓગળવા માડે છે. શારિરિક અને માનસિક નિઃસહાયતાનો અનુભવ થવા માંડે છે. ત્યારે મોંડે મોડે મનમાં વિચારે છે કે 'હે પ્રભુ તુંજ મારો

એક આશરો છે'. મૃત્યુની નિશ્ચિતતા મનને ઘેરી લેતાં તે પોતાના વિતેલા જીવનના લેખાજોખા કરવા માંડે છે. શું મેળવ્યું અને શું ખોયું તેનો હિસાબ માંડવા લાગે છે. ક્યારેક એવો પણ અનુભવ કરે છે કે 'મેં મારૂં સમગ્ર જીવન વેડફી નાંખ્યું. જેને હું મારૂં મારૂં કરી પોરસાતો હતો, તે સર્વ કાંઇ એક પછી એક મારો સાથ છોડવા માંડયાં છે. સ્ત્રી. પૂત્ર, સગાવહાલા સૌ પોત-પોતાનામાં રાચેલાં રહે છે. દ્રેહ-ઇન્દ્રિયો પણ શિથીલ થતાં મારો સાથ છોડી દેવા માંડ્યાં છે. એકઠી કરેલી અઢળક સંપત્તિ પણ મારી આધિ-વ્યાધિ અને ઉપાધીઓમાંથી મને મુક્ત કરાવી શક્તી નથી. હવે એક દિવસ આ સર્વ કાંઇ અહિંજ મુકી મારે એકલાએજ ચાલ્યા જવાનું છે.'

જ્યારે આવું આત્મજ્ઞાન મનુષ્યને થાય છે ત્યારે ખુબજ મોડું થઇ ગયું હોય છે. સમગ્ર જીવન વેડફી નાંખ્યાનો હવે અફસોસ થાય છે. અજ્ઞાનવશ કરેલા કર્મો આંખ સામે તરવા માંડે છે. પ્રત્યેક મનુષ્યના જીવનની આ ઘટમાળ છે.

મનુષ્ય જીવન ખુબજ મુલ્યવાન છે. જન્મ-મરણ ના ચકરાવામાં અનેક યોનીઓમાંથી પસાર થયા પછી આ અમુલ્ય મનુષ્ય યોની પ્રાપ્ત થાય છે. ભગવાને મનુષ્યને વિરલ બુધ્ધિનું દાન કર્યું છે. તેને સારાસારનો વિચાર કરવાની શક્તિ પ્રદાન કરી છે. તેના આધારે આ સૃષ્ટિના સંચાલન વિશે, પોતાના સ્વરૂપ વિશે, આ જગતની વાસ્તવિક્તા વિશે વિચારવાની ક્ષમતા તેને પ્રાપ્ત થયેલી છે. ત્યારે જીવનને યથાર્થ રૂપે મુલવવાની અમુલ્ય તક તેને ખોવી ન જોઇએ.

સૃષ્ટિના ઘટનાક્રમ વિશે પાયામાંથીજ જો વિચાર કરવા બેસીએ તો કોઇ નિષ્કર્ષ ઉપર પહોંચવા માટે કેટલાય જન્મો લેવા પડે અને છતાંય કોઇ ચોક્કસ નિર્ણય ઉપર આવવું મુશ્કેલ બને.

આજે વિજ્ઞાને અનેક પ્રકારની સિધ્ધીઓ હાંસલ કરી છે. આજ સુધી પ્રાપ્ત થયેલ હકિકતોને સ્વિકારી આપણે આગળ વધવું જોઇએ. જો તે સિધ્ધાંતોની નવેસર ચકાસણી કરવા જઇએ તો આ જીવન તેને માટે અપુરતું છે. તેજ પ્રમાણે હજારો વર્ષોથી આપણા ઋષિમુનીઓએ, આચાર્યોએ આપણા પ્રાચિન ગ્રંથોનું મનન, ચિંતન કરી, તેનું તત્વજ્ઞાન આપણી સમક્ષ મુક્યું છે. આપણે તે, દર્શનનો આધાર લઇ આપણા જીવનની વાસ્તવિક્તાને મુલવવાની છે અને ત્યારેજ આપણે આપણા ટુંકા જીવન કાળમાં કોઇ ચોક્કસ અભિગમ અપનાવી સાચી પરિસ્થિતિનું મુલ્યાંકન કરી શકીશું અને તેના સંદર્ભમાં કોઇ ચોક્કસ લક્ષને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનીશું.

દુનીયાની પ્રત્યેક જાતિએ જીવનમાં ધર્મનું અવલંબન સ્વિકાર્યું છે. પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના સંસ્કાર, માન્યતા અને આસ્થાને આધારે કોઇને કોઇ ધર્મને સ્વિકારે છે. દુનીયાના વિવિધ ધર્મોની પ્રત્યેક વિચારધારા મનુષ્યને ઇશ્વરના અસ્તિત્વનો સ્વિકાર કરવા બાધ્ય કરે છે, કારણ કે સૃષ્ટિના વિશાલ અને જટીલ સંચાલનનું વ્યાપક રૂપ મનુષ્યની કાર્યશક્તિની પહોંચ બહારનું છે. એ વિશે મનુષ્ય પોતાની જાતને પાંગળો મહેસુસ કરે છે અને એટલેજ તેને એક સર્વશક્તિમાન વ્યક્તિત્વનો સ્વિકાર કર્યા વગર ચાલે તેમ નથી.

પ્રત્યેક ધર્મ મનુષ્યને ઇશ્વર તરફ વળવાનો નિર્દેશ કરે છે, તેનું અવલંબન સ્વિકારવાનો બોધ આપે છે, તેની મહેરબાની, કૃપા મેળવવાની આવશ્યકતા સમજાવે છે.

હિન્દુ ધર્મ સનાતન એવા વેદ ધર્મ પર આધારિત છે. ઇશ્વરના સાતત્યને સ્વિકારી તેની વાણીરૂપ વેદ એ હિન્દુધર્મના તત્વજ્ઞાનનો પાયો છે. હિન્દુધર્મની વિવિધ વિચારધારાઓનો શ્રોત વેદ છે. પ્રત્યેક વિચારધારા વિવિધ આચાર્યોના મનન-

ચિંતન ઉપરથી ઘડાયેલી છે. એક સરખા પ્રમાણોનો આધાર લેવા છતાં પોતપોતાની સમજના આધારે સૌ એ વેદ-વેદાંતની બાબતોનું અર્થઘટન કરી જીવ-જગત અને ઇશ્વર વિશેનું તત્વજ્ઞાન સમજાવ્યું છે. તેના સંદર્ભમાં આપણે આપણા જીવનનું મુલ્યાંકન કરવાનું છે, આપણા 'સ્વ' ને ઓળખવાનો છે, મર્યાદાઓને સ્વિકારવાની છે અને તે મુજબનું આપણું આચરણ બનાવવાનું છે જેથી અનેક યોનીમાં ભટકયા પછી પ્રાપ્ત થયેલું મનુષ્યજીવન બરબાદ ન થાય, આપણો જન્મારો એળે ન જાય અને આપણે જીવન મરણની આ-ઘટમાળમાંથી મુક્ત થઇ શકીએ.

આ વિશે આપણા શાસ્ત્રોએ વિવિધ રસ્તાઓ બતાવ્યા છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ ઇત્યાદી વિવિધ માર્ગોને અપનાવી મનુષ્યને જન્મમરણના ચકરાવામાંથી મુક્ત થવાના એટલે કે મોક્ષ પ્રાપ્ત કરવાના રસ્તાઓનો આપણા ઋષિમુનીઓએ નિર્દેશ કર્યો છે. આ પ્રત્યેક માર્ગોની અમુક મર્યાદાઓ છે, તેના વિધી-વિધાન છે, તેના ચોક્કસ નિયમો છે. આજની દેશ કાળ પરિસ્થિતિમાં એ મર્યાદાઓનું, તેના નિયમોનું પાલન અતિ દુઃષ્કર છે. જપ, તપ, ત્યાગ, વૈરાગ્ય, સંન્યાસ ઇત્યાદી પ્રક્રિયાઓ અત્યારના યુગમાં સામાન્ય મનુષ્ય માટે આચરવી મુશ્કેલ છે. ત્યારે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદની વિચારધારા જગતને આપી છે અને તેના આધારે મનુષ્ય જીવનના ઉત્કર્ષ માટે પુષ્ટિમાર્ગનો વ્યવહારૂ રસ્તો બતાવ્યો છે. તેના ઉપર ચાલી મનુષ્ય પોતાના જીવનને યથાર્થરૂપમાં સમજી શકે છે અને ભગવદ્ પ્રાપ્તિની દિશામાં પ્રશસ્ત થઇ શકે છે.

શ્રીવલ્લભાચાર્યજીએ આપણને ખુબજ મહત્વનું તત્વજ્ઞાન સમજાવ્યું છે. આ જગત એ ભગવાનનું રૂપ હોઇ સત્ય છે. તેને મિથ્યા માનવાની જરૂર નથી. જગતમાં સર્વત્ર અલગ અલગ નામ અને રૂપથી પરમાત્મા વ્યાપ્ત છે, રમી રહ્યા છે. આ તેમના

પોતાના રમણ માટેની અદ્‌ભુત લીલા છે. એટલે જગતમાં રહેવા જેવું છે, તેમાં જીવવા જેવું છે. વૈરાગ્ય લઇ તેને છોડવાની જરૂર નથી.

આપશ્રીએ કહ્યું છે કે બ્રહ્મનું સ્વરૂપ રસાત્મક છે. તે આનંદનું ઘનીભુત રૂપ છે અને એટલે સુંદર છે. જગતના પ્રત્યેક પદાર્થમાં જો બ્રહ્મનો વાસ હોય તો તે આનંદરૂપ અને સુંદરજ હોય. આપણે તે સુંદરતાને જોવાની દ્રષ્ટિ કેળવવી જોઇએ, એ સુંદરતાને માણવી જોઇએ.

જગતના રંગમંચ ઉપર ભગવાને પોતાના આનંદ માટે આ એક વિસ્તૃત નાટકની રચના કરી છે. જગતના જીવો પણ ભગવાનના અંશ હોઇ મુળભુત રૂપે દુષ્ટ કે અવગુણી હોઇ શકે નહીં, પરંતુ ભગવાને પોતાના આનંદ માટે પ્રત્યેક જીવને વિવિધ પ્રકારના પાત્ર ભજવવા આપ્યા છે, માટે દરેક જીવ તે પ્રકારે વર્તવા બાધ્ય છે. કોઇ પણ જીવ સ્વતંત્રપણે કશુંજ કરી શક્તો નથી. જો ભગવાનની ઇચ્છા મુજબજ વર્તવાનું હોય છે. આપણે જો ભગવાનની આ લીલાને સમજી શકીએ અને તેમાં વિશ્વાસ ધરાવીએ તો દુનીયામાં આપણને કોઇના દોષ દેખાશે નહીં. આપણામાં સૌના ગુણ જોવાનો સ્વસ્થ દ્રષ્ટિકોણ વિકસશે. આપણામાં પ્રેક્ષક ભાવ જાગશે તો જગતમાં બનતા બનાવોને સાક્ષીરૂપે તટસ્થતાથી જોઇ શકીશું, તેને માણી શકીશું, તેમજ આપણે પણ આપણને મળેલા પાત્રને તટસ્થભાવે વધુ કુશળતાપૂર્વક ભજવી શકીશું. જગતમાં સાક્ષી ભાવે તટસ્થતાપૂર્વક રહેવું ખુબજ આવશ્યક છે અને તે ત્યારેજ બની શકે જ્યારે આપણે પ્રભુની લીલાને યથાર્થ રૂપમાં સમજી શકીએ.

શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું છે કે પ્રત્યેક જડ-ચેતન પદાર્થમાં બ્રહ્મ અંતર્યામી સ્વરૂપે રહેલા છે. તે પોતાની

ઇચ્છા મુજબજ જીવ પાસે કાર્ય કરાવે છે. જીવ પોતાની બુધ્ધિથી કે શક્તિથી કશુંજ કરી શકતો નથી. આથી પ્રત્યેક વ્યક્તિનું વર્તન પ્રભુ પ્રેરિતજ હોય છે. આમ વિચારીએ તો આપણને કોઇના ઉપર અભાવ નહી આવે. જગતમાં સર્વ કાંઇ કેવળ પ્રભુની ઇચ્છાથીજ થાય છે. તો પ્રભુની ઇચ્છાનો સ્વિકાર કરી આપણે જીવવું જોઇએ. પ્રભુ ક્યારેય કોઇનું અહિત કરતાંજ નથી એવો દ્રઢ વિશ્વાસ આપણે કેળવવો જોઇએ અને જો આવી માન્યતા આપણા મનમાં દ્રઢ થઇ જશે તો આપણામાં ધીરજપૂર્વક દુ:ખોને સહન કરવાની હિંમત રહેશે.

શ્રીમહાપ્રભુજીએ એક અન્ય દ્રષ્ટિકોણ પણ આપણને આપ્યો છે. જીવ પ્રભુનો અંશ છે. તે પ્રભુમાંથી છુટો પડયો છે. માટે તે પ્રભુનો દાસ છે. પ્રભુ તેનો સ્વામી છે. જીવે પુન: પ્રભુને પ્રાપ્ત કરવાના છે. માટે તેને પ્રભુની શરણાગતિ સ્વિકારવી જોઇએ. પોતાની અહંતા-મમતા પ્રભુને સમર્પણ કરી દેવી જોઇએ. પોતાની 'હું પણા'ની અને 'મારાપણા'ની ભાવના મિથ્યા છે, તે સમજવું જોઇએ અને જે કાંઇ વસ્તુ પદાર્થને તે પોતાના ગણી બેઠો છે તે સર્વનું પ્રભુને સમર્પણ કરી પોતે પ્રભુના સુખ માટે જીવવું જોઇએ. જીવનની પ્રત્યેક ક્ષણને જીવનના પ્રત્યેક વ્યવહારને પ્રભુમય બનાવી જીવવું જોઇએ. પ્રભુની શરણાગતિ અને પ્રભુને સર્વ સમર્પણ એજ જીવ માત્રનું સાચું કર્તવ્ય છે. શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞાને જો આપણે સાચા સંદર્ભમાં સમજી તેનું આચરણ કરીએ તો યથાર્થરૂપમાં જીવનને માણી શકીએ.

શ્રીમહાપ્રભુજીનું આ તત્વદર્શન અન્ય વિચારધારાઓથી વિલક્ષણ છે. મનુષ્યે શાસ્ત્રોમાં બતાવેલા પ્રત્યેક આશ્રમોનું પાલન કરવાનું છે. ગૃહસ્થ તરીકેની પોતાની સર્વે જવાબદારીઓ નિભાવવાની છે. કુટુંબનું સંવર્ધન, પાલન, પોષણ, અર્થોપાર્જન ઇત્યાદી પ્રત્યેક આવશ્યક કાર્ય તેને પરિપુર્ણ કરવાના છે.

જીવનની પ્રત્યેક જવાબદારીઓ તેને નિષ્ઠાપુર્વક નિભાવવાની છે. પ્રત્યેક ફરજો તેને બજાવવાની છે. તેનાથી દુર ભાગવાની, તેનો ત્યાગ કરવાની કે તે પ્રત્યે ઉદાસીન રહેવાની આવશ્યક્તા નથી. એક માત્ર જીવનના પ્રત્યેક આયામ પ્રત્યે આપણે આપણો દ્રષ્ટિકોણ બદલી નાંખવાની જ આવશ્યક્તા શ્રીમહાપ્રભુજીએ બતાવી છે. જે કાંઇ કાર્ય મનુષ્ય પોતાના માટે, પોતાના સુખ કે શોખ માટે કરતો રહ્યો છે તે પ્રત્યેક ક્રિયાઓ યથાવત રાખી તેનું નિમિત્ત પોતાના પ્રભુને બનાવવાનું છે. લગ્ન અને પ્રજોત્પત્તિ એટલા માટે કે પ્રભુની સેવામાં સહાયક પ્રાપ્ત થાય, ખોરાક એટલા માટે લેવાનો કે શરીર પ્રભુની સેવાને લાયક રહે, સારા વસ્ત્રો એટલા માટે પહેરવાના કે તેથી પ્રભુ રાજી થાય, અત્તરનો શોખ હોયતો તે પણ એટલા માટે કે પોતાની દુર્ગંધથી પ્રભુને અસુખ ન થાય. અર્થોપાર્જન પણ પ્રભુને વિવિધ પ્રકારે લાડ લડાવી શકાય તે માટે. આમ જીવનની પ્રત્યેક ક્રિયાઓમાં કેવળ પોતાના પ્રભુજ કેન્દ્ર સ્થાને હોય. પ્રત્યેક કાર્યનો દ્રષ્ટિકોણ પ્રભુના સુખનો જ હોય. જીવનનો પ્રત્યેક વ્યવહાર જો પ્રભુમાં યોજીને કરવામાં આવે તો આપણું 'હું' અને 'મારૂં' સહજપણે ઓગળી જાય છે. આપણી અહંતા મમતાની નિવૃત્તિ થઇ જાય છે. આપણું લક્ષ આપણા પ્રભુ બની જાય છે. અહર્નિશ આપણા મનમાં આપણા પ્રભુના વિચારોજ ઘુમતા રહે છે. ધીરે ધીરે આપણું ચિત્ત આપણા પ્રભુમાં એકાગ્ર થતું જાય છે. આપણા મનનો ભગવાનના સ્વરૂપમાં નિરોધ થતાં આ જગતના પ્રપંચની વિસ્મૃતિ થતી જાય છે અને તેથી પ્રભુ તરફ આગળ વધવાનો માર્ગ મોકળો થતો જાય છે.

પુષ્ટિમાર્ગ એ થોડી મીનીટ કે કલાક માટે આચરવાની ક્રિયા માત્ર નથી. તે જીવન પ્રત્યેનો વિશિષ્ટ દ્રષ્ટિકોણ છે. તે જીવન જીવવાની એક અનેરી શૈલી છે. જ્યારે પ્રભુની શરણાગતિ

સ્વિકારી લઇએ છીએ ત્યારે નિર્ભયતા આવે છે. માનસિક પરિતાપ દુર થઇ જાય છે. કોઇ પ્રકારનો ડર રહી શક્તો નથી. પ્રભુજે કરશે તે યોગ્યજ કરશે તેવો અટલ વિશ્વાસ કોઇ પણ પ્રકારના દુઃખને સહન કરવાની ક્ષમતા વધારશે, મનને વિચલીત નહીં થવા દે. પ્રભુનો દ્રઢાશ્રય મનની ખુમારી ને અનેક ઘણી વધારશે. હજાર હાથનો ધણી જેના માથે બિરાજતો હોય તેને શેની ચિંતા હોઇ શકે ?

શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે પુષ્ટિમાર્ગમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થો પ્રભુ સ્વયં જ છે. ભગવદ્ સેવાએ મનુષ્યનો ધર્મ, પ્રભુ સ્વયં, જે સર્વ કાંઇ કરવાને શક્તિમાન છે, તે જ મનુષ્યનો અર્થ, કેવળ પ્રભુના સુખનો જ વિચાર એ કામ અને ભગવદ્ પ્રાપ્તિ એ 'પુષ્ટિમાર્ગીય મોક્ષ' છે. આમ ભગવદ્ સેવાથીજ મનુષ્યના ચારેય પુરૂષાર્થો સિધ્ધ થઇ જાય છે.

આ કારણથી મનુષ્ય પોતાના જીવનમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિધ્ધાંતોને સારી રીતે સમજી તે મુજબ પુષ્ટિમાર્ગના પંથે પ્રશસ્ત થાય અને તે પ્રમાણેના વિચાર અને આચારને વ્યવહારમાં ગ્રહણ કરે તો ચોક્કસ ભગવદ્ કૃપા પ્રાપ્ત કરવા માટે સૌભાગ્યશાળી બને અને પરમ સિધ્ધિને પામી શકે.

*

'શ્રી હરિ પોતાની ઇચ્છા મુજબ જ જગતમાં બધું કરે છે. એમ સમજી, જીવનમાં બનતી બધી ઘટનાઓને સ્વીકારવી તેનું નામ વિવેક. આમજ થતું હોવાથી મૃત્યુ પર્યંત હંમેશા ત્રણે પ્રકારના દુઃખો સહન કરવાં તેનું નામ ધૈર્ય. આવી પરિસ્થિતિમાં અશક્ય અને સુશક્ય બાબતોમાં હંમેશા શ્રી હરિનું શરણ સ્વીકારવું તે આશ્રય. શ્રી હરિમાં કદી અવિશ્વાસ ન કરવો'.

પુષ્પ - ૨૧

# ✵ પુષ્ટિમાર્ગના પાયાનું ઘડતર ✵

શિક્ષણ મનુષ્યને સંસ્કારી બનાવે છે, સૌજન્ય શીલ બનાવે છે. આપણે બાળકોને સ્કુલ કોલેજમાં મોકલી ભણાવીએ છીએ, તેનો એક ચોક્કસ હેતુ હોય છે. તે એક સારો એન્જીનીયર, વકીલ કે ડૉકટર બને એટલું જ પુરતું નથી પરંતુ તે એક સારો માણસ બને, એક સાચો વૈષ્ણવ બને તે પણ આવશ્યક છે.

બાળકોને સ્કુલ-કોલેજનો અભ્યાસ તેમને જીવનમાં ભૌતિક પ્રાપ્તિ થાય તે માટે હોય છે. તેનાથી ડીગ્રી મળે છે, જે નોકરી ધંધામાં ઉપયોગી થાય, સમાજમાં મોભો અપાવે, કીર્તિ અપાવે. આ પેટની વેઠના ઉપાય છે. પરંતુ સ્કુલનું ભણતર મનુષ્યને પ્રમાણિક, શીલવાન કે સંસ્કારી બનાવવામાં કે તેના ચારિત્ર ઘડતરમાં ઉપયોગી નિવડતું નથી. આજની શિક્ષણ પધ્ધતિમાં બાળકોને સારા સંસ્કાર મળે તેવી કોઇ વ્યવસ્થા હોતી નથી. ખાસ કરીને ધાર્મિક સંસ્કારોની તો કાંઇજ પ્રાપ્તિ થતી નથી. આવા ધાર્મિક સંસ્કારોવાળા પાયાના ઘડતરના અભાવમાં બાળકો સહજ પણે બાહ્ય વાતાવરણના રંગમાં સહેલાઇથી રંગાઇ જાય છે, અન્ય ધર્મનું અનુકરણ કરતા થાય છે અથવા સ્વચ્છંદ બને છે.

આવા સંજોગોમાં બાળકોને ધાર્મિક શિક્ષણ આપણા પોતાના ઘરમાંથીજ મળી રહે અથવા કોઇ પુષ્ટિમાર્ગીય પાઠશાળા ચાલતી હોય ત્યાં મોકલીને પ્રાપ્ત કરાવવાની અત્યંત આવશ્યકતા છે.

બાળકોમાં નાનપણથી સારી ટેવો પડે, તેમનામાં સારો વ્યવહાર કરવાની આવડત આવે, તેમનામાં ભગવદ્ ભાવ જાગે, તેઓ ધાર્મિક પરંપરાઓથી માહિતગાર થાય અને તેઓને પુષ્ટિધર્મના સિધ્ધાંતોનું જ્ઞાન પ્રાપ્ત થાય જેથી તેઓનો આધ્યાત્મિક વિકાસ થાય તે જોવું તે પ્રત્યેક મા-બાપની પવિત્ર ફરજ છે. જો બાળપણમાંજ તેઓમાં વૈષ્ણવી સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો તેઓ મોટા થયે જીવનમાં યથાર્થ અભિગમ અપનાવી પોતાના જીવન વ્યવહારને ધર્મયુક્ત બનાવી વિપરીત સંજોગોમાં પણ માનસીક સમતુલા જાળવી સાચુ સુખ અને આનંદ પ્રાપ્ત કરી શકશે.

એક સાચો વૈષ્ણવ બનવા માટે સારા માણસ બનવાની આવશ્યક્તા છે. તેની રીતભાત, રહેણીકરણી, બોલચાલ, પ્રાણીમાત્ર સાથેનો વ્યવહાર સૌજન્યપુર્ણ હોય, વિવેકી હોય, તે ધૈર્યવાન અને ભગવાનમાં દ્રઢ આશ્રય રાખવાવાળો બને તે ખુબજ જરૂરી છે. બાળકોમાં આવા સદ્ગુણો વિકસે તે પ્રત્યે સંપુર્ણ લક્ષ આપવું આવશ્યક ગણાય.

બાળકોને કેવળ પુસ્તકીયા જ્ઞાન આપવું જ પુરતું નથી પરંતુ તેઓમાં સારા સંસ્કાર પડે તે પ્રત્યે ધ્યાન આપવું જોઇએ. તેઓને જીવન વ્યવહારની ઝીણામાં ઝીણી બાબતો શીખવાડવી જોઇએ. એક સારા માણસમાં કેવા સદાચારના ગુણો હોવા જોઇએ, એક વૈષ્ણવ તરીકે ઓછામાં ઓછો કેવો નિત્યક્રમ હોવો આવશ્યક છે ઇત્યાદિ બાળકોને શીખવાડી નાનપણથી તેની આદત પડે તે જોવું જોઇએ. તેમનામાં ધર્મ પ્રત્યે અભિરૂચિ કેળવાય તે વિશે લક્ષ આપવું જોઇએ. બાળકોના કાળજી પુર્વકના ઉછેરથીજ તેઓનો સર્વાંત્રિક વિકાસ સાધી શકાશે.

બાળકો જ્યાં સુધી પરિપકવ ન થાય અને શીખેલી વાતોને સહજ પણે સ્વિકારી તેનું સામાન્ય આચરણ કરતાં ન થાય

ત્યાં સુધી મા-બાપે તથા શિક્ષકોએ તેમના ઉપર સતત નિગરાની રાખવી જોઇએ. તેમને વારંવાર સમજાવતાં રહેવું જોઇએ, તેમના દ્વારા એક ચોક્કસ પ્રકારનાં આચરણ-વ્યવહારનો આગ્રહ સેવવો જોઇએ. નાનપણમાં જે પ્રકારના આચરણ કે વ્યવહારની ટેવો પડશે તેના મુળીયા ઘણાં ઉંડા હશે, જે બાળકનો જીવનભર સાથ નહીં છોડે. આનેજ સુસંસ્કાર કહેવાય છે.

ઉપરોક્ત હેતુ પાર પાડવા વડીલોએ કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી જરૂરી છે. પ્રત્યેક મા-બાપે બાળકોને નીચેની બાબતોમાં પ્રશિક્ષિત કરવા જોઇએ. પ્રશિક્ષણનો મતલબ એકવાર બતાવવું તેમ નથી પરંતુ વારંવાર તે બાબતો પ્રત્યે લક્ષ રાખી તે બાળકની આદત બની જાય તે જોવું છે.

૧) બાળકો રોજ સવારે વહેલા ઉઠે તેવો આગ્રહ રાખવો. તેમને વહેલા ઉઠવાના ફાયદા સમજાવવા જોઇએ.

૨) બાળકોને રોજ સવારે ઉઠી શ્રીજીબાવા, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી તથા ગુરૂદેવના ચિત્રજીના દર્શન કરવા, પોતાના ગળામાં પહેરેલી તુલસીની કંઠીના દર્શન કરી આંખે લગાડતાં શિખવવું. મનમાં બે મિનીટ પ્રભુનું ધ્યાન ધરતાં શિખવવું. (આંખ મીંચી શ્રીજીબાવાના સ્વરૂપને યાદ કરવા કહેવું). મોટા બાળકો જેઓ પ્રાતઃસ્મરણ શીખ્યા હોય તેમને પ્રાતઃસ્મરણ (શ્રીગોવર્ધનનાથ પાદ યુગલં.. તથા શ્રીમદ્ વલ્લભ વિઠ્ઠલો...) બોલતા શિખવવું અને તે રોજ બોલવા ટેવ પાડવી.

૩) બાળકોને માતા-પિતા-વડિલોને બે હાથ જોડી જયશ્રીકૃષ્ણ કહે તેમ શિખવવું અને તેઓ તેમ કરે તેની તકેદારી રાખવી.

૪) બાળકોને સવારે ઉઠી દંતમંજન કરતાં, સંડાસ જઇ સાબુએથી બરાબર હાથ ધોવા, સારી રીતે સ્નાન કરવું વગેરે નિત્યક્રમની બાબતો લક્ષ દઇ શિખવવી અને તેઓ તેમ કરે તેની ચોકસાઇ રાખવી.

૫) બાળકો સ્નાન કરી સ્વચ્છ કપડાં પહેરી મોંમાં ત્રણ વખત ચરણામૃત લે તથા આંખે તેમજ ગળામાં લગાડે તેમ શિખવવું.

૬) બાળકોના ગળામાં તુલસીની કંઠી છે કે નહીં તે જોવું. પ્રત્યેક વૈષ્ણવે શ્રીવલ્લભકુળ પાસે પોતાના બાળકને નામમંત્ર અપાવી કંઠી બંધાવવી આવશ્યક ગણાય. બાળકો તુલસીની કંઠી કાયમ પહેરી રાખે તેનો આગ્રહ રાખવો. તેઓને તેની આવશ્યકતા સમજાવવી.

૭) બાળક સાધારણ સમજણું થાય ત્યારે ગુરૂદેવ પાસે બ્રહ્મસંબંધની દીક્ષા લેવડાવવી. બાળકોને આનો હેતુ સમજાવવો.

૮) મોટા બાળકોને અપરસ (અસ્પૃશ્ય) માટે સ્નાન કરવાની પધ્ધતિ શીખવવી. પાણીને અડક્યા વગર કોઠી કે શાવર દ્વારા સીધા જળથી સ્નાન કરી અપરસમાં સુકવેલા કે રેશમી અથવા કંતાનના વસ્ત્ર પહેરવા સમજ પાડવી. શ્રીઠાકોરજીની સેવા, બેઠકજીમાં ઝારી-ચરણસ્પર્શ કરતાં અપરસ કરવી આવશ્યક હોય છે.

૯) ચરણામૃત લઇ બાળકને તિલક કરતાં શિખવવું અને તેનું મહત્વ સમજાવવું. નાનાબાળક સમજણ ન પડે ત્યાં સુધી તે સ્વિકારતા નથી. નાનપણથી તિલક કરવાની ટેવ પડશે તો તેઓને મોટા થયે શરમ નહીં લાગે કે અજુગતું નહીં લાગે.

૧૦) ચરણામૃત-તિલક પછી બાળકોને નિત્યપાઠ કરવાની ટેવ

પાડવી જોઇએ. ઉંમરના પ્રમાણમાં તે જેટલું ગ્રહણ કરી શકે તેટલું શિખવાડવું અને તે પ્રમાણે કાર્ય કરવાની તેને આદત પાડવી. પ્રાતઃસ્મરણ, મંગલાચરણ, શ્રીયમુનાષ્ટક, કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, નવરત્ન, સિધ્ધાંત રહસ્ય અને શ્રીસર્વોત્તમજી એટલા પાઠ ક્રમશઃ કંઠસ્થ કરાવવા. રોજ અથવા દર ત્રીજે દિવસે કે અઠવાડીયે એક શ્લોક યાદ કરાવવો. બાળકો શુધ્ધ ઉચ્ચારથી બોલે તેનું ખાસ ધ્યાન રાખવું. ઘરનાં બધા સમુહમાં પાઠ કરે તો પણ સમયાંતરે બાળકને યાદ થઇ જાય છે. બાળક પાસે સ્વતંત્ર પણે પાઠ બોલાવવો જેથી તેની ભુલ ઉપર ધ્યાન આપી શકાય અને ઉચ્ચારણ સુધારી શકાય. નાનપણમાં ખોટા ઉચ્ચારોની ટેવ મોટા થતાં તેમજ રહે છે માટે વિશેષ ધ્યાન આપવું.

૧૧) જ્યાં સુધી સ્તોત્ર પાઠ કંઠસ્થ ન થયા હોય ત્યાં સુધી જે વાંચી લખી શકે તેવા હોય તેમને પુસ્તકમાં જોઇને પાઠ કરવાનો આગ્રહ રાખવો, જેથી ધીરે ધીરે પાઠ મોટે થઇ જશે. શરૂઆતમાં બધા પાઠ કરવાની અનુકુળતા ન હોય તો દુરાગ્રહ ન સેવતાં સમય પ્રમાણે પાઠ કરવાનો આગ્રહ કરવો. પરંતુ નિત્ય પાઠ કરવાની ટેવ પડે તે આવશ્યક ગણવી. પાઠ ઉપરાંત બાળકોને એક નાની માળા લઇ આપવી અને એક કે બે માળા અષ્ટાક્ષર મંત્ર 'શ્રીકૃષ્ણઃશરણં મમ'ની કરવાનો આગ્રહ રાખવો જેથી તેઓ એટલું ભગવદ્નામ રોજ લેશે અને નાનપણથી માળા કરવાની આદત પડશે.

૧૨) વૈષ્ણવ ઘરમાં શ્રીપ્રભુની સેવા બિરાજતી હોય તો પણ પ્રત્યેક બાળકને ચિત્રજી કે લાલનનું સ્વરૂપ પધરાવી આપવું. જ્યાં સુધી બાળક પરિપકવ થઇ ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીની વિધીવત સેવા કરવા સક્ષમ ન થાય ત્યાં

સુધી ચિત્રજી કે લાલનને પુષ્ટાવવાની આવશ્યક્તા નથી કારણ કે આ સેવા શિક્ષણ મેળવવા માટે છે. આમાં બાળકોને ઘરમાં થતી સેવાનું અનુકરણ કરી આનંદ પ્રાપ્ત થશે તેમજ સાથે સાથે સેવા સંબંધી રીતભાત, વસ્ત્ર શ્રૃંગારની સમજ, સેવાની મેંડ મર્યાદા તથા વિશિષ્ટ શબ્દોથી તે માહિતગાર થશે. ધીરે ધીરે તેના જીવનમાં ભગવદ્ સેવા વણાતી જશે જેથી તે પુખ્ત બનતાં ઘરમાં બિરાજતા ઠાકોરજીની ટહેલ કરવામાં ઉપયોગી બનશે તેમજ તેમાટે તેની રૂચી પણ કેળવાશે. શરૂઆતમાં બાળકની પ્રભુના સ્વરૂપ સાથેની રમત આગળ જતાં જીવનમાં તેની આવશ્યક્તા બની જશે.

૧૩) સેવાની મેંડ મર્યાદા જાળવવા જતાં બાળક દુર ન હડસેલાઇ જાય કે તે આ વાતથી ડરવા કે ગભરાવા માંડે તેવા કોઇ પ્રત્યાઘાત આપવા નહીં. જો નાનપણથી બાળકોને એમ થાય કે આ ભગવદ્ સેવા કાંઇ વિચિત્ર કાર્ય છે, જેનાથી દુર રહેવું પડે, અડકાય નહીં કે અભડાઇ જવાય એવા ખ્યાલો જો મનમાં પેસી જાય તો તે ભગવદ્ સેવાથી દુર થતો જશે, ક્યારેય ઓતપ્રોત નહીં થઇ શકે અને તે ઉદાસીન કે વિમુખ બની જશે. આ મનોવૈજ્ઞાનિક પ્રતિક્રિયા છે, જેનાથી ખુબજ સાવધાન રહેવું આવશ્યક છે. કદાચ અપરસ છોવાવાના ભોગે પણ બાળકને દુર ન હડસેલવું જોઇએ. અપરસ ફરી કરી શકાશે પણ બાળકના મન પર પડેલા પ્રત્યાઘાત ભુંસાવા મુશ્કેલ છે તે સમજવું જોઇએ.

૧૪) બાળકના પ્રત્યેક સવાલ ઉપર ખુબજ ધ્યાન આપવું જોઇએ. તેની જીજ્ઞાસા સંતોષાય તે રીતે તેને સમજાવવાથી તેનો ઉત્સાહ વધશે. બાળકની વાતને તોડી પાડવી ન જોઇએ નહિંતર તેને સંપ્રદાય વિશે અરૂચી થશે.

૧૫) બાળકોને રાત્રે વાર્તા સાંભળીને સુઇ જવાની ટેવ હોય છે. અન્ય વાતોની સાથે બાળક સમજી શકે તે રીતે ભાગવતજીના પ્રસંગો, કૃષ્ણલીલાની વાતો, ૮૪-૨૫૨ વૈષ્ણવની વાતો તેમને કહેવી જોઇએ.

૧૬) રાત્રે સુતા પહેલાં બાળકો હાથ પગ ધોઇ, ચરણામૃત લઇ, વડીલોને જયશ્રીકૃષ્ણ કહી ચિત્રજીના દર્શન કરી પછી સુઇ જાય તેવો આગ્રહ રાખવો જોઇએ.

૧૭) યથાસંભવ પ્રત્યેક ઘરમાં થોડો સમય પણ રાત્રે સત્સંગ કરવાનો ક્રમ રાખવો જોઇએ જેમાં વાર્તા સાહિત્યનું વાંચન ધોળ-પદ-સ્તોત્ર બોલવા જોઇએ, જેથી બાળકો પણ તેમાં જોડાય અને સત્સંગની આદત પડે તેમજ મોટાઓ સાથે ધોળ પદ બોલતાં શીખે.

૧૮) જેમ બાળકને સ્કુલનું લેશન ચીવટ પૂર્વક કરાવીએ છીએ તેમ રોજ થોડું થોડું પુષ્ટિ-સ્વરૂપોનું જ્ઞાન, તેમના વિશે જાણકારી આપવી જોઇએ. ગામમાં પાઠશાળા ચાલતી હોય તો ત્યાં બાળકને અવશ્ય મોકલવા જોઇએ.

૧૯) બાળકને ભારરૂપ લાગે તે રીતે પરાણે અભ્યાસ કરાવવો નહીં. બાળક સમજી શકે તે રીતે તેની વય અને સમજણ શક્તિનો વિચાર કરી બાળકને સંપ્રદાયનું પ્રશિક્ષણ આપવું જોઇએ.

૨૦) બહારના ખાનપાનના દુષણ વિશે બાળકને સમજાવવું અને સ્કુલે જતાં પાણી અને નાસ્તો ઘેરથી લઇ જવાનો આગ્રહ રાખવો.

૨૧) બાળકોને અન્ય કોઇ વ્યક્તિ કે વડીલ મળે ત્યારે જયશ્રીકૃષ્ણ કહેવા સમજાવવું.

૨૨) બાળકોને ઇમાનદારી, સાચું બોલવું, વગેરે સદાચારો વિશે સમજાવવું આ માટેના દ્રષ્ટાંતો આપવા અને તેમનામાં સદ્‌ગુણો કેળવાય તે જોવું.

૨૩) બાળકોને ગુરૂદેવના તથા શ્રીઠાકોરજીના ચરણસ્પર્શ - દંડવત કરતાં શીખવવું.

૨૪) ઉત્સવો હોય ત્યારે બાળકોને દર્શન કરવા મંદિરે આગ્રહપૂર્વક લઇ જવા અને તેની મહત્તા વિશે સમજાવવું.

૨૫) શ્રીવલ્લભકુળના બાલકો અથવા ગુરૂદેવ પધારે ત્યારે તેમની સાથે કઇ રીતે વર્તવું કઇ રીતે ઉઠવું-બેસવું ઇત્યાદિ બાબતો શીખવવી.

૨૬) કેટલીક પાયાની વાતો પણ બાળકોને શીખવવી જોઇએ કે કોઇ વસ્તુ મોંમા અધ્ધરથી લેવી, મોંમા હાથ અડ્યા હોય તો હાથ ધોવા જોઇએ, પાણી અધ્ધરથી પીવું જોઇએ નહિંતર પ્યાલો જુઠો થાય ઇત્યાદિ.

૨૭) ઘરની બહાર જતાં માતા-પિતા વડીલોને પગે લાગી જયશ્રીકૃષ્ણ કહેવાની આદત પાડવી જોઇએ.

*

'બુધ્ધિપૂર્વક કરવામાં આવેલા એક પણ મહાપાપનું કોઇ પ્રાયશ્ચિત નથી. માટે જાણી સમજીને ખોટું કામ ન થઇ જાય તેની ખાસ કાળજી રાખવી'.

'જેમ તાવ ઉતરે તેમ અન્નનો સ્વાદ આવે છે. તેમ અજ્ઞાન દૂર થતાં ભગવદ્ રસનો આસ્વાદ પ્રાપ્ત થાય છે'.